
ऐं नमः

श्री शत्रुंजय तीर्थराजाय नमः ।

# પરમાત્મા કે પામરાત્મા




લેખક :

પૂજ્ય તપસ્વી પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી

ગણિવરના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ

શ્રી લલિતવિજયજી મહારાજ

પૂજ્ય સ્વ. આચાર્યશ્રી ભક્તિસૂરીશ્વરજી
મહારાજ સાહેબના પ્રશિષ્ય તપસ્વી
શાંતમૂર્તિ શ્રી હરખવિજયજી
મહારાજ સાહેબના
ચાલુ વર્ષિતપ નિમિત્તે
**સાદર સમર્પણ ભેટ**

ऐं नमः

શ્રી શાંતિનાથાય નમઃ

શ્રી ગૌતમસ્વામિને નમઃ

# પરમાત્મા કે પામરાત્મા

લેખક :

સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ૦ પૂજ્ય મુનિરાજ શ્રી અમીવિજયજી મહારાજ સાહેબના વિદ્વાન વૈયાવચ્ચી શિષ્યરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય ક્ષમાભદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના ગુરૂભ્રાતા પરમવિનયી ભક્તિસંપન્ન તપસ્વી પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજી ગણિવરના શિષ્યરત્ન

**પૂ. મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજ સાહેબ**

વીર સંવત ૨૪૯૬

વિક્રમ સંવત ૨૦૨૬

મૌન એકાદશી

આવૃત્તિ પહેલી


નકલ ૧૦૦૦

પ્રકાશક :
શ્રુતજ્ઞાન અમીધારા જ્ઞાન મંદિર
વ્ય. સંઘવી વાડીલાલ ધુરાભાઈ
રાંધેજા ( જી. અમદાવાદ )

: દ્રવ્ય સહાયક :

અ. સૌ. ચંપાબહેન ચંદુલાલ રાંધેજાવાળાના સ્મરણાર્થે
તેમનાં સુપુત્ર શાહ કાન્તીલાલ ચંદુલાલ તરફથી
પૂ. માણેકવિજયજી મહારાજના વિનયી શિષ્ય
મુનિરાજ શ્રી હિરવિજયજીની પ્રેરણાથી
સપ્રેમ ભેટ

મુદ્રક :
શાહ ગીરધરલાલ ફુલચંદ
સાધના મુદ્રણાલય,
દાણાપીઠ–ભાવનગર



પૂ. સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મ. સા.ના
શિષ્ય પૂ શ્રી માણેકવિજયજી મહારાજના શિષ્ય

## પૂ. શ્રી હિરવિજયજી મહારાજ

જેઓશ્રીને કેટલાંક વર્ષોથી કાયમ માટે મિષ્ટાન્નનો ત્યાગ છે તથા જેઓ મહિનામાં દશથી બાર આયંબીલ અને ત્રણેક કલાક સ્વાધ્યાયમાં રત થઇ સંયમી જીવન જીવી રહ્યા છે.

**દીક્ષા :**
સં. ૨૦૦૩ વૈશાખ વદ ૨
મુ. દુજાણા (રાજસ્થાન)

**વડી દીક્ષા :**
સં. ૨૦૦૪ મહા સુદ ૫
**પાટણ**

# સમર્પણ

જેઓશ્રીએ આધિ, વ્યાધિ અને ઉપાધિના
ત્રિવિધ તાપથી ત્રાસ પામેલા એવા
મને બચાવી
તીર્થંકરો, ચક્રવર્તીઓ
અને
રાજા મહારાજાઓએ સ્વીકારેલી
ભાગવતી પ્રવજ્યાનું પ્રદાન કર્યું
તે
પૂજ્ય ગુરુદેવ પંન્યાસજી મહારાજ
શ્રી ભક્તિવિજયજી ગણિવર્યશ્રીને
સાદર-સમર્પણ.

ચરણકિંકર
લલિતવિજયજીના
કોટિ કોટિ વંદન.

# નિવેદન

લગભગ પાંચેક વર્ષ પૂર્વે મારા જેવા મહાઅજ્ઞાની અને જૈનધર્મના આચારવિચારોથી અપરિચિત, એવા મને જૈનધર્માભિમુખ કરનાર સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયના સાધુઓનો પરિચય થયો, અને હું કુળે જૈન હોવા છતાં, જૈનધર્મના સંસ્કારો મારામાં નહોતા, જો કે મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. ચંદુલાલ લલ્લુભાઇ, તથા સ્વ. મારા પૂજ્ય માતુશ્રી ચંપાબ્હેન, તથા મારાથી નાના બંધુઓમાં જૈનધર્મના સંસ્કાર હતા, તે જોતો હતો. તેમાં ઉપર જણાવ્યા મુજબ સાધુભગવંતોનો પરિચય થયો અને દુધમાં સાકર, સોનામાં સુગંધની જેમ મારા પૂજ્ય કાકાશ્રી કે જેઓ હાલમાં શ્રી હિરવિજયજી મહારાજના શુભ નામથી સંયમી જીવન જીવી રહ્યા છે, જેમનો ફોટો આ પુસ્તકમાં આપેલ છે, તેઓશ્રીની સતત પ્રેરણાથી અમારા ગામના શ્રી સંઘના સાડાચારસોથી પાંચસો માણસને શ્રી સિદ્ધગીરીજી મહાતીર્થની યાત્રાનો લાભ મળ્યો, ઉપરાંત તેઓશ્રીની પ્રેરણાથી સત્કાર્યોમાં યત્કિંચિત્ દ્રવ્ય વ્યય કરી શકયો છું તે પૂજ્ય હિરવિજયજી મ. સા. ના ચરણ કમલમાં કોટી કોટી વંદન કરી વિરમું છું.

શ્રી સંઘ સેવક

**કાંતીલાલ ચંદુલાલ**

ના સવિનય પ્રણામ

# પ્રાસંગિક બે બોલ

**આ** અગાઉ "આદર્શ ત્યાગ"નું નાનું શું પુસ્તક મારે હાથે લખાયું હતું. ત્યાર બાદ ત્રણ વર્ષના ગાળા પછી આ **પરમાત્મા કે અમરઆત્મા** નામનું પુસ્તક પ્રગટ કરતાં મને આનંદ એટલા માટે થાય છે કે જેમની વાણી મને મુંબઈમાં સં. ૧૯૮૫–૮૬ બે વર્ષ સુધી લાલ બાગમાં સાંભળવા મળી, જિનાજ્ઞાગર્ભિત એ વાણીનું અમૃતપાન કરાવી, અમરપંથે જવામાં પ્રેરણા આપનાર પ્રખરવકતા, શાસનપ્રભાવક, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને કદી ભૂલી શકું એમ નથી જ. આ પુસ્તક છપાવવામા ઉદાર દીલે દ્રવ્ય સહાય કરનાર સુશ્રાવક કાંતીલાલ ચંદુલાલ (રાંધેજા) હાલ અમદાવાદ નિવાસીએ હમણાં ત્રણ ચાર વર્ષના ગાળામાં ઘણી સારી રકમ ધર્મ કાર્યમાં ખર્ચેલી છે, જેની નોંધ એ મહાશય પાસે માગેલી, પરંતુ એ ત્રણ વાર પત્ર વ્યવહાર કરતાં સ્પષ્ટ ના પાડી છતાં રાંધેજાથી રેલ્વે મારફત લગભગ પાંચસો શ્રાવક–શ્રાવિકાને પાલીતાણા લાવી શ્રી સિદ્ધગીરીજી મહાતીર્થની યાત્રા કરી, કરાવી પાંચ દિવસ સુધી રોકાઈ યાત્રાળુઓને જોઈતી સગવડ પુરી પાડી, એ મેં પ્રત્યક્ષ અનુભવેલું યાદ હોઈ બીજા ભાવિકોને અનુમોદના કરવાના લાભને દષ્ટિમાં રાખી, એમને પણ એટલા માટે યાદ કરૂં છું કે તેઓશ્રી પોતાના જીવનમાં–ઉત્તરોત્તર ધર્મ કાર્ય કરતા રહે અને આ અસાર સંસાર તરી પાર કરવાનું, એમના જીવનનું ધ્યેય રહે એજ અભિલાષા સાથે ઉપરોકત યાત્રાના પ્રસંગો એમના ભાઈઓ

રમણલાલ, શાંતીલાલ, રસીકલાલ, ચીનુભાઇ, અને જયંતીલાલ અને એ સૌના વૃદ્ધ કાકા મોહનશેઠે, સંઘની ખડે પગે ભક્તિ કરી એ અનુમોદનીય છે. સોનામાં સુગંધની જેમ શ્રીયુત કાંતીભાઇએ શ્રી સિદ્ધગીરી ઉપર પૂર્વે વર્ણવ્યા મુજબ મારા પરમ ઉપકારી પૂજ્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ૦ સા.ના વરદ હસ્તે મારા પૂજ્ય ગુરૂદેવ શ્રીમદ્ પંન્યાસજી શ્રી ભક્તિવિજયજીની હાજરીમાં તીર્થમાળ પહેરી મનુષ્યજન્મ અને શ્રાવક કુળ પામ્યાનો પરમ લ્હાવો લીધો એજ સૌનું કલ્યાણ થાઓ એ અભિલાષાપૂર્વક અંતે એટલું જ કે આ પુસ્તક પ્રગટ કરવાનો આ મારો બાલીશ પ્રયાસ છે, તેમાં ત્રુટીઓ અશુદ્ધિ જે કાંઈ રહી જવા પામી હોય અને જિનેશ્વર ભગવંતોના આશય વિરુદ્ધ–અજ્ઞાનતાથી કાંઈ લખાયું હોય તે બદ્દલ ત્રીવિધે ત્રીવિધે મિચ્છામી દુક્કડં આપી વીરમું છું.

—લલિતવિજયજી

॥ श्री जिनेश्वराय नमः ॥

# પરમાત્મા કે પામરાત્મા

આત્મા એ જ પરમાત્મા છે, એવું આસ્તિક દર્શનકારો બોલે છે, માને પણ છે. તો આત્મા એ જ પરમાત્મા હોવા છતાં, એવા કયા કારણે ? અને કોણે એને **પામર–આત્મા** બનાવ્યો, એ વિષયને સ્પર્શતા પહેલાં **પરમાત્માની** વ્યાખ્યા કરીએ :—

જગતમાં પરમ એટલે શ્રેષ્ઠ ઊંચામાં ઊંચી કોટિનો આત્મા, જેઓએ વિતરાગે કહેલા ધર્મના આચરણથી, ધર્મરૂપી ધનથી ધર્મનો જ વ્યાપાર કરી "પુણ્યાનુબંધી પુણ્યથી" પોતાની મુસાફરી ચાલુ રાખી રહ્યા છે, તે "ઊંચી કોટિના આત્મા" અને ધર્મ દ્વારા જે મેળવ્યા પછી, જેને કાંઈ જ મેળવવાનું બાકી રહ્યું નથી, અને ચારગતિ રૂપી આ સંસારની મુસાફરીનો સદાને માટે અંત લાવેલા છે, તે જ "ઊંચામાં ઊચી કોટિના આત્મા" અર્થાત્ **પરમાત્મા.**

પ્રશ્ન—વિતરાગે કહેલો ધર્મ કેવો હોય ?

ઉત્તર—દુર્ગતિમાં પડતા જીવોને બચાવે (આલંબન આપે) એવો ધર્મ વિતરાગ પરમાત્માએ ઉપદેશ્યો છે.

સંસારમાં દરેક જીવો સુખના અર્થી હોઇ, સુખની પ્રાપ્તિ માટે અનેક પ્રકારની યોજનાઓ ( સ્કીમો ) ઘડે છે અને તે ભુતકાળથી આજ સુધી ચાલુ છે, ભવિષ્યમાં પણ એમ જ ચાલુ રહેવાનું છે, એ જ બતાવે છે કે યોજનાઓ સફળ થઇ નથી, કારણ કે મનઃકલ્પિત અને તર્ક વિતર્કના તરંગોથી એ ઘડાયેલી હોઈ, સફળતા તો દૂર રહી, પરંતુ નિષ્ફળતાનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એટલું જ નહિ, પરંતુ સુખના બદલે દુઃખોના ગંજ ખડકાય છે, અને એ દુઃખોથી જીવો પામર, લાચાર–હતાશ બની જાય છે. પ્રશ્ન એ થાય છે કે—

સુખની પ્રાપ્તિ માટે યોજનાઓ ઘડનારાઓની દૃષ્ટિમાં કયું સુખ છે ? રહેવાને બંગલા, ફરવાને મોટર, ઉડવા વિમાન, સુવાને પલંગ, ફેન્સી વસ્ત્રો, અલંકારો, આધુનીક ઢબનું ફર્નીચર, બાગ–બગીચા, સુંવાળો સ્પર્શ વૈભવો વિગેરેનું સુખ દૃષ્ટિમાં હોય તો તે સુખનાં સાધનો–સ્વાધિન છે કે પરાધિન છે ? અંતરના ઊંડાણમાંથી જવાબ મેળવતાં તે સઘળું પરાધિન છે, અને પરાધિનતા એ જ દુઃખ છે એમ સ્વિકારવું જ પડશે. વળી એ સાધનો હોવા છતાં સુખ જ આપે એવું પણ નથી.

‘ શેરને માથે સવા શેર ’ એ કહેવત મુજબ, પોતાથી બીજા પાસે અધિક હશે તો એની ઇર્ષ્યા, અદેખાઈથી મનમાં બળ્યા કરશે. વળી અધિક મેળવવાનો ઉદ્યમ કરશે, અને ભાગ્યમાં નહિ હોય તો જે થોડું ઘણું હશે તે પણ ગુમાવી હતાશ–પામર બની જશે.

રાવણ, કૌરવો, ધવલ શેઠ એવા અનેક વૈભવશાળીઓ થઇ ગયા. સુખનાં સાધનોના ગંજ ખડકાયા હતાં, પણ એ સાધનોએ સુખ ન આપ્યું એ દિવા જેવી હકીકત છે.

સુખી દેખાવું અને સુખી હોવું એમાં ઘણું જ અંતર છે. છતાં પરાધિન એવાં પણ સુખનાં સાધનો કોને મળે? જેનું પુણ્ય હોય તેને જ ને? જુઓ:

વ્યક્તિ અને વસ્તુ બન્ને હોવા છતાં, તે એને જ મળે કે પુણ્યરૂપી કનેકશન હોય એ ભુલવા જેવું નથી. ઘેર બેઠે લાઈટનો પ્રકાશ, પંખાની હવા, પાણી વગેરે દૂર હોવા છતાં સ્વીચ દબાવવાથી તુર્ત મળી જાય છે, એનું કારણ વચમાં કનેકશન છે. એ ન્યાયે વસ્તુ કરતાં પણ કનેકશનની જરૂરીઆત પર ભાર મુકવો જોઈએ, એક બાજુ દુકાળ છે, સામી બાજુએ સુકાળ છે, વચમાં ઊંડી ગંગા નદી છે માટે એ નદી પાર કરવા માટે પુલોની જરૂરીઆત સ્વિકારાઈ છે, પુલ હોય તો દુકાળને સુકાળમાં ફેરવી શકાય છે, માટે જ યુદ્ધાદિકના પ્રસંગે પુલોનુ રક્ષણ પ્રથમ કરાય છે, એટલે સાબીત થાય છે કે વસ્તુ કરતાં કનેકશનની મહત્તા વધી જાય છે, અને એથી જ ઉપર કહી ગયા તેમ પુણ્યરૂપી કનેકશનનો સ્વિકાર કર્યા સિવાય ચાલે એમ નથી. છતાં વર્તમાનકાળે ખૂબી તો જુઓ–મોટો વર્ગ એવો છે કે જેઓને પુણ્ય અથવા ધર્મની બાબતોમાં સુગ ચડી છે, ધર્મની વાતો કરનારાઓને–જુનવાણી–રૂઢીચુસ્ત સમયને ન પારખનારા કહી ક્રુર મશ્કરીપૂર્વક હસી કાઢે છે, અને પુણ્ય–પાપને માનવા તૈયાર નથી, તો પાપનો ત્યાગ કરવાની વાત જ ક્યાં રહી, કહ્યું છે કે—

"धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवा
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वंति सादरा:"

ધર્મનું ફળ જોઇએ છે પણ ધર્મની જરૂર નથી, પાપનું ફળ જોઇતું નથી પરંતુ આદરપૂર્વક હોંશથી પાપ કરાય છે. જુઓ રોગીને આરોગ્ય જોઇએ છે, પરંતુ ઔષધની જરૂર નથી એવું જ થયુંને ? વળી કેટલાક ધર્મરૂપી ઔષધ, દુઃખરૂપી રોગના નાશ માટે સેવે છે, પરંતુ કુપથ્ય પણ કરે છે, એવાઓ કદી પણ આરોગ્ય પ્રાપ્ત કરી શકે નહિ, વિષય સેવન–આસક્તિ એ જીવલેણ કુપથ્ય છે.

સુખની પ્રાપ્તિ માટેની યોજનાઓ, અખતરાઓ હિંસક હોય તો સુખી થવાય જ નહિ. પૂર્વકૃત પુણ્ય યોગે પ્રારંભમાં કદાચ થોડો લાભ દેખાય, પરંતુ એ લાભ કરતાં અસંખ્ય અનંતગુણી નુકશાની ભવિષ્ય માટે સર્જાય છે, એ ચોક્કસ ભુલવા જેવુ નથી જ.

ભારતીય સંસ્કૃતિએ પોતાના સુખ માટે બીજાના સુખનો ભોગ ના લેવાય, એનો પુરો ખ્યાલ રાખ્યો છે, અને કહેવાતા સુધરેલા પાશ્ચિમાત્યોએ પણ એ ગણત્રી રાખેલી છે, પણ એ ગણત્રી માનવસેવાના નામે માનવ પુરતી રાખેલી છે, એ જ મોટો ભયંકર ગુનો છે. માનવની સેવા નહિ, પણ માનવનું સત્યાનાશ વાળ્યું છે. માનવને સુખી કરવા, માનવેતર જીવોનો નાશ કરવામાં એવાઓ પાપ માનતા નથી–પાપ માનતા નથી એટલે એ પાપ મટી જતું નથી. જમાનાના નામે પાપને પોષવાની પ્રવૃત્તિ ખતરનાક છે. વણમાગી સલાહ આપનારા કેટલાક સ્વાર્થી પેટભરૂઓ અને મહાઅજ્ઞાનીઓ કહે છે કે– 'સમય ઓળખો, જમાના સાથે કદમ મીલાવો,' વગેરે બુદ્ધિહિનો બોલે છે. એના સામે તત્વચિંતકોનો જવાબ છે કે આંધળી દોટ મૂકનારો, ઊંડા ખાડામાં પડનારો અને પાડનારો સમયજ્ઞ નથી જ, પરંતુ ભુતકાળને (તાત્ત્વિક દૃષ્ટિ ધરાવનારા-

ઓના કથનને ) સ્મરણમાં રાખી, બુદ્ધિપૂર્વક સંપૂર્ણ વિચાર કરી, ભવિષ્યના જન્મને મુદ્દલ હાનિ સ્વ–પરને પહોંચે નહિ, એવું વર્તન કરનારો અને બીજાઓને એવા સુંદર વર્તન કરવાનો ઉપદેશ આપનારો એ જ સાચા અર્થમાં સમયજ્ઞ છે. લોક હેરી અને જમાનાના પ્રવાહમાં તણાનારાઓને, મુર્ખાઓ સમયજ્ઞ કહે એની કાંઈ જ કિંમત નથી. મહાપુરૂષોની યોજનાઓ એવી ઘડાયેલી છે કે માનવ માનવેતર સૌ જીવો સુખી થાય એમાં શંકાને સ્થાન નથી.

આજકાલ તો છાશવારે છાશવારે યોજનાઓ બદલાય છે. આમાં ન ફાવ્યા, એટલે આ, એમ વારંવાર યોજનાઓ બદલવી પડે છે. એનું કારણ ભારોભાર અજ્ઞાન છે. અજ્ઞાન હોવા છતાં પોતાને મહાજ્ઞાની માને છે, ફાંકો રાખે છે, અમે જ જાણીએ છીએ, તમોને શું ખબર પડે? એમ સનેપાતીઆની જેમ બકે છે. આપણી મૂળ વાત તો એ છે કે, પરમાત્મા જેવા આપણને આ સંસારના સુખના રાગે પામર બનાવ્યા છે, તો પામર આત્મા એવા આપણને પરમાત્મા બનવું હોય તો સંસારમાં રાજા–મહારાજા, ચક્રવર્તી, સ્વર્ગના દેવો એ બધા રાગની રામાયણથી અન્ય જન્મોમાં, અરે આ જન્મમાં પણ પામર, લાચાર, દીન, હતાશ બની રીબાઈ રહ્યા છે. તે શાથી? સુખના રાગથી, માટે રાગનો ત્યાગ એ જ ઉપાય છે.

યોજનાઓ રાગની અને રાગને પોષનારી હોય નહિ. પરંતુ ત્યાગની અને ત્યાગને પોષનારી હોય તો જ તે પામરાત્મા મટાડી, પરમાત્મા પદે લઇ જનારી છે, એમાં શંકા નથી જ.

સંસારમાં દુઃખ તો ખરાબ વસ્તુ છે, એ બધા માને છે અને દુઃખને ટાળવા બધાએ લોકો પ્રવૃત્તિ કરે પણ છે, પરંતુ

આ દુઃખ અને દુઃખની પરંપરા સર્જનાર સુખનો રાગ છે એવું વિરલા સમજે છે, અને એ સમજેલા જ સુખને લાત મારી શકે છે. જીવનો શત્રુ બીજો કોઈ નથી પણ સુખ એ જ મોટો શત્રુ છે, આમ તો સુખ અને સુખનાં સાધનો પણ આપણું કાંઈ જ બગાડી શકતા નથી, બગાડવા સમર્થ નથી, કારણ કે એ જડ છે. પરંતુ એ સુખના ઉપરના રાગે આસક્તિએ જ ચેતન એવા આત્માને જડ જેવો બનાવી દીધો છે. કહ્યું છે કેઃ—

"यस्मिन् कृते कर्मणि सौख्य लेशो
दुःखानुं बंधस्य तथास्ति नान्तः
मनोभितापो मरणं हि यावत्
मुखोऽपि कुर्यात् खलु तन्न धर्मः"

જે યોજનાઓથી સુખનો તો અંશ, અને દુઃખોની પરંપરા ઢગલાબંધ ખડકાયેલી જાણવા અનુભવવા છતાં, મુર્ખ—દુઃખના નાશ અને કાયમી સુખની પ્રાપ્તિ માટે અકસીર ઉપાય કહો કે યોજના કહો, તે ધર્મરૂપી યોજનાઓનો (જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલી) સ્વિકાર કરતો નથી એ ખરેખર નવાઈ જેવું છે. માનો કે ભૌક્તિક સુખની યોજનાઓ ઘડાઈ, અને સુખનાં સાધનોના ઢગલા ભેગા કર્યા, પણ એથી સુખ મળી ગયું એમ માનવું એ મુર્ખાઈ છે, ભારોભાર અજ્ઞાન છે. કારણ કે એ મળ્યા પછી રક્ષણ કરવાની યોજના કરવી પડે, એ પણ પહેરેગીર ચોકીદાર ગુરખા રોકવાની યોજના કરશો છતાં એ રક્ષણ કરનારા દગો તો નહિ દે ને? એ ચિંતાની હોળી—બળતરા પાછી ઊભી જ છે.

રાવણના સમયમાં એના જેવો સુખી, બળવાન, સત્તાવાન બીજો કોઈ નહોતો. સોનાની લંકા, બીભિષણ, કુંભકર્ણ, જેવા

જખ્ખર ભાઈ, ઇંદ્રજિત મેઘવાહન જેવા બળવાન પરાક્રમી પુત્રો, મંદોદરી સતી પટરાણી અને અપ્સરાતુલ્ય હજારો રાણીઓ હતી, રાવણ આંખ ઊંચી કરે એટલામાં ધરતીને ધ્રુજાવી મૂકે એવું સૈન્ય, છે કાંઈ ખામી? આવો વૈભવશાળી પણ અધિક રૂપવંતી સીતાજીના રૂપમાં પતંગીઓ બન્યો. બધો વૈભવ સ્વાધિન હતો. છતાં માનસિક પિડા શાની? વિષયસુખના રાગની ઉત્પન્ન થઈ, ચિંતાની હોળી પ્રગટી—રાવણ પામર બની ગયો, પાગલ જેવો થઇ કરગરવા લાગ્યો, સીતાજી એના સામું પણ ના જુવે, કાળમુખા દૂર જા વિગેરે અપમાન તિરસ્કારનાં વચનો સાંભળવા પડે અને બધું સહન કરે શાથી? વિષયસુખના રાગથી જ ને ભવિષ્યમાં પરમાત્મા થનારો આજે પામર પાગલ જેવો બની ગયો.

"વિષય વિલુદ્ધા પ્રાણી—કરે સંપત્ત હાણી"
રાવણ નમે સીતાના પાય રે...........

કોઈને નહિ નમનારો, અભિમાનનું પુતળું, એવો રાવણ વિષય સુખના રાગથી સર્વસ્વ ગુમાવી બેઠો માટે રાગ ખરાબ છે.

કૌશાંબીનો અબજોપતિ, પાંચસો વહાણનો ધણી, ધવળ શેઠ મહાત્મા શ્રીપાળકુંવરની ઋદ્ધિ અને એની બંને રાણીઓ ઉપરના રાગથી (ઋદ્ધિની ઇર્ષ્યા અને રાણીઓના રૂપથી) સાતમી નરકે ગયો કોણે મોકલ્યો? અર્થ અને કામના રાગે જ ને?

જગત આજે અર્થ અને કામની પાછળ પડયું છે ગમે તેમ કરી હિસક યોજનાઓથી અર્થ મેળવવો, અને એ અર્થ (લક્ષ્મી) મળ્યા પછી ભોગાસક્ત બની દુર્ગતિમાં જવું, દુર્ગતિનાં દુઃખો કોણે જોયાં છે? એમ બકવાટ કરવો સહેલો છે. પણ એ દુઃખો આવી પડે ત્યારે સહન કરવાં મુશ્કેલ છે. અહિંયા પણ

આંખો અને હૈયું હોય તો જોઇ શકાય છે. કરોડપતિને બધું જ છે, અર્થ અને કામના ઢગલા છે પરંતુ ક્ષણવારમાં બોબડી બંધ થઈ જાય છે, શરીરે અસહ્ય વેદના થાય છે, ચીસો ઉપર ચીસો પાડે છે, પણ બોલી શકાતું નથી. એની મુંઝવણની કલ્પના તો કરી જુઓ. તીવ્ર પાપોદય જાગે ત્યારે અકસ્માત આવું બને એમાં નવાઇ નથી.

આપણે કહી ગયા તેમ સુખના રાગે જીવો તીવ્ર પાપ કરે છે, અને એ ઉદયમાં આવે ત્યારે ધન, સ્ત્રી, નોકર, પુત્રો, વૈદ્ય, ડોકટરો મિત્રો કાંઈ જ કરી શકતા નથી. વેદના ભોગવનારો પામર બની ગયો. સ્ત્રી–પરિવાર પણ પામર બની ગયા કારણ કે વેદના શાંત કરવા એ સંબંધીઓ સમર્થ નથી લાચાર છે, માટે જ આખું જગત પામર છે.

એ પામરાત્માપણું ખટકે તેને જ પરમાત્મા બનવાની ઇચ્છા થાય, ખટકયું એવાઓ પુરૂષાર્થ કરી પરમાત્મા બન્યા છે.

હિંસક યોજનાઓ, કતલખાનાઓ દ્વારા એ વિકાસ નહિ પણ વિનાશ સર્જાય છે. મુંગા પ્રાણીઓને વાચા હોત તો શું કહેત? એનો જવાબ કતલ કરનારા–કરાવનારા પોતે પોતાને પુછે, હૈયું હશે તો જવાબ મળશે. માની લો કે તમો કોઇ ગુંડાઓના હાથમાં સપડાયા હો, સામે ખૂલ્લી છરી હોય તો તમોને શું થાય? એવે અવસરે ભાઈ બધું લઇ લે, મને જીવતો છોડ એ જ કહો કે કાંઈ બીજું કહો? ટુંકામાં સ્ત્રી કુટુંબપરિવાર ધનદોલત ત્યાં સુધી વ્હાલું, કે જ્યાં સુધી જીવ ઉપર આપત્તિ આવી નથી, જે જીવોનો આપણા સુખના માટે નાશ કરીએ, તો તે નાશ થનારા જીવો ભવિષ્યમાં આપણો નાશ કેમ નહિ કરે? એ જીવો આપણો નાશ નહિ કરે તો

પણ આપણા નાશનું રૂપક બીજું હશે એ ભુલવા જેવું નથી. કરેલું પાપ જ્યારે ઉદયમાં આવે ત્યારે-રેલ્વે અકસ્માત-મોટરનો એકસીડંટ, વીમાન હોનારત, પાણીની રેલ-ધરતીકંપ અણુબોંબ વગેરે મહાભયો મોજુદ છે. અબજોના ખર્ચે અને ભગીરથ પુરૂષાર્થ કરીને જે કાંઇ સર્જન કર્યું હશે તેને વર્ષો લાગ્યાં હશે, એ સર્જનને એક સેકન્ડમાં વિસર્જન (નષ્ટ) કરવાની કોઈ અદૃશ્ય શક્તિ કામ કરતી હોય છે એ ભુલવા જેવું નથી. એ અદૃશ્ય શક્તિને કોઈ કુદરતનો કોપ, તો કોઈ બીજું જ કહેશે, જ્યારે તત્ત્વજ્ઞો એને કર્મસત્તા જ કહેશે, અને એ વાત તદ્દન સાચી છે. જે કર્મસત્તાએ રામને, પાંડવોને, નળરાજાને વનવાસ અપાવ્યો, સતી સીતાજી, દમયંતી, અંજના સતી વગેરેને મહા કષ્ટો આપ્યાં, દ્રૌપદી આદિ મહાસતીઓની કેવી દશા કરી તે શાસ્ત્રોમાં છે. વર્તમાનકાળે પણ નિઝામ-ગાયકવાડ જેવા રાજવીઓને ઉઠાડી મુકયા એ કર્મ-સત્તા સૌ કોઇ ઉપર સત્તા ચલાવી રહેલી છે. અને એ કર્મ-સત્તાએ જ જીવોને પામર-લાચાર-દીન બનાવી મુકયા છે. કર્મના પ્રકાર મુખ્યતાએ બે છે. પૂણ્યકર્મ અને પાપકર્મ. જેને શુભાશુભ કર્મ આપણે કહીએ છીએ. શુભનું ફળ વિનાશી સંસારનું વિનાશી સુખ, અશુભનું ફળ સંસારમાં દુઃખ આપે છે. કર્મનો કર્તા જીવ છે, ભોક્તા પણ જીવ છે, શુભકર્મ થોડું સુખ આપી રાગાસક્ત બનાવી નરકાદિ દુર્ગતિમાં જીવને પટકે છે. પટકે છે એટલા માટે કહેવાય છે કે જાતે દુર્ગતિમાં જવું નથી, પરંતુ કર્મસત્તાથી પરતંત્ર બનેલો જીવ લાચાર પામર હોઇ અનિચ્છાએ જવું પડે છે. પોતાની પસંદગીથી જન્મ લેવાનો હોય તો ગર્ભમાં ઊંધા માથે લટકવા અને જ્યાં અસહ્ય દુર્ગંધ છે, ત્યાં નવ નવ માસ સુધી રહેવાનું કોણ પસંદ કરે? કોઈ જ નહિ માટે જ જ્ઞાનીઓ કહે છે

જન્મવું પરાધિનપણે, જીવવાનું પણ જેમ તેમ પરાધિનપણે, અને મરવાનું પણ પરાધિનપણે. શુભ કર્મના યોગે પૂણ્યથી અહીં તમામ વાતની ફાવટ આવી જાય અને કાયમ રહેવાનું મન પણ થાય, છતાં અનિચ્છાએ મરવું જ પડે એ પામરતા જીવોને ખટકતી નથી પરમાત્મસ્વરૂપ એવા અમે આમ પામર રહેવાને શું સર્જાયા છીએ? હરગીઝ નહિ, આવો જ્યારે અંતઃકરણમાંથી અવાજ આવશે ત્યારે પામરાત્મા શાથી? એનો ખ્યાલ આવશે અને એના કારણભૂત સંસાર સુખોનો રાગજ પામર બનાવનાર છે, એવું ખરેખર ભાન થશે ત્યારે રાગનો નાશ કરવા જીવ કમર કસશે. રાગનો નાશ કરવાનું નક્કી કરશે ત્યારે રાગ કરાવનારા સાધનો લક્ષ્મી સ્ત્રી આદિ–દુઃખનાં કારણોનો ત્યાગ કરવાની ભાવના થશે, માન્યતા–દૃષ્ટિ ફરી જશે. જેને સુખનાં સાધનો માનતો હતો તે સુખનાં નહિ પણ દુઃખના સાધનો છે એવી દૃષ્ટિને જ્ઞાનીઓ તત્ત્વદૃષ્ટિ કહે છે.

આગળ કહી ગયા તેમ રામચંદ્રજી, સતી સીતાજી, નળરાજા, દમયંતી સતી, અંજના, દ્રૌપદી, પાંડવો આદિ મહાપુરૂષો જગતના આભુષણ રૂપ થઇ ગયા. સવારમાં જેઓના નામ લેવાથી પણ શ્રદ્ધાળુ આત્મા પાવન બને છે. તેઓએ તે જન્મમાં ઊંચી કોટીનું જીવન જીવી જગતને આદર્શરૂપ થવાનું કારણ આપ્યું. એવા આદર્શ સત્પુરૂષો, સન્નારીઓને દુઃખ કેમ આવ્યા? કારણ સ્પષ્ટ છે. આ જગતમાં જીવ અનાદિકાળથી કર્મના સંજોગે પરવશ થઈ સંસારમાં પરિભ્રમણ કરે છે અને અનંતકાળે મહાદુર્લભ માનવ જન્મ પામે છે. સાથે આર્યદેશાદિ ઊચી કોટીની સામગ્રી પણ પામે છે. તેમાં સાવધ રહે તો જ ઉત્તરોત્તર ધર્મ આરાધના દ્વારા સંસારમાં પણ ગણાતા ઉત્તમ સુખો મેળવવા છતાં અંતે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. પણ

સુખોમાં આસક્ત બની ગાફેલ થાય તો પાછો એકેન્દ્રીયાદિ ગતિઓમાં ફેંકાઇ જાય છે. જેમ પવનના ઝપાટાથી રૂનું પુમડું, ઘાસનું તણખલું ઊંચે પર્વત ઉપર અથવા બહુ ઊંડા ખાડામાં ફેંકાઇ જાય છે, તેમ આપણા જીવને માટે પણ સમજવું. એટલે રામ પાંડવો આદિએ ઉપર કહ્યા મુજબ પાછલા (પૂર્વના ભવોમાં) ભવોમાં અશુભ કર્મના ફોરવર્ડ સોદા કરી તે તે અશુભ કર્મના ફળ રૂપ વનવાસાદિ દુઃખો સહન કરવાં પડ્યાં અને શુભ કાર્યો કરેલાં તેના પ્રતાપે સંસારમાં સુખની સામગ્રી પામ્યા. સુખમાં ખૂબ જાગ્રત રહ્યા, દુઃખમાં જરા પણ મુંઝાણા નહિ. નફાનો માલ લેવો, નુકશાનીમાં ના પાડવી એ ડહાપણ નથી. પુણ્યોદય લહેરથી ભોગવવું, અને પાપોદયે મોઢું બગાડવું, હડસેલવું, આનાકાની કરવી એ કર્મ સત્તા આગળ ચાલે એમ નથી જ. એટલે જ જ્ઞાનીઓ ભૂતકાળના અશુભ કર્મના વર્તમાનમાં ઉદય વખતે મુંઝાતા નથી, હર્ષથી દુઃખને વધાવે છે. જગતનો વ્યવહાર પણ બતાવે છે કે લહેણદાર લહેણું વસુલ કરવા દેણનારને ત્યાં જાય છે, દેવું ન કર્યું હોય ત્યાં કોઇ જતું નથી. એ ન્યાયે પાપો કરી અશુભ કર્મ ઉપાર્જન કર્યું હોય, તે ઉદયમાં આવે ત્યારે ભોગવતાં આવડે તો આવેલું દુઃખ જાય, અને નવું અશુભ બંધાય નહિ, એટલું જ નહિ પણ સદ્વિચારો, સદ્ભાવનાઓ દ્વારા શુભ કર્મનો બંધ થાય અને વિશિષ્ટ પ્રકારની આરાધનાથી શુભાશુભ કર્મનો ક્ષય થાય, અંતે કેવળજ્ઞાન અને મુક્તિ-પદને પામી ભુતકાળનો પામર આત્મા—પરમાત્મા થાય એમાં નવાઈ નથી.

જૈન શાસનનું રહસ્ય એ છે કે-શુભાશુભ કર્મને ક્ષયોપમ ભાવથી જીવો ભોગવે અને ક્ષાયિકભાવને પામે.

મહાસતી ચંદનબાળા, ખંધક મુની, મેતારજ મુની, ગજસુકુમાળ આદિને અશુભ કર્મો ઉદયમાં આવ્યાં તે ભોગવતાં આવડ્યાં તો તે ગયાં, સત્તામાં હતાં તે ઉદિરણાથી કાઢ્યાં અને પરમાત્મદશાને પ્રાપ્ત કરનારાં બન્યાં. તેમ પૃથ્વીચંદ્ર, ગુણસાગર, ભરત મહારાજા આદિ અનેક મહાસુખી આત્માઓને વૈભવ મળ્યો, તે ભોગવતાં આવડ્યાં તો કર્મનો ક્ષય કરી પરમાત્મા બન્યા. સુખ અને દુઃખ ભોગવતાં આવડવાની કળા જેણે પ્રાપ્ત કરી તે જ વિદ્વાન શૂરવીર જ્ઞાની કહેવાય.

માટે જ ઉપર કહ્યા મુજબ, દુઃખ તો બધાને ખરાબ લાગે છે–ભુંડુ લાગે છે, જ્યારે તત્ત્વદૃષ્ટિ ધરાવનારાઓને સંસારનું સુખ ભુંડુ લાગે છે, કારણ કે જીવને સુખ જ પાગલ–પામર બનાવે છે.

લક્ષ્મી અનર્થનું કારણ સમજી મહાપુરુષો એના ત્યાગની યોજનાઓ ઘડે છે. પ્રભુ ભક્તિ, ગુરૂસેવા, વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ, અનુકંપા, શાસન પ્રભાવના આદિ શુભ કાર્યોમાં ખર્ચે છે. જીવોએ સુખી થવા માટે એ જ યોજનાઓ અપનાવવી જોઇએ. ખાસ ધ્યાનમાં રાખવું કે લક્ષ્મી રાખી રહેતી નથી કાઢી જતી નથી. જેમ જીવ જીવવા કે મરવા સ્વાધિન નથી તેમ લક્ષ્મી મેળવવા, ટકાવવા, ભોગવવામાં પણ જીવ સ્વાધિન નથી. પુણ્યરૂપી કનેકશન હોય તો જ મેળવાય, પરંતુ ભોગવવાનું પુણ્ય ન હોય તો મળેલી ભોગવી શકાય નહિ.

" કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય જબ આવે;
રોગી પરવશ અન્ન અરૂચી, ઉત્તમ ધાન્ય ના ભાવે.
ભુલ્યો બાજી૦ "

આઠ કર્મો પૈકીનું એક અંતરાય કર્મ એવું છે કે, લાભાંતરાયના ક્ષયોપશમે લક્ષ્મીનો લાભ થાય, પરંતુ દાનાંતરાય

અને ભોગાંતરાય બાંધ્યું હોય, તો ન દાન આપી શકાય કે ન ભોગવી શકાય. લાભાંતર તૂટ્યો હોય ત્યારે અણધાર્યા લાભો મળે, રાજી થાય, આનંદમાં ગરકાવ થાય, પરંતુ દાનાંતરાયના ઉદયથી દાન આપી શકાય નહિ એનું દુઃખ હોતું નથી, એવા માણસો ભવિષ્યમાં લાભાંતરાય કર્મને જોરદાર બનાવે છે. અને ભવિષ્યના જન્મમાં એ ઉદયમાં આવે ત્યારે, ભીખ માગતાં પણ પેટપુરૂં પામી શકતા નથી.

સુખ અને સત્તાનો ભુખ્યો કયું પાપ ન કરે તે કહેવાય નહિ. ભુખ જ એવી છે કે સારા શ્રીમંત ગણાતાને અવસરે પામર બનાવે છે. જોવા જઇએ તો આ જગતમાં લગભગ બધા ભુખ્યા હોઈ કોણ કોની ભુખ ભાંગે એ પ્રશ્ન છે. ભુખના અનેક પ્રકાર છે. ધનભુખ્યા, ધાન્યભુખ્યા, માનભુખ્યા, પ્રશંસાભુખ્યા, કીર્તિભુખ્યા, સત્તાભુખ્યા વગેરે ભુખના પ્રકારો છે. એ ભુખ અવસરે રાંક પામર બનાવે છે. ધનભુખ્યા ધન મેળવવા ધન-વાનને હાથ જોડે છે, ધનવાન અપમાન કરે તો સહન કરી લે છે, સાહેબ મારા સામું જુવો એમ પગે પડી પગચંપી પણ કરે છે, છતાં નિર્ભાગીને ધન મળતું નથી. જે ધનવાનો છે એમને પણ ચાલ્યું ન જાય, ચોરી ન થઇ જાય, આગમાં ખલાસ ન થઇ જાય, સરકાર લુટી ના લે એવી અનેક ચિંતાઓ એના કાળજાને કોરી ખાય છે. આ તો ધનવાન અને ધન-ભુખ્યાની વાત થઇ. તેમ ધાન્યભુખ્યા પેટને માટે અમને ખાવા આપો, અમારા પર દયા કરો, ત્રણ દિવસથી ખાધું નથી, ભગવાન તમારૂં ભલું કરશે વગેરે દીનતા લાચારી દશામાં દિવસો ગુજારે છે. માનભુખ્યાને માન ન મળે તો જોયું લોકોને કદર જ નથી, આટલું ખર્ચ્યું, અમુક સારૂં કામ કર્યું પરંતુ લોકો જ એવા છે કે એની કાંઈ જ કિંમત કરી શકતા નથી.

આવું આવું માનભુખ્યાને થાય છે, તેમ સત્તાભુખ્યા મોટા ગણાતા પ્રધાનો પણ ચુંટણી વખતે અમને વોટ આપો, એમ મતદારો પાસે વોટની ભીખ માગે છે, સત્તા ટકાવવા અનેક પ્રકારની ખટપટો કાવાદાવા, કાવતરાં રચે છે. આ બધા જગતમાં ભુખ્યા લોકો બીજાનો ઉદ્ધાર કરવાની વાયડી વાતો કરે છે, સેવાનો સ્વાંગ સજી સ્વાર્થસાધુઓ, મતદારોનું ગમે તે થાય આપણું તો કામ થાય છે ને? એમ સમજી મલકાતા હોય છે.

આ જગતમાં એક જિનેશ્વરદેવો જ એવા ઉત્તમ આત્માઓ હોય છે કે એમને ધન, ધાન્ય, કીર્તિ, સત્તા, પ્રશંસા આદિની કાંઈજ ભુખ નથી, એમના શરણે જનારને દુન્યવી ઉપર કહ્યા મુજબની તમામ ભુખ નાશ પામે છે.

પરમ આત્મા પરમાત્માને શરણે જવાથી, પામરાત્મા–પરમાત્મા બને છે. શરણે જવું એટલે એમણે કહેલી આજ્ઞાનું પાલન કરવું, સંપૂર્ણ પાલન શકય ના બને તો યથાશક્તિ પાલન નિરાશંસ ભાવે કરવું, સંપૂર્ણ પાલન કર્યા સિવાય મારો ઉદ્ધાર નથી એવું માનવું, એવી શ્રદ્ધા રાખી હે પ્રભુ! આપના જેવો જગતમાં બીજો કોઈપણ મહાન નથી, આપે કેવળજ્ઞાન પામી શાસન સ્થાપ્યું, તે અમારા જેવા પામરોના એકાંતે ઉદ્ધાર માટે જ છે, એ શંકા વગરની વાત છે, એવા દૃઢ વિશ્વાસને સમ્યગ્ દર્શન કહેવાય છે.

સમ્યગ્ દર્શન પામ્યા પછી જે પુરૂષાર્થ થાય છે, તે જ સાચો પુરૂષાર્થ છે, તે મોક્ષ સુધી સાથે રહે છે. મોક્ષ ન પમાય ત્યાં સુધી સમકિતી આત્માને ધર્મની સામગ્રીવાળો જન્મ મળે છે. માટે જ જૈન શાસનમાં સમ્યગ્દર્શન વગરનું સાધુપણું કે

દેશવિરતીપણું અથવા પ્રભુ પૂજા, સામાયિક આદિ સંસારમાં ભટકાવનાર છે

સમકિતી આત્માને સમ્યક્ત્વ થતાં જ સંસાર ખારો લાગે છે, વિષયો ભુંડા લાગે છે, કષાયો ચોર લુંટારા લાગે છે. અનાદિકાલીન આહાર, મૈથુન, પરિગ્રહ અને ભય એ ચારે સંજ્ઞાને વશ બનેલો આત્મા એમાંથી છુટવા મથે છે, છુટવા પ્રયત્નો કરતાં જો ભાનભુલો બને તો સમ્યક્ત્વ ચાલ્યું પણ જાય છે.

આહાર સંજ્ઞાને કાબુમાં રાખવા તપનો ઉપદેશ કરેલો છે. પરંતુ તપનું પરિણામ પેદા થવું કઠીન છે. તપ કરાશે પરંતુ રસના ઉપર કાબુ નહિ હોય તો પારણા ઉત્તર પારણામાં ઇષ્ટ અનિષ્ટની પંચાતમાં પડી ખાધાના રાગને પોષવાનું જ કામ કરશે. પોતે માને છે કે હું તપકર્મ નિર્જરા માટે કરૂં છું, પરંતુ નિર્જરાને બદલે ચીકણાં કર્મ બાંધુ છું એવો ખ્યાલ નિરંતર સાવધ રહે તો જ આવે છે, પણ ખાવા બેઠો એટલે ઇષ્ટ વસ્તુ પ્રત્યે રાગ, અનિષ્ટ પ્રત્યે દ્વેષ થાય તો એ તપ કરવા છતાં કર્મબંધનું કારણ જરૂર થાય છે. રાગ, દ્વેષ, ઈષ્ટ, અનિષ્ટ પ્રત્યે ના થાય, એ તપકર્મ નિર્જરાનું કારણ બને છે, માટે જ તપ સહેલો નથી. બીજી સંજ્ઞા મૈથુનની છે, એના નાશ માટે શીલ કહ્યું છે. શીલના પરિણામ ન આવે અને શીલ પાળે, તો ચક્રવર્તીના ઘોડા પણ મરીને સ્વર્ગનાં સુખ ભોગવે છે. એ ઘોડા મૈથુન સેવતા નથી, સેવતા નથી એટલે ઈચ્છાથી નહિ, પરંતુ ચક્રવર્તીને બેસવાના ઘોડા હોઈ એને મૈથુન સેવવા દેતા નથી, એટલે અનિચ્છાએ પણ શીલ પળાવાય છે. તેમ જીવો પણ શીલ પાળવાના મર્મને સમજી, શીલના પરિણામને પામે તો એને મૈથુન સેવન એ અનિષ્ટ લાગે છે. બાકી શીલ

પાળવાથી ચક્રવર્તી વાસુદેવ દેવગતિમાં વિષય સેવન સુખેથી ભોગવી શકાય એ હેતુ હશે તો મૈથુન સંજ્ઞાને જ દૃઢ કરી ગણાશે. એ શીલ પાળવા છતાં સંસારમાં ભટકવાનું થશે. ત્રીજી સંજ્ઞા પરિગ્રહ નામની છે. એના નાશ માટે દાન કહ્યું છે. દાન આપનારને લક્ષ્મી મળે છે એ વાત સાચી, પરંતુ લક્ષ્મી મેળવવા દાન આપવું એ દાન ધર્મ નથી પરંતુ સોદો છે. માટે દાનના પરિણામને પામી, મેળવવા નહિ, એ ખરાબ છે માટે જોઈએ નહિ. પરિગ્રહ એ અઢાર પાપ સ્થાનકમાંનુ પાંચમું પાપ સ્થાનક છે. એ પાપના (પરિગ્રહ સંજ્ઞાના) નાશ માટે દાન આપવું, એ ધર્મ છે. બાકી તો ધર્મ કરવા છતાં એ અધર્મની કોટીમાં જાય છે. ચોથી ભય સંજ્ઞા કહી છે. ભયના નાશ માટે—જ્યાં સુધી મારૂં જીવન બીજાને ભય રૂપ છે ત્યાં સુધી હું ભયમુક્ત બની શકું જ નહિ. આવો ભાવ પેદા થાય ત્યારે જે વર્તન થાશે તે મોક્ષને પમાડનારૂં જરૂર હશે. માટે—આહાર, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાથી જ જીવોને ભય સંસારમાં ચાલુ છે. અશાંતી છે, શાંતી નથી, સુખ નથી, દાન શીલ તપના પ્રભાવે સ્વર્ગાદિકનાં સુખો મળશે પણ પછીના ભવોમાં ડાટ વળી જશે. જેટલા સુખો ભોગવ્યાં હશે, તેનાથી અસંખ્ય અનંતગુણાં દુઃખો નરકાદિક ગતિમાં ભોગવવાં પડશે એમાં શંકા નથી જ.

ધર્મનું કોઈ પણ અનુષ્ટાન મોક્ષના હેતુથી થાય તો જ મોક્ષની પ્રાપ્તિ કહી છે, અમે મોક્ષના હેતુથી કરીએ છીએ એ બોલવું બહુજ સહેલું છે, પણ અસ્થી મજ્જા (આત્મા સાથે ઓતપ્રોત) મોક્ષ જ યાદ આવે એ સહેલું નથી, કઠીન છે, અત્યંત કઠીન છે. મોઢામાં મોક્ષ અને હૈયામાં ચારે સંજ્ઞાઓને પોષવાની ભાવના હોય, થતી હોય તો મોક્ષ કદી નહિ મળે એ ચોક્કસ દીવા જેવું છે.

જે વસ્તુ હૈયામાં રમી રહી હોય, તેને પ્રાપ્ત કરવા જીવ કેટલું આકરૂં સહન કરે છે, કષ્ટ ભોગવે છે. એ કષ્ટને કષ્ટ માનતા નથી, સાકર અથવા સોપારીની ગુણ ઊંચકીને મુંબઇ જેવા શહેરમાં પાંચ સાત મજલે ચડાવનાર પણ માણસો છે ને? એ કષ્ટ છે કે નહિ? હોવા છતાં હૈયામાં પૈસો રમી રહ્યો છે. બે પાંચ રૂપીઆ મળવાના છે એટલે કષ્ટ હોવા છતાં લાગતું નથી. પાલીતાણામાં રમતા હસતા ડોળીવાળાઓ માણસને ઊંચકી ઉપર ચડે છે તે શું કષ્ટ નથી? છે જ. પણ હૈયામાં પૈસા મળવાના છે એવું ભાન હોવાથી કષ્ટની દરકાર નથી. ઉલટું ડોળીમાં બેસનાર ના મળે તો નિરાશ થાય છે; હતાશ થાય છે. કષ્ટ વેપારીઓ ભર ઉનાળા-શીયાળામાં પૈસા માટે ઓછું વેઠે છે? ઘણું વેઠે છે પણ હૈયામાં પૈસો હોવાથી બધું ભુલી જવાય છે, લક્ષ્મી માટે અપમાન તિરસ્કાર સહન કરે છે, હડધુત થાય છે એ હકીકત છે; તો મોક્ષ હૈયામાં રમતું હોય તો એ મેળવવા ઉપસર્ગો પરિસહો સહન કરવા કેમ વાંધો આવે? પણ ખરી વસ્તુ એ છે કે મોક્ષ મોઢામાં બોલવા પૂરતું છે, હૈયામાં એનો સ્પર્શ પણ નથી. કોઈ વિરલા ગણ્યા ગાંઠ્યા એજ હસતે મોઢે મોક્ષના ધ્યેયને લક્ષમાં રાખી, સાધુજીવનમાં ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, માન, સન્માન વિગેરેમાં દોષોથી કેમ બચાય? એવું વિચારતા હશે. બીજાને ઉપદેશ ત્યાગનો આપવો સહેલો છે, પરંતુ ઉપદેશક પોતે જો વર્તનમાં ન મૂકે અથવા ન મૂકવાનું હૈયામાં દુઃખ ના હોય તો સાંભળનાર યોગ્ય હશે તો સાંભળનારને લાભ થશે, પરંતુ ઉપદેશકને તો ભવિષ્યમાં રોવાનું, રઝળવાનું જ રહ્યું.

આજે બોલવા અને લેખક તરીકે બહાર આવવાના મનોરથવાળા મળશે, પરંતુ વર્તનમાં મૂકનારા વિરલા હશે.

ફા. ૨ ૫. ૫ા.

અરિહંતો દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન થાય ત્યાં સુધી પ્રાયે મૌન રહે છે, કેવળજ્ઞાન થયા પછી જ ઉપદેશ આપે છે. કારણ કે જગતને જે કાંઈ પોતે કહેવાનું છે તે જીવનમાં ઉતારી, ખાવા–પીવા વિગેરેમાં બહુ જ સાવધ રહી, પોતાનું અંધારૂ સદંતર દૂર થયા પછી અંતર પ્રકાશ ( કેવલજ્ઞાન ) પામ્યા પછી જ બોલે છે ( ઉપદેશ આપે છે ).

સંપૂર્ણ જ્ઞાનને વરેલા અરિહંત ભગવંતોએ જૈન શાસનની સ્થાપના કરેલ છે. એ શાસનની છાયામાં, ચતુર્વિધ સંઘ ( સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા )નો સમાવેશ થાય છે. એ આખાએ સંઘમાં કેવળ મોક્ષના અર્થીઓ હોય તે પ્રવેશ પામે છે, શાસનનું બંધારણ હોય છે. તે બંધારણથી વિરૂદ્ધ વર્તનાર ગમે તેવો વિદ્વાન હોય તો પણ એ મહાઅજ્ઞાની છે, બંધારણને માન્ય રાખી યથાશક્તિ વર્તન કરનાર અલ્પજ્ઞાની પણ મહાજ્ઞાની છે.

વ્યવહારમાં રાજા, મંત્રી, રાષ્ટ્ર અને પ્રજા હોય છે. તથા એ પ્રજાના હિતાર્થે કાયદાઓ હોય છે. તેમ જૈન શાસનરૂપી રાષ્ટ્રના અરિહંતો રાજા, ગણધર ભગવંતો મંત્રીઓ અને સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ પ્રજા તરીકે હોઇ આગમશાસ્ત્રો એ બંધારણ છે, અને બંધારણને માન્ય રાખનાર જ શાસનની છાયા પામી શકે છે. વ્યવહારમાં પ્રજાના હિતાર્થે ઘડાયેલા કાયદાઓથી રાષ્ટ્ર ચાલે છે, પણ કાયદાનો ભંગ કરનાર રાજ્યદ્રોહી ગણાઈ શિક્ષાને પાત્ર બને છે, તેમ શાસ્ત્રોનો અપલાપ કરી શાસ્ત્ર વિરૂદ્ધ વર્તનારો પણ ગુનેગાર ગણાઈ શિક્ષાને પાત્ર બને એમાં શંકા નથી. હા, એક વાત છે કે પ્રજા હિતાર્થે ઘડાયેલા કાયદાઓનો ભંગ કરનારને જેલ ભેગો કરાય છે, જેલ નજર સામે પ્રત્યક્ષ દેખાય છે, એટલે

ભંગ કરનાર બીએ છે-અચકાય છે. જ્યારે શાસ્ત્રાજ્ઞાનો ભંગ કરનાર પ્રત્યક્ષ જેલ ન હોવાથી બીતો નથી-અચકાતો નથી. પરંતુ સંસારની જેલ કરતાં નરક તિર્યંચાદિ ગતિ પણ જેલ નથી તો બીજું શું? પ્રત્યક્ષ દેખાતી જેલની સજા કરતાં પરોક્ષમાં રહેલી દુર્ગતિરૂપ જેલની સજા અનંતગણી હોય છે એ ભુલવા જેવું નથી; માટે સમજદારોએ શાસ્ત્રાજ્ઞા મુજબ જ જીવન જીવવું જોઈએ, ભવિષ્યમાં દુઃખનો ત્રાસ અસહ્ય હશે ત્યારે કોઇ શરણ આપી શકશે નહિ, જેને અંતરચક્ષુ હશે તેને જ ખ્યાલ આવશે, બાહ્ય દૃષ્ટિ ગમે એટલી તેજ હશે, પણ અંતર દૃષ્ટિ બંધ હશે તો, એ દેખવા છતાં આંધળો છે. અંતર દૃષ્ટિ શાસ્ત્રાનુસારી હોય તેને સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે, માટે પ્રથમ કહી ગયા તેમ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે એ ન હોય તો ધર્મનું કોઈપણ અનુષ્ઠાન સર્વવિરતિ, દેશવિરતિ, વગેરે સંસાર વધારનારૂં બને છે. સંસાર વધે એટલે જન્મ-મરણ આદિ વ્યાધિ-ઉપાધિ, રોગ, શોક, નિર્ધનતાનાં દુઃખો સહન કરવાં પડે છે, વચમાં થોડુ સુખ પણ મળી જાય તો તે ભવિષ્યના દુઃખ માટે જ હશે એ ભુલવું નહિ.

ભુતકાળમાં અનેક આત્માઓ સમ્યગ્ દર્શન પામી, સમ્યગ્ જ્ઞાન મેળવી, સમ્યગ્ પ્રવૃત્તિ કરી, મોક્ષ સુખને પામેલા છે. એનાથી વિરૂદ્ધમાં મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન અને મિથ્યા પ્રવૃત્તિ કરી સંસાર સમુદ્રમાં બુડ્યા છે.

એક ફક્ત મોક્ષના હેતુથી કરેલો જિનોક્ત ધર્મ જ સર્વથા દુઃખથી મુક્ત કરી સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરાવનારો બને છે. જિનોક્ત ધર્મ કરનારાઓ પૈકી હજારો દૃષ્ટાંતો પૈકીનું એક દૃષ્ટાંત શ્રીકૃષ્ણની અપર માતા-અને તે શ્રીકૃષ્ણના પિતા-વસુદેવની પત્નિ શ્રી કનકવતીનું દૃષ્ટાંત નીચે આપવામાં આવે

છે. તેમાં સમ્યગ્ દર્શન પામ્યા પહેલાંની સ્થિતિ અને પામ્યા પછીના જીવનનું અલ્પ દર્શન કરાવવામાં આવ્યું છે.

## કનકવતી

### ( શ્રી નેમનાથ ચરિત્રમાંથી સારભૂત ઉદ્ધૃત )

આ ભરતમાં વિદ્યાધર નગર સદૃશ–પેઢાલપુર નગરમાં ઇંદ્રના જેવી ઋદ્ધિવાળો હરિશ્ચંદ્ર રાજા હતો, એને સાક્ષાત્ લક્ષ્મી જેવી અગ્રમહિષી લક્ષ્મીવતી રાણી હતી. એ રાણી–શીલ, લજ્જા, પ્રેમ, દાક્ષિણ્ય, વિનયાદિ ગુણોથી પતિના મનને હર્ષ ઉપજાવતી હતી, સંસારિક સુખ ભોગવતી હતી. અન્યદા કોઇ ઉત્તમ આત્મા રાણીના ગર્ભમાં આવ્યો. ગર્ભમાં આવનાર જીવાત્મા ઉત્તમ હોઈ, ઉત્તમ દોહલા સર્વે રાજાએ પૂર્ણ કર્યા. ગર્ભકાળ પુરો થતાં, ઉત્તમ દિવસે રાણીએ પુત્રીરત્નને જન્મ આપ્યો. જન્મ થતાંજ પૂર્વ જન્મના પતિ ધનદે ( ઉત્તર દિશાનો લોકપાલદેવ ) મોહથી કનકવૃષ્ટિ કરી, સોનાની વૃષ્ટિ થવાથી, માતા–પિતા ઘણો જ હર્ષ પામ્યા અને કનકની વૃષ્ટિને અનુરૂપ તે કન્યાનું નામ કનકવતી પાડ્યું. રાજહંસી જેવી, એ બાલ્યકાળમાં અંતઃપુરમાં એકબીજાના ખોળામાં ઉછરવા લાગી. અપ્સરા જેવી એ રૂપવંતી કન્યાને યોગ્ય સમયે કલાચાર્ય પાસે અભ્યાસ કરવા મૂકી. અલ્પ સમયમાં અઢાર લિપી, નામમાલા, શબ્દશાસ્ત્ર, પ્રમાણ, છંદાલંકાર, કાવ્યાદિ અભ્યાસમાં પારગામી થઇ વચન ચાતુરી વખતે સાક્ષાત્ સરસ્વતી દેવી જેવી દેખાવા લાગી. કોઈ પણ કલા એવી બાકી ન રહી કે તે જાણતી ન હોય, પ્રશ્નોત્તરમાં આચાર્ય તથા વિદ્વાન પંડિતોને પણ મુગ્ધ કરી દેતી અભ્યાસપૂર્ણ થતાં અભ્યાસનું ફળ વિનય નામના મહાગુણને આત્મસાત કરી દીધો.

જ્ઞાન એ મહાધન છે, એના ફળ સ્વરૂપ વિનય જો ન હોય તો એ જ્ઞાન એકડા વગરના હજારો મીંડા જેવું શૂન્ય છે.

કનકવતી કન્યા માતા, પિતા અને વડીલોનો વિનય જરા પણ ચુકતી નહિ. એના બોલવામાં, ચાલવામાં, વર્તનમાં જોનારને એમ થાય કે એનામાં જ્ઞાનનો જરા પણ ગર્વ નથી. અનુક્રમે યૌવનાવસ્થા પામી, એના જેવો ગુણવાન રૂપવાન વર મેળવવા તપાસ કરતાં ન મળવાથી, સ્વયંવર મંડપ રચવાનું નક્કી કર્યું. એવામાં અંતઃપુરમાં સુખાસને બેઠેલી કનકવતીએ અકસ્માત પોતા પાસે આવતો રાજહંસ જોયો. એ રાજહંસ પ્રીતિનો ઉપજાવનારો, અશોક વૃક્ષના રાતા પાંદડા જેવી આંખો, પગ રાતા રંગના, ચાંચ પણ મઝાની. વધારે શું ? સારસાર વસ્તુના પરમાણુ લઇને એને વિધાતાએ બનાવ્યો હોય તેવો હતો. કંઠમાં સોનાની ઘુઘરીવાળી ચેન, મધુર સ્વર અને ધીમે પગલે નૃત્ય કરતો જોઇ રાજકન્યા અત્યંત હર્ષ પામી. અને રાજકન્યાએ મનમાં વિચાર કર્યો કે, કોઇ પણ અત્યંત પુણ્યવાન વ્યક્તિને વિનોદ કરાવનારો આ રાજહંસ હોવો જોઈએ કારણ કે એના સ્વામી સિવાય આવા અલંકારોથી કોણ શણગારે? એનો સ્વામી ગમે તે હોય પરંતુ મારા વિનોદ માટે મારા પાસે રાખું. એને જોઇને મારૂં મન–મેઘને જોઈ મોરની જેમ હર્ષથી નાચી ઊઠે છે. એવું વિચારી ગવાક્ષમાં રહેલા એ રાજહંસને પોતે પોતાના હાથમાં ગ્રહણ કર્યો, ગ્રહણ કરીને એને ધીમે ધીમે પંપાળવા લાગી અને પાસે રહેલી સખીને સુવર્ણનું પાંજરૂં લાવવા કહ્યું. આવા પક્ષીઓ એક સ્થાને રહી શકતા નથી, એવો રાજકન્યાનો મનોમન ભાવ જાણીને સખી પાંજરૂં લાવવા ઊભી થઇ એટલામાં હંસે મનુષ્ય ભાષાથી કહેવાનું શરૂ કર્યું.

"હે રાજપુત્રી! તું વિવેકિની છે, મને પાંજરામાં પુરીશ નહિ, હું તને પ્રિય એવું કાંઈક કહેવા માગું છું, મને તારા હાથ માંથી છુટો કર." આ પ્રમાણે મનુષ્ય ભાષામાં બોલતા હંસને જોઈ વિસ્મય પામી અને આવેલા પરોણાની જેમ એનું ગૌરવ કરતી હંસને કહેવા લાગી, "હે હંસ! મને પ્રિય કહે, પ્રિય કથન કરનારને ઉપકારી માનવો જોઇએ, અડધી કહેલી વાર્તા સાકરથી પણ અધિક મીઠી હોય છે." તે સાંભળી હંસ કહેવા લાગ્યો:–

"વૈતાઢ્ય પર્વતે કોશલાપુરી નગરી છે. કોશલ નામનો વિદ્યાધરોનો સ્વામી રાજા છે, તે રાજાને સુકોશલા નામે કન્યા છે, તે કન્યાને રૂપનિધાન યુવાન પતિ છે, એવા પતિને પામી તે સુકોશલા રાજકુમારી પોતાને ધન્ય માને છે. જેમ નરરત્ન શિરોમણી તે કુમાર છે, તેમ હે સુંદરી! તું નારીરત્નમાં શિરોમણી છે, તમારૂં બન્નેનું રૂપ આદર્શમાં જ જોઈ શકાય છે, જગતમાં અન્યત્ર એવું રૂપ નથી, માટે હે બાળા! તારૂં અને કુમારનું રૂપ જોઈને તમારો બંનેનો પતિ–પત્નિ તરીકે સમાગમ થાય એવી મારી અભિલાષા હોઇ, તારો સ્વયંવર થવાનો છે જાણી તને કહેવા આવ્યો છું. મેં તારૂં રૂપ પણ તે કુમારના આગળ વર્ણવ્યું છે. એથી એ કુમાર સ્વયંવર સમયે અહીં આવશે. હે સુંદરી! નક્ષત્રોમાં ચંદ્રમા સમાન, અત્યંત તેજસ્વી એ કુમારને અનેક રાજકુમારો રૂપ નક્ષત્રમાં ચંદ્ર સમાન તું ઓળખી તારો પતિ કરજે; એથી હવે મને છોડી દે, હે બાળા! તારૂં કલ્યાણ થાઓ."

આ પ્રમાણે હંસનું કથન સાંભળી કનકવતીએ વિચાર્યું. ખરેખર ક્રિડાએ કરીને હંસરૂપ ધારી આ કોઇ અસામાન્ય પુરૂષ છે એમ જાણીને હાથમાંથી તેને છુટો કર્યો. છુટો થતાની સાથે આકાશમાં એ હંસ ઉડયો. તેજ અવસરે કનકવતીના

ખોળામાં એક ચિત્રપટ હંસે નાંખ્યું અને આકાશમાં રહી બોલ્યો. " હે ભદ્રે ! જે યુવાનને મેં જોયેલો તારા આગળ વર્ણન કર્યું, તે જ આ ચિત્રપટમાં છે. બરાબર જોઈ લે, ધારી લે અને સ્વયંવરના દિવસે આવેલા એ કુમારને ઓળખી એને વરી સુખી થા. "

હંસનું કથન સાંભળી અત્યંત હર્ષીત થયેલી કનકવતી અંજલી જોડીને પૂછવા લાગી. તું તારૂં સ્વરૂપ કહી મારા ઉપર અનુગ્રહ કર; એ સાંભળી હંસરૂપધારી વિદ્યાધરે પોતાનું દિવ્યરૂપ પ્રગટ કર્યું અને કહ્યું: હું ચંદ્રાતપ નામે વિદ્યાધર છું. તારા ભાવિ પતિનો હું સેવક છું. વળી બીજી વાત પણ સાંભળ કે જે વિદ્યાના બળે હું જાણી શક્યો છું તે પણ કહું છું. જે મારા સ્વામી અને તારા થનાર પતિનું મેં વર્ણન કર્યું તે સ્વયંવરના દિવસે બીજાનો દુત થઈને તારા પાસે આવશે. એમ સાંભળી કનકવતીએ તે હંસરૂપ વિદ્યાધરને આશિર્વાદ આપી વિસર્જન કર્યો.

હર્ષોલ્લાસમાં આવેલી કનકવતીએ વિચાર્યું, મારા ભાગ્ય યોગે જ આવો ઉત્તમ પુરૂષ આવી મને પ્રિયકારી સંભળાવે છે. ત્યારબાદ પટને ખોલી વારંવાર અનિમિષ નેત્રે ચિત્રમાં રહેલા તે દેવસદૃશ કુમારને જોવા લાગી. એ ચિત્રને પુનઃ પુનઃ કંઠ, હૃદય અને મસ્તકે ધારણ કરવા લાગી.

આ બાજુ હંસરૂપ કરીને આવેલો ચંદ્રાતપ વિદ્યાધર કોશલા નગરીમાં ગયો અને પોતાની વિદ્યાશક્તિના પ્રભાવે અસ્ખલીતપણે રાત્રે વસુદેવના વાસગૃહમાં પહોંચ્યો ત્યાં વસુદેવને સુ[illegible] સૂતેલા જોયા, પગ પંપાળવા વડે વસુદેવને સાવધ[illegible]કુમાર પણ ક્ષણવારમાં જાગ્યા. ઉત્તમ પુરૂષો અલ્પ નિદ્રા કરનારા હોય છે. રાત્રીને વિશે

અકસ્માત આવીને ઊઠાડનાર પ્રત્યે કુમારને કોપ ચડયો નહિ, બ્હીક પણ લાગી નહિ, ઉંઘમાં ખલેલ કરનાર કોઈ શરણાર્થી હશે એમ સમજી સુતેલી પત્નિથી છુટો પડી, વસુદેવકુમાર એકાંતમાં ચંદ્રાતપને મળ્યો. વસુદેવે એને ઓળખ્યો, ઓળખીને સ્વાગતપૂર્વક આગમનનું કારણ પૂછ્યું.

ચંદ્રાતપ પેઢાલપુરમાં જઈ હંસરૂપ કરી કનકવતી સાથે થયેલો વાર્તાલાપ, વિદ્યાના બળે ચિત્ર તૈયાર કરીને બતાવ્યું, વિગેરે સઘળું પાછા અહિં આવતા સુધીનું વર્ણન કર્યું, અને જગતમાં જેની જોડી નથી એવી રૂપવતી કનકવતીનું પણ વર્ણન કરતાં, કનકવતીને આપના ઉપર ગાઢ રાગવાળી થયાનું પોતે જોયું તે પણ કહી બતાવ્યું, સાથે કનકવતીનું ચિત્રપટ વિદ્યાબળે કરીને વસુદેવકુમારને આપ્યું. પછી કહ્યું: હે સ્વામિન! કનકવતીએ મને કહ્યું, હે ઉત્તમ! આ ચિત્રમાં જોયેલા અને તેં વર્ણવેલા કુમારને અહિં લઈ આવ. મને એક ઘડી વર્ષ જેવી લાગે છે, મારા જેવી રાંકની ઉપેક્ષા કરીશ નહિ, ઓછા પાણીમાં તડફડતી માછલીને પાણી મળવાથી હર્ષ થાય છે, તેમ હું મનથી વરી ચુકેલા પતિના દર્શન વિના માછલી જેવી મારી સ્થિતિ અસહ્ય છે, દર્શનરૂપી પાણી મળે એ જ ઈચ્છા છે. તો હે પ્રભો! આજે વદ ૧૦ છે અને દશ દિવસે, સુદી પાંચમના સ્વયંવર છે, માટે ત્વરીત ત્યાં જવું ઉચિત છે.

એ સાંભળીને વસુદેવકુમારે કહ્યું : હે ચંદ્રાતપ, હું દિવસ ઊગે સ્વજનોને પૂછીને ત્યાં જઇશ. તું હર્ષિત થા, મારા સાથે આવવા તું પ્રમદ વને જઈ મારી રાહ જો, [illegible] પ્રયત્નનું ફળ સ્વયંવરમાં જોજે. એમ સાંભળીને આજ્ઞા પામીને ચંદ્રાતપ અદૃશ્ય થયો.

વસુદેવ રાત્રી હોવાથી પલંગમાં સુઇ ગયો. પ્રાતઃકાલે સ્વજનોને પુછી, પત્નિ વિગેરેને જણાવીને પેઢાલપુર નગરે ગયો. હરિચંદ્ર રાજાએ પણ કુમારના સામે આવી સત્કાર કરવાપૂર્વક લક્ષ્મીરમણ ઉપવનમાં ઉતારો આપ્યો, તે ઉદ્યાન સઘળા પ્રકારના વૃક્ષોથી સંકિર્ણ જોઈ, કુમારને અત્યંત આનંદ થયો. ઉદ્યાનમાં પૂર્વે ઘણા કાળથી રચાયેલા સુંદર પ્રાસાદો, ક્રિડા સ્થાનો જોતાં કોઈના પાસેથી સાંભળવામાં આવ્યું કે, પહેલાં એકવીસમા તીર્થંકર શ્રી નમીનાથસ્વામીનું સમવસરણ અહિયા હતું, અને દેવાંગનાઓએ રાસક્રિડા કરી હતી, તેથી ઉદ્યાનનું નામ લક્ષ્મીરમણ પડ્યું. કુમારે પૂર્વ ઇતિહાસ જાણીને ત્યાં જિન મંદિરમાં રહેલાં જિનબિંબોની દિવ્યોપહારે પૂજા ભાવપૂર્વક કરી, પૂજા વંદનાદિ કરીને ત્યાંની અપૂર્વ શોભા જોતાં—અકસ્માત્ વાજીંત્રોના નાદ, અનેક ધ્વજા, મંગલમય શબ્દોથી ગુંજી રહેલું, સુમેરૂ પર્વત જેવું, બંદીજનોના કોલાહલ યુક્ત—આકાશથી ઉતરતું એક મહાવિમાન વસુદેવકુમારે વિસ્મયતાપૂર્વક જોયું.

વિમાન થોડે દૂર ઉતર્યા પછી—વસુદેવકુમારે આકુલતા રહિત, ધીર થઇને—આગળ રહેલા એક દેવને પુછ્યું, ઇંદ્ર જેવા—કયા દેવનું આ વિમાન છે ?

દેવે કહ્યું હે મહાપુરૂષ—આ ધનદદેવનું વિમાન છે. ધનદ કોઇ ખાસ કારણસર મૃત્યુલોકમાં આવેલ છે, અહિયાં રહેલી અર્હત્ પ્રતિમાઓ પૂજીને—તરત જ કનકવતીનો—સ્વયંવર જોવા—સ્વયંવર મંડપમાં જવાનો છે, સાંભળી વસુદેવે વિચાર્યું.

અહો ! જગતમાં એક કનકવતી ધન્ય છે, જેના સ્વયંવરમાં દેવો પણ આવે છે. આ બાજુ ધનદે પ્રભુ પ્રતિમાઓને વંદન

કરીને પ્રભુના આગળ સુંદર સંગીત કર્યું. ધનદનો આવો ભક્તિભાવ જોઇને વસુદેવે વિચાર્યું–ખરેખર આ દેવ, મહાત્મા પરં શ્રાવક હોઈ એનો અપૂર્વ ધર્મકાર્યમાં ઉદ્યમ છે.

હું પણ આજે ધન્ય થયો, આ આશ્ચર્ય અપૂર્વ જોવામાં આવ્યું, વારંવાર આશ્ચર્યમાં ગરકાવ થયેલા વસુદેવકુમારને ધનદે જોયો, કુમારનું અદ્‌ભુત દેવકુમાર જેવું રૂપ જોઇને–બહુ ખુશ થયેલા ધનદદેવે, વિમાનમાં રહીને, પોતાના હાથની આંગળીના ઇસારાથી વસુદેવકુમારને પોતા પાસે સ્નેહથી બોલાવ્યો, નિર્ભય અને કૌતુકી એવો વસુદેવ ધનદ પાસે ગયો, ધનદે પોતાના સ્વાર્થ ખાતર મિત્રની જેમ વાર્તાલાપ શરૂ કર્યો, સ્વભાવે વિનયશીલ એવા કુમારે અંજલી જોડીને ધનદને કહ્યું: આજ્ઞા કરો, હું આપનું શું પ્રિય કરૂં? ધનદે કાનને મધુર લાગે એવી વાણીથી કુમારને કહ્યું: હે સત્પુરૂષ મારા માટે તારાથી થઈ શકે એવું એક કામ છે. તું મારો દુત થઈને કનકવતી પાસે જા. કહે કે ઇંદ્રનો ઉત્તર દિશાનો લોકપાલ ધનદ તારી સાથે લગ્ન કરવાની ઈચ્છા ધરાવે છે, વળી કહે કે હે કનકવતી! તું માનુષી હોવા છતાં દેવી થા, દૈવિ સુખ ભોગવ–આટલું કામ મારૂં કર, તું વાયુની જેમ હે વસુદેવ! અસ્ખલિતપણે કનકવતીના મહેલે કોઈની પણ રોકટોક વગર મારા દૈવિ પ્રભાવથી જઇ શકીશ.

ઉપર પ્રમાણે ધનદદેવની વાણી સાંભળીને, વસુદેવકુમાર પોતાના આવાસે જઈ દિવ્ય અલંકારો, પોષાક, દૂર કરીને દૂતપણાને ઉચીત મલીન વેષ પહેરીને જતાં ધનદે કહ્યું: હે કુમાર! સુંદર અલંકારાદિનો ત્યાગ કરવો ઉચિત નથી. સર્વત્ર આડંબર–પૂજા માન સત્કાર પામે છે. કુમારે કહ્યું: હે સ્વામિ! ઉજવળ કે મલિન વેષથી શું? દુતને તો પોતાની વાણી જ

અલંકાર છે, અને તે મારા પાસે છે, ચિંતા કરો નહિ, એમ સાંભળીને ધનદે વિસ્મયતાપૂર્વક ભદ્ર! તારૂં કલ્યાણ થાઓ, કહીને આશીર્વાદ આપ્યા.

આશિર્વાદ મેળવીને દુતવેષે વસુદેવકુમાર કનકવતીના આવાસે જવા રવાના થયો. હરિશ્ચંદ્ર રાજાના મહેલ પાસે આવ્યો. ત્યાં હાથીઓ, ઘોડાઓ, રથો, સુભટોથી સાંકડા થઈ ગયેલા એવા રાજદ્વારે કુમારે પ્રવેશ કર્યો.

અદૃશ્યપણે, અસ્ખલિત ગતિ, અંજનસિદ્ધ યોગીની જેમ આગળ વધવા લાગ્યો અને ક્રમે કરીને રાજમહેલના પ્રથમ ઓરડામાં પ્રવેશ કર્યો. દરવાજે હથીઆર સહીત પહેરેગીરો હતા; અંદર પ્રવેશ કરતાં તે પ્રથમ ઓરડાની નીચેનો ભાગ–ઈન્દ્ર નિલમણિથી યુક્ત હતો. અત્યંત તેજસ્વી ચમકારા મારતી ભૂમી પાણીની વાવ હોય તેમ જોનારને ભ્રમ થતો હતો. વળી અપ્સરા જેવી અલંકારોથી યુક્ત એવી સરખી વયવાળી સ્રીઓને રક્ષણ કરતી જોવામાં આવી. ત્યારબાદ કુમારે બીજા ઓરડામાં પ્રવેશ કર્યો. તે ઓરડામાં સોનાના સ્તંભો, રત્નની પુતળી જડેલા હતા, ત્રીજા ઓરડામાં પ્રવેશ કરતાં–સ્રીજનો દિવ્યાભરણ પ્રભુષિત ઓરડાનું રક્ષણ કરતી જોવામાં આવી. ચોથા ઓરડામાં પ્રવેશ કરતાં રત્નમય ભીંતો, આરિસા વગર સ્વમુખ જોઈ શકાય એવી રીતે શૃંગાર સજતી સ્રીઓ જોવામાં આવી. પાંચમા ઓરડામાં કિન્નરીઓના જેમ સંગીત ગીત, મંગલમય વાતાવરણ, નૃત્ય કરતી સ્રીઓ, યાદવે જોઈ. (યાદવ એટલે વસુદેવકુમાર) છઠ્ઠા ઓરડામાં મરકત રત્નમય ભીંતો જોઇ અને રત્નો મોતીના હારથી ભરેલા થાળો જોયા. સાતમા ઓરડામાં લોહિતાક્ષ રત્નના સ્તંભો, કર્કેતન મણીની ભીંતો, કલ્પવૃક્ષોની રચના, ફુલના અલંકારો, સુરનદીના

પાણીથી ભરેલા કળશો અને કલાવિચક્ષણ સર્વદેશીય ભાષા જાણનારી દેવાંગના જેવી દાસીઓ જોવામાં આવી. ઉપર મુજબ એક એકથી અધિક સ્વર્ગની શોભાની ઝાંખી કરાવતા સાતે ઓરડામાં પ્રવેશ કરતા કુમારે વિચાર્યું, ખરેખર અહિં કોઇ પણ પુરૂષના પ્રવેશને અવકાશ જ નથી. કનકવતી અત્યંત ભાગ્યશાલીની છે કે જેની સાતે ઓરડામાં રહેલી રક્ષણ કરતી દાસીઓ પણ દેવાંગના સદૃશ્ય છે. કુમારે આ અદ્ભુત દૃશ્ય જોયું, એટલામાં એક દાસીએ હાથમાં કમળ લઇને બાજુના દરવાજેથી પ્રવેશ કરી, ત્યાં રહેલી ચોકી કરતી સ્રીને જોઇ સસંભ્રમ પૂછ્યું : હે હલે, સ્વામિની કનકવતી કયાં છે? શું કરે છે? જવાબમાં કહ્યું :–પ્રમદવન મહેલમાં દિવ્યવેષ ધારણ કરીને કોઇ દેવનું ધ્યાન કરતી હોય તેમ આપણી સ્વામિની એકલી જ બેઠી છે.

વસુદેવે અદૃશ્યપણે આ બધું જોઇને, દાસીએ પેલીને કહ્યા મુજબ બાજુના દરવાજેથી નીકળી જઈ પ્રમદવન મહેલ કે જે સાત ભુમિકાવાળો છે, ત્યાં નિર્ભયપણે વિસ્મિત થઈને પહોંચી ગયો.

ત્યાં દિવ્ય અલંકારો, વસ્રો, સર્વ ઋતુના પુષ્પો અંગ ઉપર યોગ્ય સ્થાને પહેરીને, સર્વ સૃષ્ટિના સારભુત પદાર્થોથી યુક્ત શરીરવાળી, ભદ્રાસન પર બેઠેલી, હાથમાં રહેલા ચિત્રને વારં-વાર જોતી, લીન થયેલી કનકવતીને કુમારે જોઈ.

કનકવતીએ પણ ચિત્રપટમાં દર્શાવેલા એવા કુમારને સાક્ષાત જોયો, જોઇને ચંદ્રને જોઈ કુમુદિની હર્ષ પામે તેમ વિકસ્વર નેત્રવાળી થઈ, ભદ્રાસનથી સસંભ્રમ ઊઠી, અંજલી જોડીને બોલી, હે સુભગરૂપે કામદેવ જેવા, ખરેખર મારા જબ્બર

પુણ્યપ્રભાવે ખેંચાઇને તું આવેલ છે, સુંદર હું તારી દાસી છું. એમ કહીને કનકવતી-કુમારને નમવા તૈયાર થઈ, ત્યારે કુમારે નમન કરતી અટકાવીને કહ્યું, હે મહાશયે! હું તો નોકર છું. મને પગે પડ નહિ, જે ખરેખર તને ચાહે છે, તે તને અનુરૂપ યોગ્ય છે, તેને તારે પ્રણામ કરવો યોગ્ય છે. અજાણ કુળવાળા એવા મારા જેવા દુતને-અનુચિત તું પ્રણામ કર નહિ, ત્યારે તે બોલી :—

તારા સબંધીનો સર્વ વ્રતાંત મને ખબર છે, મારો પતિ તું જ કે જે દેવે મને કહેલો છે, અને આ ચિત્રપટમાં છે, હર્ષથી હું તારૂં જ ધ્યાન કરૂં છું.

વસુદેવે કહ્યું, ભદ્રે તારો પતિ હું નથી. દેવે કહેલો જે તેનો હું દાસ છું, તારો પતિ ધનદ, એનો હું દાસ, એની આજ્ઞાથી એના માટે તારી યાચના કરવા આવેલ છું. તું ધનદદેવની અગ્રમહિષી થા-અનેક દેવીઓથી સેવાયેલી, દૈવી વૈભવ ભોગવ.

એ સાંભળીને કનકવતી ધનદનું નામ ગ્રહણપૂર્વક નમસ્કાર કરીને બોલી-હે સુંદર! કયાં એ ઇંદ્રનો લોકપાલ દેવ-અને કયાં હું માનુષી કીડી સમાન-વળી એનો દાસ તું થઇને મારી યાચના કરે છે, તું શું ક્રિડા કરે છે? ગમે તે હોય, પરંતુ આ યાચના અનુચિત છે, શું કોઈ પણ દેવનો ભુતકાળમાં-મનુષ્ય સ્ત્રી સાથે સંબંધ થયેલો સાંભળ્યો છે?

વસુદેવે કહ્યું, હે સુંદરી-તું દેવની માગણીનો ઈન્કાર કરીશ તો-દવદન્તીની જેમ અનર્થ પામીશ-અર્થાત દુઃખી થઈશ.

કનકવતીએ કહ્યું: ધનદ નામના અક્ષરોથી, મારા અને એના પૂર્વજન્મના સંબંધથી મારૂં મન ઉત્કંઠા અને આનંદ

અનુભવે છે, પરંતુ ઔદારિક-દુર્ગંધમય એવા મનુષ્યના શરીરની ગંધ પણ સહન કરવા દેવો સમર્થ નથી, એવું અરિહંતોનું વચન છે. દેવો સુધાહારી છે. મનુષ્યો અનાજના આહારી છે. શરીરમાં ગયા પછી દુર્ગંધમય બની જાય છે, માટે દુતના વેશે છુપાયેલો તું જ મારો પતિ છે, એવો મારો અડગ નિર્ધાર ધનદદેવને કહેજે.

કનકવતીનો નિર્ણય જાણીને વસુદેવ ધનદ પાસે ગયો, અને થયેલી વાતચીત કહેવા શરૂઆત કરતાં ધનદે કહ્યું, મેં બધું જાણ્યું છે, ત્યાર પછી સર્વદેવોની આગળ ધનદે વસુદેવની પ્રશંસા કરી કહ્યું, આ મહાપુરુષ છે, એનું નિર્વિકારી ચરિત્ર છે, વસુદેવના ગુણોથી આકર્ષાયેલા ધનદે વસુદેવને દિવ્ય ગંધથી વાસિત, સુરપતિપ્રિયં-દેવદુષ્યની જોડી, સુરપ્રભ નામનો મુગટ, દકગર્ભ નામનાં બે કુંડલ, શશીમયુખ હાર, લલિતપ્રભા નામનાં કેયુર, અર્ધ શારદા નામની નક્ષત્ર માલા (હાર), વિચિત્ર મણીઓથી શોભતાં વલયો, સ્મરદારૂણ નામનો કેડનો કંદોરો, દેવતાઈમાળા-દૈવી વિલેપન આપ્યું. પોતાના અંગ ઉપર ધારણ કરેલા દિવ્ય વસ્ત્રાલંકારોથી, ધનદના જેવો વસુદેવકુમાર દેખાવા લાગ્યો.

ધનદના અદ્ભુત કરાયેલા સત્કાર-સન્માનને જોઈને કનકવતીના ભાઈ વગેરે પરિવાર બહુ હર્ષિત થયો. કનકવતીના પિતા હરિશ્ચંદ્ર રાજા પણ કૌતુકથી ત્યાં આવ્યો; અંજલી જોડી ધનદને કહેવા લાગ્યો :

"આપે ભરતક્ષેત્રને પાવન કર્યું. મારી પુત્રીનો સ્વયંવર મંડપ પણ આજે દેવ વિમાન જેવો સુશોભિત થયો." એમ

કહીને રાજાએ સર્વ શક્તિ ખર્ચીને મંડપને વધારે સુંદર શોભાયુક્ત તૈયાર કરાવ્યો, મનોહર મંચો (સીંહાસનો) ગોઠવાયા.

અપ્સરાઓથી વિંઝાતા ચામર, બંદીજનોથી કરાતી ગુણ-સ્તુતિ, એવા આડંબરપૂર્વક ધનદ પરિવાર સાથે સ્વયંવર મંડપ જોવા ચાલ્યો. મંડપ પાસે આવીને રત્નમય અષ્ટમંગલ રત્નના આરિસા અને અનેક રત્નોનાં તોરણથી યુક્ત એવા સ્વયંવર મંડપમાં ધનદે પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને એક મનોહર મંચ ઉપર હંસવાહનવાળો, આકાશમાં અદ્ધર રહેલા સિંહાસને સુરાંગનાઓથી પરિવરેલો ધનદ બેઠો. વસુદેવ પણ તેના યુવ-રાજની જેમ નજીકના સિંહાસને પ્રસન્ન વદને બેઠો. બીજા પણ રાજાઓ, રાજકુમારો, વિદ્યાધરકુમારો યથાયોગ્ય સ્થાને બેઠા.

ધનદદેવે પોતાના નામથી અંકિત થયેલી અર્જુન જાતીના સુવર્ણથી બનાવેલી કુબેરકાન્તા નામની મુદ્રિકા–વસુદેવકુમારને આપી. વસુદેવે એ વિંટી ધનદના કહેવાથી કનિષ્ટ આંગળીમાં પહેરી. તે વિંટીના પ્રભાવે ત્યાં રહેલા સર્વેએ વસુદેવકુમારને ધનદના જેવો જોયો. સ્વયંવર મંડપમાં બે ધનદ આવેલા છે, એવો પ્રઘોષ (ચારે બાજુથી અવાજ) થયો. ત્યારપછી સર્વ અલંકારો પહેરી તથા દેવદુષ્ય વસ્ત્રો પહેરીને, કામદેવના હિંડોળા સમાન શોભતી, અનેક સખીઓ સાથે વિંટાએલી, રાજહંસી જેવી, મંદગતિવાળી કનકવતી પુષ્પમાળને ધારણ કરેલી સ્વયંવર મંડપમાં આવી. પરંતુ ચિત્રમાં જોયેલ અને દુતપણામાં જોયેલ વસુદેવકુમાર જોવામાં આવ્યો નહિ; તેથી સંધ્યાકાળે કમલિની જેવા મ્લાન મુખવાળી, વિષાદને કનકવતી પામી. સ્તંભે લાગેલી પુતળીની જેમ કાંઇ પણ બોલી નહિ, પોતાનું સર્વસ્વ હરાઈ ગયું છે સમજી કોઈ પણ રાજાને જોઈ શકી નહિ.

સ્તબ્ધ ઊભેલી કનકવતીને જોઈ સર્વે રાજાઓ શું અમારામાં કોઈ દોષ છે, એવા ભ્રમથી પોતાના શરીર પ્રત્યે નજર નાખવા લાગ્યા. એ સ્થિતિમાં કનકવતીને સખીએ કહ્યું : " હે સુંદરી ! વિલંબ કેમ કરે છે. કોઈને પણ પસંદ કરીને વરમાળા કંઠમાં નાખ. "

કનકવતી બોલી : સખી ! વર રૂચીકર યા ને ગમતો જોઈએ. જે મને ગમે છે તેને મંદભાગી હું જોતી નથી, કહી નિઃસાસો નાખ્યો. નિઃસાસો નાખીને મનમાં વિચાર કર્યો, મારૂં શું થશે ? હે હૃદય ! મને પ્રિય વર હું જોતી નથી, તેથી પ્રિયના વિરહથી તું ટુકડા થઈ બે ભાગે થઈ જા. એ પ્રમાણે ચિંતાતુર થઇને ધનદને જોઈ પ્રણામ કરી, દીન દુઃખી થઇને રોતી, અંજલી જોડીને કહેવા લાગી : હે દેવ ! આ મારી પૂર્વ જન્મની પતિ છે એમ માનીને આવું હાસ્ય તમને શોભતું નથી મેં જોયેલા અને મનથી વરેલા મારા પતિને તમે જ છુપાવ્યો છે. એમ સાંભળીને હસીને ધનદે વસુદેવકુમારને કહ્યું : હે મહાભાગ ! મેં આપેલી કુબેરકાન્તા મુદ્રિકા હાથમાંથી દૂર કર. વસુદેવે ધનદની આજ્ઞાથી તરત આંગળીમાંથી વિંટી કાઢી નાખતાં જ વસુદેવ પોતાના સ્વાભાવિક રૂપે દેખાયો.

હર્ષઘેલી કનકવતીએ પોતાની ભુજલતાની જેમ સ્વયંવર-માળા વસુદેવના કંઠમાં નાખી. વાજીંત્રોનો નાદ થવા લાગ્યો, ધનદની આજ્ઞાથી ગગને દેવદુદુંભિ વાગવા લાગી, અપ્સરાઓએ માંગલ્ય ગીત ગાવા માંડ્યા. અહો ! હરિશ્ચંદ્ર રાજાને ધન્ય છે, જેની કન્યાને જગત્પ્રધાન વર મળ્યો. એવી વાણી સ્વયંવર મંડપમાં સૌ હર્ષાવેશમાં બોલવા લાગ્યા. ધનદે, આદેશ કરાયેલા દેવોએ, સધવા સ્ત્રીઓ અક્ષત વર્ષાવે એમ વસુધારા વર્ષાવી. ત્યાર બાદ વસુદેવ કનકવતીનો લગ્ન મહોત્સવ શ્રેષ્ઠ રીતે થયો.

ત્યાર પછી કુમારે ધનદને નમસ્કાર કરીને વિનંતી કરી. તમો કયા હેતુથી અહિંયા સ્વયંવરમાં આવ્યા છો એ જાણવાનું મને અતિ કૌતુક છે. તેના જવાબમાં લગ્નના કંકણ ધારણ કરેલા નવા પરણેલા વસુદેવને કહેવા શરૂઆત કરી. હે કુમાર ! મારૂં અત્રે આવવાનું કારણ સાંભળ.

ધનદે પોતાનું અને કનકવતીના પૂર્વભવનું વર્ણન શરૂ કરતાં કહ્યું :

આ ભરતક્ષેત્રમાં અષ્ટાપદ પાસે સંગર નામનું નગર હતું. મમ્મણ નામે રાજા અને વીરમતી રાણી હતી. એકદા રાજા–રાણીને લઇને શિકાર કરવા જતાં દરવાજા બહાર નીકળતાં સાર્થની પાછળ રહી ગયેલા સામે આવતા મલીન કપડાં–શરીરવાળા સાધુ જોયા. આ સાધુ શિકાર કરવા જતાં અપશુકન કરી વિઘ્નભુત થયો એમ માની રાજાએ સાધુને હાથીના ટોળામાંથી હાથીને જુદો પાડે એવી રીતે સાથમાંથી જુદા પાડી પકડીને મહેલે લાવી બાર ઘડી સુધી બેસાડી મુકયા. રાજા રાણીનો ગુસ્સો નરમ પડ્યો અનુકંપા આવી, બન્ને જણાએ સાધુને પૂછ્યું : કયાંથી આવો છો ? કયાં જતા હતા ? જવાબમાં કહ્યું : હું રોહિતકનગરથી સાર્થ સાથે અષ્ટાપદ ઉપર અર્હંત્ પ્રતિમાઓનું વંદન કરવા જતો હતો. પરંતુ હે મહામાનો ! આપે સાર્થથી મને છુટો પાડ્યો, મારા ધર્મ કાર્યમાં અંતરાયના ઊદયથી હું જઈ શકયો નહિ. મુનિનું એ પ્રમાણે કથન સાંભળીને, એ દંપતીને લઘુકર્મી હોવાથી સાધુ ઉપર આદરભાવ જન્મ્યો અને કોપ શાંત થયો, કેટલીક ધર્મ ચર્ચા થઈ. કોમળ હૃદયવાળા રાજા રાણીને જાણીને મુનિ મહારાજે જીવદયા પ્રધાન અર્હંત્ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યારથી માંડીને રાજા રાણી

ધર્મ સન્મુખ થયાં, તે મુનિરાજને શુદ્ધ આહાર પાણી આદિથી ભક્તિભાવપૂર્વક વહોરાવ્યું અને કર્મરૂપી રોગના નાશ માટે ધર્મજ્ઞાનરૂપી મહાઔષધ આપીને મુનિરાજ વિહાર કરી અષ્ટાપદ તિર્થે ગયા.

મમ્મણ રાજા વીરમતી રાણી સાધુઓના વિશેષ પરિચયમાં આવતાં સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં વ્રતો પાળવા લાગ્યાં. જેમ કૃપણ માણસો ધનનું રક્ષણ કરે તેમ વ્રતોનું કાળજીપૂર્વક રક્ષણ કરી માનવ જન્મનું ફળ જૈન ધર્મની આરાધના કરતા હતા.

અન્યદા ધર્મમાં સ્થિર કરવા માટે શાસનદેવીએ વીરમતી રાણીને, અષ્ટાપદ તીર્થે લઈ જઇ મુકી, ધર્મવંત જીવોને કશું જ દુર્લભ નથી.

અષ્ટાપદ તીર્થે, સુરાસુરો વડે, પ્રભુ પ્રતિમાઓ પુજાતી જોઈ રાણીના હર્ષનો પાર જ રહ્યો નહિ. પોતે પણ અત્યંતભક્તિભાવથી પ્રભુપ્રતિમાઓનું પૂજન–વંદન–સ્તુતિ કરી, કૃતાર્થ થઈ. ચોવીશે પ્રતિમાઓની ખૂબ ખૂબ ભક્તિ કર્યા પછી શાસનદેવીએ રાણી વીરમતીને, સંગર નગરમાં લાવીને મુકી ઉત્તરોત્તર ધર્મની વિશેષ આરાધના કરતાં પ્રત્યેક પ્રભુજીનાં ધ્યાનપૂર્વક વીશ વીશ આયંબીલ કર્યાં, ચારશો એંશી આયંબીલ પૂર્ણ થતાં, ચોવીશે ભગવાનને રત્નજડીત સોનાનાં તિલક કર્યાં, અષ્ટાપદ તીર્થે ગયેલા મુનિ ભગવંતો, ચારણમુનિઓના સંપર્કમાં રહી ભાવથી ભક્તિ કરી ( બીજી વાર અષ્ટાપદે ગયા પછી ઉપર મુજબ તિલક કર્યાં છે. )

રાજા અને રાણી પ્રથક શરીર હોવા છતાં એકમનથી ધર્મની આરાધના સાથે શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં. આયુષ્ય પૂર્ણ થયે બંને જણાં સમાધિમરણને પામી, વિવેકી એવાં એ,

સ્વર્ગમાં દેવ–દેવી તરીકે ઉત્પન્ન થયાં, દેવી સુખ ભોગવી ચ્યવીને મમ્મણરાજાનો જીવ બહુલી દેશે પોતનપુર નગરમાં ધમ્મિલ–રેણુકા ભરવાડ–ભરવાડણનો ધન્ય નામે પુત્ર થયો. વીરમતીનો જીવ દેવીપણામાંથી ચ્યવીને, ધન્યની ધુસરી નામની પત્નિ થઈ.

ધન્ય–ભરવાડોને ઉચિત, ભેંસો ચારવા જવા લાગ્યો. એકદા–પ્રવાસિજનોને શત્રુસમાન વર્ષાકાળમાં ધન્ય જનાવરોને લઇ વનમાં ચરાવવા ગયો તે અવસરે વરસાદ વરસવા લાગ્યો, છત્રી પાસે હતી, વરસાદ જોરથી વરસવા લાગ્યો, જનાવરો ગામ તરફ જવા લાગ્યા. ધન્યની નજર એક પગે ઉભા રહેલાં પ્રતિમાધારી ઠંડીથી કંપતા નિશ્ચલ મનવાળા તપથી કૃશ થઈ ગયેલા સાધુ મહારાજ ઉપર પડી. તથા પ્રકારનો પરિસહ સહન કરતાં મુનિ પાસે પહોંચી પોતાની છત્રી ધરી રાખી પરિસહનું નિવારણ કર્યું. મદ્યપાન કરનારો મદ્યપાનથી વિરામ પામે નહિ; તેમ વરસાદે માઝા મૂકી વરસવા માંડ્યું. ધન્યે પણ ખેદ પામ્યા સિવાય છત્ર બંધ ન કરતા ધરી રાખ્યું. વરસાદ અટકે નહિ ત્યાં સુધી મુનિ ધ્યાનનો અભિગ્રહ હોઈ, જરાપણ ચલાયમાન થયા નહિ, ક્રમે વરસાદ બંધ થયો, મુનિરાજે ધ્યાન પાર્યું. છત્રી બંધ કરીને ધન્યે મુનિરાજને વંદન કર્યું, પગચંપી કરી અને અંજલી જોડી બોલ્યો. હે મહાત્મા! આ વર્ષાકાળ વિષમ છે, કાદવ કીચડથી વ્યાપ્ત પૃથ્વી છે, આપ ક્યાંથી પધાર્યા છો–જવાબમાં મુનિભગવંતે કહ્યું:

હું પાંડુ દેશથી આવું છું. મારા ગુરૂદેવાદિ લંકાનગરીમાં રહ્યાં છે. એમને વંદન કરવા જતાં વર્ષાકાળ આવવાથી અંતરાય થયો છે. જઈ શક્યો નહિ, કારણ વર્ષાઋતુમાં સાધુને વિહાર કરવાનો નિષેધ છે, માટે અભિગ્રહધારી થઇને રહ્યો હતો. આજ

સાતમે દિવસે વરસાદ બંધ થયો, હવે કોઈપણ નિર્દોષ સ્થાનમાં જઇને રહીશ.

ધન્યે કહ્યું–હે મહર્ષી આપ મારી ભેંશ ઉપર બેસી જાઓ કાદવકીચડથી પગે જઈ શકાશે નહિ.

મુનિરાજે કહ્યું–હે ગોવાળ, અમારાથી જીવો પર બેસાય નહિ. પરપીડા કરનારૂં વર્તન અમારાથી થાય નહિ. ઉપયોગપૂર્વક અમારે પાદપ્રવાસ જ કરવાનો હોય છે. કહીને એની સાથે મુનિશ્રી નગર તરફ ગયા. ધન્યે મુનિશ્રીને નમીને કહ્યું, આપ અહિંયા થોડીવાર થોભો, હું ભેંશ દોહીને આવું છું. કહી તરત જ ઘરે જઈ ભેંશ દોહીને, ઘડો ભરી દુધ લઇને, મુનિ પાસે આવ્યો. વારંવાર અનુમોદના કરતા ધન્યે, મુનિરાજને પારણું કરાવ્યું. સાધુએ પોતનપુરમાં વર્ષાકાળ પૂર્ણ કર્યું. એ અવસરે ધન્યે ધુસરી સહિત–સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. સમયે દીક્ષા ગ્રહણ કરી, દમ્પતીએ સાત વર્ષ પાળી સમાધિપૂર્વક કાળ કરીને સાધુ ભક્તિથી ઉપાર્જન કરેલા શુભ પુણ્યથી હેમવંત ક્ષેત્રે યુગલીક દમ્પતી થયા, અનુક્રમે યુગલિકપણામાંથી કાળ કરી સ્વર્ગમાં દેવ–દેવી થઈ દેવીસુખ ભોગવવા લાગ્યાં.

## નળ–દમયંતી જન્મ અને ચરિત્ર

દેવલોકમાંથી ચ્યવી મમ્મણ રાજાનો જીવ આ ભરતમાં કોશલદેશમાં અયોધ્યાનગરી ઇક્ષ્વાકુ વંશમાં નિષધ રાજા અને સુંદરા રાણીના પુત્રપણે નળ થયો.

દેવલોકમાંથી ચ્યવીને દેવીનો જીવ વિદર્ભ દેશે કુંડિનપુર નગરે ભીમરથ રાજાની પુષ્પદંતા રાણીની કુક્ષીમાં પુત્રીપણે

ઉત્પન્ન થતાં રાણીએ સુસ્વપ્ન જોઈ રાજાને કહ્યું, સ્વામિ! મેં સ્વપ્નામાં ધોળો હાથી, અગ્નિથી બ્હીએલો આપણા મહેલે આવેલો જોયો. સાંભળીને રાજાએ સ્વપ્નશાસ્ત્ર અનુસાર જાણીને કહ્યું, હે દેવી કોઈ પુણ્યવાન જીવ ગર્ભમાં આવેલો છે એમ કહેતાં સવારે ઐરાવણ જેવો સફેદ હાથી સાક્ષાત્ મહેલના આંગણામાં આવ્યો, આવીને રાજા અને રાણીને સુંઢમાં લઈ સ્કંધે ચડાવ્યા, નગરમાં ફરતાં ચમત્કારીક હાથીને લોકે ફુલથી વધાવ્યો. આખા શહેરમાં ફરી જય જયારવ સાથે, પાછો રાજમહેલે આવી રાજા–રાણીને કાળજીપૂર્વક નીચે ઉતાર્યા, પોતાની મેળેજ હાથી આલાન સ્તંભે આવી ગયો. દેવોએ પુષ્પ વૃષ્ટિ સુગંધી પાણીનો છંટકાવ કર્યો.

રાજાએ–હાથીને સુંગધી પદાર્થોએ સર્વાંગ વિલેપન કર્યું. પુષ્પોથી પૂજા કરી, આરતી ઉતારી.

રાણી–ગર્ભનું ઉત્તમ આહારાદિ વડે પોષણ કરતી છતી વ્યતિપાતાદિ દોષોથી રહિત શુભ દિવસે કન્યા રત્નને જન્મ આપ્યો. જન્મતાં જ કન્યાના કપાલમાં સુર્ય જેવી કાંતીવાળું તિલક હતું. તેથી તે કન્યા અત્યંત શોભતી માતા–પિતાને હર્ષનો પાર રહ્યો નહિ, કન્યાના જન્મ પ્રભાવે ભીમરથ રાજા અત્યંત પરાક્રમી થઇ અનેક રાજાઓનો સ્વામિ બન્યો, રાજ્ય ઉગ્ર શાસનવાળું થયું. સ્વપ્નાનુસારે કન્યાનું દવદન્તી નામ-કરણ કર્યું. સુગંધી કમળના જેવી, શ્વાસથી લુબ્ધ થયેલા ભમરાઓના ગુંજારવથી પદ્મીની જેવી તે કન્યા દિવસે દિવસે મોટી થવા લાગી. સાક્ષાત્ લક્ષ્મી જેવી તે મહેલના આંગણામાં રમવા લાગી અનેકોને આનંદ ઉપજાવનારી થઈ. એના પ્રભાવથી રાજાને નવનિધિ પ્રગટ થઇ પ્રત્યક્ષ થયા. આઠમે વર્ષે કલાચાર્ય પાસે કલાભ્યાસ કરવા મુકી. ઉત્તમ

બુદ્ધિવાળી દવદન્તીને સર્વ કલાઓ થોડા સમયમાં પ્રાપ્ત થઈ, કલાચાર્ય તો સાક્ષીભુત થયા. ગર્વરહિતપણે કર્મપ્રકૃતિ આદિ જૈન સિદ્ધાંતના રહસ્યને પામી તેણીના આગળ કોઈપણ વાદ કરવા સમર્થ થયું નહિ, સ્યાદ્વાદ મતનું સુંદર રીતે મંડન કરતી હતી.

અન્યદા કલાચાર્ય તે કન્યાને રાજસભામાં રાજા પાસે લાવ્યા, સર્વ સભા સમક્ષ દવદન્તીએ નિર્ગર્વપણે અભ્યાસનો પરિચય કરાવ્યો. સભામાં વિદ્વાનો આશ્ચર્યમુગ્ધ બન્યા. દવદન્તી નિર્મલ સમકિતને ધારણ કરતી હતી. રાજાએ કલાચાર્યનો સત્કાર સન્માન કરીને લાખથી અધિક સોનામહોરો આપી વિસર્જન કર્યો.

દવદન્તીના પુણ્યાતિશયથી નિવૃતાદેવી ( શાસનદેવી ) એ સાક્ષાત થઇને સોનાની જીનપ્રતિમા અર્પણ કરી કહ્યું કે—હે વત્સે ! ભાવિજીનેશ્વર શ્રી શાતિનાથ પ્રભુની આ પ્રતિમા તારે હંમેશાં પુજવી. કહીને દેવી અંતરધ્યાન થઈ, સખીઓ સાથે ક્રીડા કરતી અનુક્રમે યૌવનાવસ્થા પામી.

હવે રાજા રાણી—દવદન્તીને વિવાહ યોગ્ય જાણી એને અનુરૂપ વર મેળવવાની ચિંતામાં પડ્યાં, અઢાર વર્ષની વય થઈ છતાં યોગ્ય વર ન મળવાથી અંતરમાં શલ્યની જેમ પીડા થવા લાગી અને સ્વયંવરા—પસંદ કરીને વરે એ હેતુથી સ્વયંવર મંડપ રચવાની સેવકોને આજ્ઞા કરી, મનોહર સ્વયંવર મંડપ તૈયાર થયા પછી અનેક રાજાઓના રાજ્યોમાં દુતો મોકલી આમંત્રણ આપ્યાં. કુંડિનપુરમાં પણ આમંત્રણ આપવા દૂત ગયો, અનેક રાજાઓ પોતપોતાની સર્વ ઋદ્ધિ કૌશલ્ય સહિત આવવા લાગ્યા. તદા નિષધરાજા પણ પોતાના બન્ને નળ—કુબર પુત્રો સાથે આવ્યો. નગર સમીપમાં પોતપોતાના ઉતારા, છાવણી,

હાથી, ઘોડા, રથ, સુભટોથી અવરજવર વધી ગઈ. ભીમરથ રાજાએ સન્મુખ જઈ પ્રત્યેકનો યોગ્ય સત્કાર સન્માન કર્યું. ઇંદ્રના પાલક વિમાન જેવો સુશોભીત મંડપ અને મનોહર મંચોથી રાત્રીનાં પણ દિવસનો ભ્રમ કરાવે એવું દૃશ્ય ખડું થઈ ગયું. અવસરે સર્વ રાજા–રાજકુમારો અલંકારો અને પોષાકોથી સજ્જ થઈ સુવર્ણના સિંહાસને યથાયોગ્ય સ્થાને બેઠા અને કન્યાનું મન આકર્ષવા વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યા.

દવદન્તી સખીઓ સાથે પરીવરેલી રંભા અપ્સરાનો ભ્રમ ઉપજાવતી સ્વયંવર મંડપમાં દાખલ થઇ, નવા યૌવનવાળી એને જોઇને બધાની દૃષ્ટિ એના ઉપર પડી સર્વે પોતપોતાના વિશેષ ચાતુરી શોભા ચેષ્ટા બતાવવા લાગ્યા.

અંતઃપુરની પ્રતિહારીએ દવદન્તીને પ્રત્યેક રાજકુમારોની ઓળખ આપવા માંડી. હે સખી, આ ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલો ચંદ્રરાજકુમાર, ચંપાનગરીનો સ્વામી સુબાહુકુમાર, રોહિતકપુરનગરનો આ ચંદ્રશેખર વિગેરેના નામ, ગામ, કુળ, પરાક્રમ, રૂપનું વર્ણન કરતી જ્યાં કોશલ દેશના નિષધ રાજાના નળ–કુબર પુત્રો હતા ત્યાં આવી, પૂર્વજન્મના સ્નેહથી દવદન્તીએ નળકુમારના કંઠમાં વરમાળા નાખી એ અવસરે સારૂં કર્યું, બહુ જ ઉત્તમ કર્યું એમ આકાશવાણી થઇ, ત્યારે પરાક્રમી એવા કૃષ્ણ રાજકુમારે તલવાર મ્યાનમાંથી કાઢી અગ્નિ જેવો ઉગ્ર થઈને નલને કહ્યું, હે નલ! તારા કંઠમાં વરમાળા દવદન્તીએ વૃથા નાખી છે, હું સહન કરી શકું નહિ, મારી હાજરીમાં તું એની સાથે પરણી શકીશ નહિ વિગેરે આક્ષેપોપૂર્વક તીરસ્કારનાં વચનો સાંભળી નલે કહ્યું: અરે મૂર્ખ, દવદન્તીએ તને પસંદ કર્યો નહિ માટે

શ્વાનની જેમ બકવાટ કરે છે. મને લાગે છે તને જીવવા ઉપર કંટાળો આવે છે, જો પરાક્રમી હોય તો તૈયાર થઈ તારૂં પરાક્રમ બતાવ, કહેતાંની સાથે કૃષ્ણરાજકુમારે ક્રોધાયમાન થઇને પોતાના સૈન્યને લડવા તૈયાર કર્યું. આ બાજુ નલકુમાર પણ તૈયાર થઈ ગયો. બન્ને સામસામા આવી ગયા.

દવદન્તીએ ખેદયુક્ત થઇને વિચાર્યું કે મારા લીધે અનેક જીવોનો સંહાર થાય એવો યુદ્ધનો પ્રસંગ ઉભો થયો, મારાથી કેમ જોવાય. એમ વિચારી હે શાસન દેવી જો હું શુદ્ધ શ્રાવિકા હોઉં તો નલનો વિજય થાઓ અને બન્ને સૈન્યમાં ક્ષેમ થાઓ. એમ કહીને જલનો કળશ લઇને ત્રણ વાર ( શાંતી અર્થે ) છંટકાવ કર્યો. તેજ અવસરે કૃષ્ણ રાજકુમાર તેજ વગરનો શ્યામ પડી ગયો. સત્ત્વહીન બની જવાથી હાથમાંથી તલવાર પડી ગઈ.

કૃષ્ણરાજે આવો પરાભવ થયો જાણી આ નલ કોઈ સામાન્ય નહિ, પરંતુ મહાન વ્યક્તિ છે. મેં મૂર્ખાઈ કરી જાતને હાંસીપાત્ર બનાવી એમ વિચારી નલની ક્ષમા માગવા પૂર્વક પ્રણામ કર્યો, નળે પણ શાંત થઈ સ્નેહ બતાવી મિત્ર-ભાવ પ્રદર્શિત કર્યો.

ભીમરથ રાજાએ પોતાની કન્યાને આવો મહાન વર મળવાથી આનંદીત થઇને, ઠાઠપૂર્વક કન્યા પરણાવી, હાથી ઘોડા સૈન્ય અલંકારો આપી, ભક્તિ બતાવી આવેલા સૌ રાજાઓનો સત્કાર કરી વિસર્જન કર્યા.

થોડા દિવસો બાદ નિષધ રાજા, પોતાના પુત્રો, પુત્રવધુ અને પરિવાર સાથે પોતાના નગરે જવા રવાના થતાં પુષ્પ-દન્તી રાણીએ પોતાની કન્યાને ઉચિત શીખામણ આપી હે

પુત્રી, સંકટમાં પણ પતિનો ત્યાગ કરીશ નહિ. વડીલોનો વિનય કરજે, બન્ને કુળને અજવાળનારી થજે. દવદન્તીએ, માતાની શીખામણ શીરસાવંદ્ય કરી.

નળે-દવદન્તીને રથમાં બેસાડી, નિષધરાજા સપરિવાર રવાના થયો, રાત્રી પડવાથી અંધકાર ચારેબાજુ ફેલાઈ ગયો, કોઇ કોઇને જોઈ શકે નહિ, ખાડા-ટેકરા સમાન ભુમી ન પારખી શકાયાથી વિષમ પરિસ્થિતિ પેદા થતાં નળે દવદન્તીને કહ્યું હે પ્રિયે, અંધકારને દૂર કરી પ્રકાશ આપનારૂં તારૂં કપાલમાં રહેલું તેજસ્વી તિલક પ્રગટ કરી માર્ગને વિઘ્નરહિત બનાવ. તેજ વખતે પતિની આજ્ઞાનુસાર સ્વભાલપ્રદેશમાં રહેલું તીલક પ્રગટ કર્યું. તેજ ક્ષણે ઘોરકાળીરાત્રીનો અંધકાર દૂર થયો અને, રાત્રી છતાં દિવસનો ભ્રમ પેદા થયો, નિર્વિઘ્ન માર્ગ થવાથી સુખપૂર્વક પંથ કાપવા માંડ્યો.

અવિચ્છિન્ન પ્રયાણ ચાલુ રહેતાં નલની દૃષ્ટિ એક મહામુનિ તરફ પડી, અનેક ભમરાઓથી ડંખતા પ્રતિમાધારી તે મહા-મુનિને જોઈ નળે-પિતાને કહ્યું, હે તાત! અહિંયાં કોઈ મદ ઝરતા હાથીએ ખજવાળવા આ પ્રતિમાધારી ધ્યાનસ્થ મહા-ત્માને ઝાડ સમજી શરીરની ખરજ ઉતારવા શરીરને વારંવાર ઘસેલું હોઈ તે હાથીના મદથી ભમરાઓ સુગંધ લેવા ડંખી રહ્યા છે. તો આપણે ત્યાં જઈ આ મહાત્માનો ઉપદ્રવ દૂર કરીએ. માર્ગમાં જતાં મહાપુણ્યે આ પ્રસંગ મળ્યો છે. તો એમના વંદન અને ભક્તિનું ફલ લઇએ. પુત્રના કહેવાથી નિષધરાજા પુત્રો સાથે ત્યાં જઈ નિસ્પૃહી એવા મહામુનિને વંદનાદિ કરી યોગ્ય ઉપચારોથી ઉપદ્રવ રહિત કરી, પુનઃ પુનઃ મુનિની પ્રશંસા કરતા માર્ગમાં આગળ વધવા લાગ્યા.

ક્રમે કરીને નિષધરાજા સપરિવાર કોશલા નગરી સમીપમાં આવ્યા, નળે દવદન્તીને કહ્યું, હે પ્રિયે, જીનમંદિરોથી અલંકૃત થયેલી આ અમારી નગરી જો. દવદન્તીએ ગગનચુંબી મંદિરોથી વ્યાપ્ત નગરી જોઈ, મોર મેઘના દર્શનથી નાચવા લાગે તેમ દવદન્તીએ જીનમંદિરો જોઈ હર્ષના અતિરેકથી રોમાંચ અનુભવ્યો. પોતાના આત્માને ધન્ય માનતી પ્રશંસા કરવા લાગી. હું ધન્ય છું નળ જેવા પતિને પામી. હંમેશા જીનમંદિરોમાં જીનપ્રતિમાઓનાં દર્શન, પૂજા, વંદનાદિ કરીને જન્મને સફળ બનાવીશ, વિગેરે ધર્મના મનોરથો કરતી અંતે નિષધ રાજાએ સ્વર્ગની શોભા સદૃશ્ય, એ નગરીમાં પુત્રવધુ–પરિવાર સાથે પ્રવેશ કર્યો. યાચકોને દાન આપ્યા. નળ–દવદન્તીની પરસ્પર નખ–માંસવત દિવસે દિવસે પ્રિતિ વધતાં કેટલોક કાળ સંસારીક સુખ ભોગવતાં પસાર થયો.

અન્યદા નિષધરાજાએ નળનો રાજ્યાભિષેક અને કુબરને યુવરાજ પદે સ્થાપન કરી, મોક્ષનો હેતુ લક્ષી બનીને દીક્ષા ગ્રહણ કરી.

રાજા થયેલા નળે સ્વપ્રજાનું પુત્રની જેમ પાલન કરવા માંડયું. પ્રજા પણ નળરાજાના ગુણોથી આકર્ષાઈ. રાજાના સુખે સુખી, દુઃખે દુઃખી એવા આચરણથી નિષધરાજાને પણ ભુલી ગઈ. બુદ્ધિ, પરાક્રમ, ન્યાય આદિ ગુણોથી નળરાજાનો કોઇપણ શત્રુ રાજા પરાભવ કરવા સમર્થ થયો નહિ. અર્થાત બલવાન રાજાઓને પણ નળે વશ કરી સ્વાધીન બનાવ્યા.

અન્યદા નળરાજાએ પરંપરાથી આવેલા સામન્ત, સુભટો, પ્રધાનોને રાજ્યસભામાં પ્રશ્ન કર્યો. હું પિત્રોપાર્જિત ભૂમિનું પાલન કરૂં છું કે અધિક–ઓછી. તેના જવાબમાં–મહારાજ

આપના પિતાશ્રી કરતાં અધિક એવા અર્ધ-ભરતનું આપ પાલન કરી આધિપત્ય ભોગવો છો. બાપથી બેટા સવાયા એ કહેતીને આપે સત્ય કરી છે પરંતુ અહીંથી બસો યોજન દૂર તક્ષશીલા નગરીનો કદંબ રાજા આપની આજ્ઞા સ્વીકારતો નથી. ભરતાર્ધ રાજ્ય પ્રાપ્તિના યશરૂપી ચંદ્રમાં એક એ કલંક છે. લેશ પણ વ્યાધિની ઉપેક્ષા કરવાથી તે વધી જાય છે ત્યારે તે વ્યાધિનો પ્રતિકાર અશકય બની જાય છે, એ ન્યાયે હે સ્વામી ! આપ એના સામે રોષ પૂર્ણ કરડી નજર કરશો તો તે સાંભળીને કાચો ઘડો જેમ હાથ લાગતાં ભાંગી જાય છે તેમ એ પણ ભ્રષ્ટ થઈ જશે. છતાં ન્યાયયુક્ત એવા આપે પ્રથમ દુત મોકલી સમજાવવાનો પ્રયત્ન કરવો ઉચિત છે, ન જ સમજે તો ઉન્મત્ત એવા કદંબ રાજાને યુદ્ધમાં પરાભવ પમાડી તાબે કરવો જોઇએ.

સામંતાદિનાં હિતકારી વચનો સાંભળીને નળ રાજાએ ચતુર એવા દુતને તક્ષશીલા નગરે રવાના કર્યો.

દુર્ધર એવા એ દુતે તક્ષશીલા પહોંચી જઈ, કદંબ રાજાને સ્વસ્વામીનો પ્રતાપ પરાક્રમનું વર્ણન કરી કહ્યું કે, હે રાજન ! મહાવૈરીરૂપી દાવાનળ જેવા મારા સ્વામી નળ રાજાની સેવા કરવાનું સ્વીકારી તારૂં રાજ્ય સુખેથી ભોગવ. તારી કુળદેવી જેમ તારા ભલા માટે જે કાંઈ કહે તે માન્ય રાખવાથી સુખી થઈશ. માટે મારા સ્વામીની કૃપા તું મેળવ, તું જો આ હીતકારી વચનોની અવગણુના કરીશ તો દુઃખી થઇ રાજ્ય ભ્રષ્ટ થઇશ.

દુતનાં વચનો સાંભળી ક્રોધાવેશમાં દાંત પીસીને કદંબે કહ્યું, રે દુત ! તારો સ્વામી શું ગાંડો થઈ ગયો છે ? એ નળ રાજાને સામંતો સુભટો શું મરી પરવાર્યા છે કે કેશરીસિંહ એવા

મારી સામે થવાને અટકાવતા નથી, પણ ખરેખર તારો સ્વામી સુતેલા સિંહને જગાડવા શીયાળની જેમ ફાંફાં મારે છે. જા તારા સ્વામીને કહે તારી આજ્ઞાને હું ઠોકરે ચડાવું છું. (માથે તો નહિ જ) યુદ્ધ આપીશ પણ માથું તો નહિ જ આપું. એનું માથું જ હું લઈશ વિગેરે કહી અપમાન કરી દુતને રવાના કર્યો.

નળરાજા પાસે દૂતે જઇને કદમ્બરાજાની સઘળી હકીકત નિવેદન કરવાથી નળરાજા સૈન્ય લઇને તક્ષશીલા પહોંચી જઇ યુદ્ધનું આહ્વાહન કરવા પૂર્વક રણભેરી વગડાવી કદમ્બરાજા પણ સૈન્યને તૈયાર કરી યુદ્ધભુમીમાં મોખરે આવી લડવા તૈયાર થતાં બન્ને સૈન્યમાં તુમુલ યુદ્ધ જામી પડયું. જેમ સિંહને સિંહ સહન કરી શકે નહિ, તેમ બન્ને પક્ષે બાણાવળી સામે બાણાવળી, ખડ્ગી સામે ખડ્ગી, ગદાધારી સામે ગદાધારી, સુભટો સામે સુભટોએ પરસ્પર સંહાર આરંભ્યો. અંતે નળરાજાએ કદમ્બને કહ્યું, બીજા જીવોનો સંહાર કરવાથી સર્યું આપણે બન્ને શત્રુઓ લડી જય–પરાજયનો નિર્ણય કરીએ. કદમ્બે માન્ય કરવાથી બન્ને સિંહની જેમ લડવા લાગ્યા. જે જે પ્રકારના યુદ્ધની કદમ્બે માગણી કરી તે તે પ્રકારે લડતાં કદમ્બ હાર્યો.

કદમ્બે વિચાર્યું કે ખરેખર મેં અવિચાર્યું કામ કરી મહાબળવાન નળરાજા સાથે ફોગટ લડાઈ કરી સર્વસ્વ ગુમાવ્યું તો હજી બાજી હાથમાં છે, અહિંથી પલાયન થઇ જઈ દીક્ષા ગ્રહણ કરૂં એટલે સર્વ ત્યાગના સુંદર ફળને હું પામું એમ, વિચાર કરી પલાયન થઇ સ્વયં લોચ કરી દીક્ષા લઇ પ્રતિમાધારી ધ્યાનમાં રહ્યો.

નળે વિસ્મય પામી કદમ્બ મુનિ પાસે જઇ ક્ષમા માગી

કહ્યું કે ખરેખર તમો જીત્યા છો, હું હારેલો જ છું, ક્ષમાનો ત્યાગ કરતા નહિ, એમ કહી ત્યાગની વારંવાર અનુમોદના કરતા નળે જય શક્તિ નામના કદમ્બના પુત્રને રાજ્ય આપી પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું. ત્યારબાદ ભરતાર્ધના સ્વામી તરીકે નળનો અનેક રાજાઓએ મળી અભિષેક કર્યો.

નલરાજા દવદન્તી સાથે વિષયસુખ ભોગવતાં અને પ્રજાનું સુંદર રીતે પાલન કરતાં ન્યાયનું રક્ષણ કરતાં મહાપ્રતાપી થયો. વાસુદેવ નહિ પરંતુ એના જેવો, અનેક સંખ્યાબંધ રાજાઓથી સેવાયો.

રાજ્યલુબ્ધ કુલાંગાર એવો કુબર એનાં છીદ્ર જોવા લાગ્યો અને નળને દ્યુતાસક્ત બનાવ્યો. ચંદ્રમાને કલંક હોય છે, એમ ન્યાયવાન ધર્મીષ્ટ એવો નળ દિવસા દિવસ કુબર સાથે જુગારના વ્યસનરૂપી કલંકને પામ્યો.

જુગારમાં અન્યદા નળરાજા ગામ, નગર, કર્બટ, ક્ષેટ, દ્રોણાદિ સર્વ હારી ગયો. સર્વે પાસા અવળા પડ્યા, લોક અત્યંત વિષાદને પામ્યા અવસર પામી દવદન્તીએ કહ્યું :

સ્વામી હું ખોળો પાથરીને કહું છું આ લોક પરલોક ઉભયથી ભ્રષ્ટ થવા રૂપ આ જુગારના વ્યસનનો ત્યાગ કરો, હે નાથ, બુદ્ધિમાન માણસો ગણિકા ગમનની જેમ ક્રિડામાત્ર જુગાર કદાચ રમે એ વાત જુદી. પરંતુ સર્વ સમ્પદાનો ક્ષય કરનાર રાત-દિવસ જુગાર સતત રમવું, એ તદ્દન ખરાબ છે. મારૂ મન અત્યંત દુભાય છે વિગેરે દવદન્તીનાં હીતકારી વચનોની જ્યારે નળે અવગણના કરી, ત્યારે રોતી એવી એણે મુખ્ય અમાત્યોને કહ્યું, મારા સ્વામીને સમજાવીને જુગારના વ્યસનથી પાછો વાળો.

અમાત્યોએ પણ ઘણી ઘણી આજીજીપૂર્વક નળને વિનંતી કરી. સ્વામી આપના જેવા ગુણવાનને અમો કહેવાને પાત્ર ન હોવા છતાં આપના ઉપરની ભક્તિથી કહેવાનું દિલ થાય છે કે પ્રજાના ભલા ખાતર પણ આ દુષ્ટ વ્યસનનો ત્યાગ કરો. જેમ સન્નેપાત વધી ગયેલા રોગીને ઔષધ કાંઈ જ ગુણ કરી શકતું નથી, તેમ નળને કોઈની કાંઈ જ અસર થઇ નહિ, ઉલટું સર્વસ્વ હાર્યા પછી દવદન્તી સહઅંતઃપુર પણ હારી બેઠો. પોતાની ધારણામાં સફળ થયેલો કુબરને યુદ્ધ કે એવા કોઈપણ પરિશ્રમ સિવાય સર્વસ્વાધિન થવાથી આનંદનો પાર રહ્યો નહિ, નળને જરા પણ ખેદ થયો નહિ. શરીર ઉપરથી દીક્ષા લેનાર જેમ અલંકારાદિ ઉતારે તેમ બધા અલંકારો ઉતાર્યા.

કુબરે નળને કહ્યું : રે નળ ! મારી ભૂમી છોડીને રવાના થઇજા. તને પિતાએ રાજ્ય આપ્યું હતું, મને પાસાએ આપ્યું. નળે કહ્યું, બળવાન પુરૂષોને લક્ષ્મી દૂર નથી. મદ કરીશ નહિ એમ કહીને એક વસ્ત્રે નળે ચાલવા માંડતા દવદન્તીએ એના સાથે જવા માંડયું. ત્યારે કુબરે અધમતાપૂર્વક કહ્યું : હે સુંદરી ! તું જુગારમાં જીતાએલી મારી માલીકીની થઇ છે માટે જઈશ નહિ, મારૂં અંતઃપુર અલંકૃત કર.

અમાત્યોએ દુરાશયી કુબરને કહ્યું : રાજન્ ! આ મહા સતી દવદન્તી અન્ય પુરૂષની છાયાનો પણ સ્પર્શ કરતી નથી. એને અંતઃપુરમાં મોકલો નહિ, મોટાભાઈની પત્નિ માતા જેમ અને મોટાભાઇને પિતા જેમ ગણવા એમ બાલગોપાલ સૌ જાણે છે, છતાં બળાત્કાર કરીશ તો આ સતી તને ભસ્મીભુત કરી નાખવા સમર્થ છે. માટે એ શાંત છે ત્યાં સુધી સારૂં છે, એને કોપ ચડે એવું કરવું તે અનર્થ પેદા જરૂર કરાવશે. માટે એના પતિ સાથે એ જાય એમ તમારે સ્વભલા ખાતર

સમજીને ઉત્સાહિત દવદન્તીને કરવી એ જ ઉત્તમ માર્ગ છે. વળી નળને ગામ–નગર–દેશ આદિ કાંઈ ન આપે તો સચુ઼ં. પરંતુ ભાતા સહિત રથ સારથી સાથે આપ. પ્રધાનોના કહેવાથી કુબેરે નળને સારથી સાથે એક રથ ભાતું વિગેરે આપ્યું. નળે કહ્યું, લીલા માત્રમાં અર્ધ ભરતનો ત્યાગ કરનારને રથાદિની શી ઇચ્છા ? કહી નિસ્પૃહતા દર્શાવી.

પ્રધાનોએ નળને કહ્યું, પરંપરાગતના નિયમ મુજબ જે જ્યારે રાજા હોય ત્યારે તેના પ્રત્યે એ સ્વામી અને અમો સેવક તરીકે વર્તવાને બંધાયેલા હોઈ, આપની સાથે આવી શકતા નથી. કુબેર આવવા પણ દે નહિ, પરંતુ જેમ રાજ્યનો ત્યાગ આપે કર્યો તેમ અમારો ત્યાગ કરતા નહિ. આ મહાસતી દવદન્તી કોમલાંગી સૂર્યનો તાપ સહન કરી શકે નહિ, માર્ગમાં કાંટા કાંકરા વિગેરે વિષમ પ્રવાસ સમજીને અમારી લાગણીભરી વિનંતીનો સ્વિકાર કરો. દવદન્તીને રથમાં બેસાડી તમારો પ્રવાસ નિર્વિંઘ્ને થાઓ. તમારૂં કુશળ થાઓ વિગેરે આગ્રહ પૂર્વકનાં વચનોથી નળે દવદન્તીને રથમાં બેસાડી પ્રયાણ શરૂ કર્યું.

સ્નાન કરવા એક વસ્ત્રા તૈયાર થયેલી સ્ત્રીની જેમ એક વસ્ત્રા જતી દવદન્તીને જોઈ, અશ્રુ પાડતી નગરની સ્ત્રીઓ અતીવ રોવા લાગી. નગરમાંથી આગળ જતાં નળે પાંચસો હાથ ઊંચો હાથીનો આલાન સ્તંભ હોય એવો એક મોટો સ્તંભ જોયો.

રાજ્ય ભ્રષ્ટના દુઃખને જરાપણ ન ગણકારતા એવા નળે કૌતુકથી તે સ્તંભને લીલા માત્રથી ઊખેડી ભમાવીને પાછો જમીનમાં ઘાલી દીધો. આવા પ્રકારના નળના પરાક્રમને જોઇ જાણીને નગરના લોકો વિસ્મય પામી કહેવા લાગ્યા. અહો આવા બલવાનને પણ આવું જુગારનું વ્યસન ખરેખર આમાં

નિયતિ એજ કારણ સમજવું. પહેલાં નગરના ઉદ્યાનમાં કુબર સાથે નળ ક્રીડા કરતો હતો. ત્યારે અચાનક એક મહર્ષીજ્ઞાની આવેલા, તેમણે પ્રસંગોપાત કહેલું. પૂર્વજન્મમાં સાધુને ક્ષીરના દાનથી આ નળ ભરતાર્ધસ્વામી થશે, પાંચસો હાથ ઉંચા સ્તંભને ઉપાડી પાછો જમીનમાં ઘાલી દેશે. એ એનું પ્રમાણ સમજવું. આવા પ્રકારની ભુતકાળની વાત યાદ આવવાથી નગરલોક વિસ્મયતાપૂર્વક કહેવા લાગ્યા. નળની હાજરીમાં બીજો રાજા હોઈ શકે નહિ, ભરતાર્ધપતિની આ દશા તો મહાજ્ઞાની મુનીના કથનનું શું ? માટે જ્ઞાનીનું વચન મિથ્યા હોય નહિ. જરૂર નળ થોડા સમયમાં પાછો રાજ્યગાદીએ આવશે અને આપણા મનોરથો પૂર્ણ કરશે.

આવા પ્રકારનાં નગરલોકનાં વચનો સાંભળતાં અત્યંત રોતી દવદન્તી અશ્રુ પ્રવાહે રથને સિચંતી છતી નળે નગરનો ત્યાગ કર્યો.

નળે કહ્યું હે પ્રિયે આપણે કયાં જઈશું ? દવદન્તીએ કહ્યું, સ્વામી આપણે કુંડિનપુર જઈ મારા પિતાના અતિથી થઈએ. ત્યાં મારા પિતા આપણું સર્વ પ્રકારે ગૌરવ કરશે.

દવદન્તીની સુચના અનુસાર નળે સારથીને કહ્યું, કુંડિનપુરના રસ્તે રથ ચલાવ. સારથીએ સ્વામીના આદેશ મુજબ રથના ઘોડાને તે તરફ હાંકયા. આગળ જતાં વાઘના ભીષણ અવાજો, શીકારી પશુઓના ચિત્કારો, અજગરાદિ હિંસક જનાવરોથી વ્યાપ્ત ભયનું જ એક સામ્રાજ્ય હોય, એવી અત્યંત ભયંકર અટવી આવી. આગળ જતાં કાન સુધી ખેંચેલા બાણો લઇને યમ જેવા ભીલ્લોને સામે આવતાં નળે જોયા. જોતજોતામાં નળના રથને ચારે બાજુથી ભીલોએ ઘેરી લીધો. કેટલાક દારૂ પીધેલા નૃત્ય કરતાં, કેટલાંક શંખ વગાડતાં, કેટલાંક કાન ફાડી નાખે

એવા જોરથી અટ્ટહાસ્ય કરતાં બાણોનો વરસાદ રથ પર વરસાવવા લાગ્યા. અખાડામાં મલ્લો જેમ તુમુલ મચાવે એમ જમીન ઉપર રહીને તે ભીલો કરાસ્ફોટ કરી હાથીને જેમ કુતરાઓ ઘેરી લે તેમ નળને ઘેરી લીધો.

તરત જ નળે રથમાંથી ઉતરી, કોશમાંથી તરવાર કાઢીને જેમ રંગભૂમિમાં નટ નચાવે તેમ ભીલોની વચમાં ફેરવવા લાગ્યો. એ અવસરે રથમાંથી દવદન્તી ઉતરી પતિને બે ભુજામાં પકડી કહ્યું : હે સ્વામિ ! આવા લોકો ઉપર આપ પરાક્રમ કરો તે વ્યાજબી નથી. શીયાળવાં અગર સસલાં હજારો ભેગાં થાય ત્યારે તેમના ઉપર સિંહ પરાક્રમ કરી પોતાની જાતને હાંસીપાત્ર બનાવે તેમ આપ કરો નહિ, આપ ભરતાર્ધરાજ્યના અધિપતિએ આવેશમાં આવી જવું સારૂં નહિ કહી પતિને અટકાવી દવદન્તીએ સ્વમનોરથ પૂરવા વારંવાર મુખદ્વારા એ હુંકારા જોરથી ભીલો સામે રહીને કર્યા. તે હુંકારા ભીલોના કાનમાં સતીના પ્રભાવથી લોખંડની સોય જેવા ભોંકાવા લાગ્યા. ભીલો દશે દિશાઓમાં પલાયન થવા લાગતાં તે દમ્પતિ એમના પાછળ દુર સુધી ગયાં. રથથી અતિ દૂર ગયેલા નળ–દવદન્તી પાછા ફરે એટલામાં બીજી બાજુથી બીજા ભીલોએ આવી રથ–ઘોડા લઈ જઈ અદશ્ય થઇ ગયા જ્યારે વિધિ વક્ર બને છે ત્યારે પુરૂષાર્થ પણ કાંઇજ કરી શકવા સમર્થ નથી.

પાછા ફરેલા દમ્પતિએ રથ ન જોવાથી નિરાશ થયાં, પછી દવદન્તીને ધીરજ આપી સ્વયંવર વખતે પાણીગ્રહણના કાર્યને યાદ કરાવે એમ હાથે ઝાલી નળે વનમાં આગળ ચાલવા માંડ્યું, પગે ચાલવાથી દવદન્તીના પગમાં કાંટા વાગ્યા, લોહીથી જમીન રંગાવા ( ખરડાવા ) લાગી. એ જોઇને નળે પોતાનું

વસ્ત્ર ફાડી ફાડીને દવદન્તીના પગના તળીએ પાટા બાંધ્યા. કેટલુંક ચાલ્યા પછી દવદન્તી થાકી જવાથી એક ઝાડ તળે વિસામો બન્નેએ લીધો. વૃક્ષના પાંદડાનો પંખો કરી નળે દવદન્તીને હવા આપી પલાશ વૃક્ષના પાંદડાનો દડીઓ બનાવી પાંજરામાં રહેલી મેનાને જેમ પાણી લાવીને પોપટ પાય તેમ નળે પાણી લાવી દવદન્તીને પાયું. શાંત થયેલી દવદન્તીએ પતિને પૂછ્યું: સ્વામી હજુ આ અટવી કેટલી છે? અહિં રહેલી એવી મારૂં હૃદય કમ્પે છે જાણે બે ટુકડા થઈ જશે.

નળે કહ્યું: હે પ્રિયે! આ અટવી સો જોજન જેટલી હોઈ, આપણે ફક્ત પાંચજ જોજન પસાર કરી છે, તું ધીરતા ધારણ કર, મુંઝાઈશ નહિ, એમ વાતો કરતાં આગળ વધતાં સૂર્ય અસ્ત થવાની તૈયારી જોઈ કોઈ યોગ્ય જગાએ રાત્રી પસાર કરવાના ઈરાદે અશોકવૃક્ષના ઝાડ નીચે આવીને બન્ને બેઠાં. રાત્રી પડવાથી અશોકવૃક્ષનાં પાંદડાં છેદીને–નળે પાંદડાં ચારે-બાજુ બીછાવી શય્યા તૈયાર કરી દવદન્તીને કહ્યું: દેવી તું સુઈ જા. દુઃખના પ્રસંગે નિદ્રા સખીનું કામ કરે છે અર્થાત્ દુઃખનું વિસ્મરણ થાય છે.

દવદન્તીએ કહ્યું: સ્વામી નજીકમાં કોઇનો વાસ હોય એવું અનુમાન થાય છે સાંભળો ગાયોના હમ્ભાનો અવાજ આવે છે, માટે થોડો રસ્તો પસાર કરી ત્યાં જઈ વાસો રહીએ.

નળે કહ્યું: વ્હાલી ત્યાં તાપસોનો આશ્રમ છે. તેઓ મિથ્યાદષ્ટિ હોઈ તેમનો સંગ સમ્યક્ત્વરત્નનો નાશ કરે છે, જેમ આરનાલ નામનો પદાર્થ ભળવાથી ક્ષીર, રૂપ, રસ, ગંધથી વિનાશ પામે છે, માટે સુખેથી અહિંયાં સુઈ જા. ત્યાં જવાના મનોરથ કરીશ નહિ, હું અંગરક્ષક થઈ તારૂં રક્ષણ

કરીશ. એમ કહીને નળે દવદન્તીને પાંદડાની શય્યા ઉપર પોતાનું વસ્ત્ર પાથરીને સુવાડી. સુતાં મનમાં અર્હન્ત દેવનું સ્મરણ નવકાર ગણવા પૂર્વક કરીને સુઈ ગઈ. દવદન્તીને નિદ્રા આવી. ત્યારે નળે વિચાર્યું કે–જેઓ આપત્તિમાં સસરાને ત્યાં આશ્રય લેવા જાય છે તેઓ લોકમાં નરાધમ ગણાય છે. માટે શા માટે દવદન્તીના પિતાના શરણે હું જાઉં? હવે તો મારા હૃદયને વજ્રમય બનાવીને આનો અહિં જ ત્યાગ કરીને સ્વેચ્છા મુજબ રંકની જેમ હું અન્યત્ર ચાલ્યો જાઉં, આ મારી પ્રિયાના શીલના પ્રભાવથી અને શાશ્વત મંત્રના બળે એને કાંઇ જ ઉપદ્રવ થશે નહિ, એમ નિર્ણય કરીને છુરી લઈ, પોતાનું અડધું વસ્ત્ર ફાડીને દવદન્તીના અર્ધ વસ્ત્ર ઉપર નળે પોતાના લોહીવડે એક શ્લોક સતી જાગે ત્યારે જાણે એમ સમજી લખ્યો.

" વિદર્ભેષ્વેષ યાત્યાધ્વા વટાડલંકૃતયા દિશા;
કોશલેષુ ચ તદ્ધ્વામસ્તયોરેકેન કેનચિત્? ૧
ગચ્છેઃ સ્વચ્છાશયે કિમ્ પિતુર્વા શ્વશુરસ્ય વા;
અહં તુ કવાપિ સ્થાતું ન ઉત્સહે હે વિવેકિની? " ૨

ઉપર મુજબના અક્ષરો લખીને શબ્દ વગર રૂદન કરતા નળે ચોરની જેમ મંદ મંદ ગતિએ જવાની શરૂઆત કરી દીધી.

સુતેલી પોતાની પત્નિને, પાછું વળીને જોતો, આગળ જતાં વારંવાર પાછું જોતો, પત્નિને અગોચર ( અદૃશ્ય થયો ) જ્યારે આગળ નીકળી જવાથી, પત્નિને નહિ જોવાથી, મનમાં વિચાર કર્યો: અનાથ એવી એ બાળાને અરણ્યમાં સુતેલી જો વાઘ વિગેરે ફાડી ખાશે તો તેની શી દશા થશે. માટે છુપાઇને રાત્રી પસાર થાય અને એ જાગ્રત થાય પછી જ હું જાઉં. એમ વિચારી કોઇ ઝાડના પાછળ ગુપ્ત ઉભો રહી પતિ તરફ નજર

રાખવા લાગ્યો અને વિચાર્યું કે જાગશે ત્યારે મેં દર્શાવેલા સ્થાને એની ઈચ્છા મુજબ જશે. જેમ કોઈ વ્હાલી વસ્તુ પડી ગઈ હોય તે લેવાને પાછો વળે તેમ પાછો આવી નજીકમાં છુપાઈ રહ્યો.

ત્યાં દવદન્તીને ઊંઘમાં ભુમી ઉપર પાસું ફેરવતાં વળી વિચાર કર્યો કે—

અહો, નળના અંતઃપુરમાં અનેક દાસીઓથી સેવાતી સૂર્ય પણ જેણે જોયો નથી, પલંગમાં સુખ નિદ્રા લેતી વિચિત્ર દિવ્ય વસ્ત્રાલંકારોને ધારણ કરનારી, આજે એક વસ્ત્ર પહેરેલી, એકલી ગાઢ જંગલમાં સુતી છે. હા હા મારાજ પાપે આની આવી દશા થઇ છે હું હતાશ થઈ ગયો છું, શું કરૂં ? હું ધણી હોવા છતાં ધણી વગરના જેવી મહાસતી ગુણોનું પાત્ર ભૂમિ ઉપર આળોટે છે. હજારો વાર મને ધિક્કાર છે ફીટકાર છે. મેં એકલી નિરાધાર મુકેલી જ્યારે જાગશે ત્યારે, મેં જેમ એનો ત્યાગ કર્યો તેમ એ પોતાના પ્રાણનો પણ ત્યાગ કરશે મને કાંઈજ સુઝતું નથી.

આવા અનેક પ્રકારના વિચારોના વમળમાં અટવાયેલા નળે જે થવાનું હશે તે થશે એમ નિર્ણય કરી રાત્રી પુરી થઇ એટલે ઉતાવળે પગલે નળ રવાના થઈ ગયો.

આ બાજુ રાત્રી પુરી થયા પહેલાં દવદન્તીએ સ્વપ્ન જોયું. સ્વપ્નામાં પોતે ફળેલા આંબા પર ચડેલી હતી, અનેક ભમરાઓ ગુંજારવ કરતા હતા, આંબાના ફળોનું આસ્વાદન કરતી હતી એટલામાં વન હાથીએ આવીને તે આંબાના વૃક્ષને મૂળમાંથી ઊખેડી નાખ્યો, પક્ષીની જેમ પોતે પૃથ્વી પર પડી. આવા પ્રકારનું સ્વપ્ન જોઇને દવદન્તી તુર્ત જાગી પતિ ક્યાં ? ચારે

બાજુ જોવા લાગી ન દેખાવાથી હા અશરણ એવી મારો શું સ્વામીએ પણ ત્યાગ કર્યો ? ના ના એમ બને નહિ, આટલામાંજ મોઢું હાથ-પગ ધોવા ગયા હશે. અથવા કોઈ વિદ્યાધરીએ મારા પતિના રૂપથી આકર્ષાઈ હરણ કરી ક્રિડા કરવા લઇ ગઈ હશે ? ખરેખર વૈરીણી એવી એ વિદ્યાધરીએ પોતાની કોઇ કળાથી મારા પતિને મોહિત કર્યા હશે ? કે જેથી હજુ પતિ આવ્યા નહિ. આ પૃથ્વી વૃક્ષો પર્વતો બધું કાલે જોયું હતું એ જ છે. અરણ્ય પણ એ જ છે. ફક્ત આંખોને ઠારનાર, શબ્દોથી કાનને પાવન કરનારા એક પતિ જ દેખાતા નથી.

ચિંતા સમુદ્રમાં ડૂબેલી દવદન્તી સ્વપ્નનો અર્થ ચિંતવવા લાગી. આંબો-તે નળ, ભમરીઓ-રાજ્ય પરિવાર, ફલેલો-તે મોટું રાજ્ય, ફલાસ્વાદ-રાજ્ય સુખ, વન હાથી-તે દૈવ અને વૃક્ષ ઉપરથી પડવું તે પતિથી ભ્રષ્ટ થવું. આવા પ્રકારના સ્વપ્નથી મારા પતિનો મેળાપ દુર્લભ છે. એમ વિચારી બુદ્ધિમાન દવદન્તીએ મુક્ત કંઠે રોવા માંડયું દુર્દશાને પામેલી સ્ત્રીઓને ધૈર્ય કયાં સુધી ટકે ? હે સ્વામી ! મારો શું અપરાધ, મારો ત્યાગ શા માટે ? શું તમોને હું ભારરૂપ થાત ? પોતાની કાંચળી સાપને શું ભારરૂપ થાય છે ? નહિ જ. હે સ્વામી ! હાસ્યથી કયાંય છુપાયા હો તો હવે દર્શન આપો, અતી હાસ્ય સારૂં નહિ. હે વનદેવતાઓ ! હું તમોને પ્રાર્થના કરૂં છું, મારા પતિનાં દર્શન કરાવો અથવા તે જે માર્ગે ગયા હોય તે માર્ગ બતાવો. હે પૃથ્વી ! તું બે ભાગે થઈ જા કે જેથી હું સમાઈ જાઊં. આવા વિવિધ પ્રકારના વિચારોથી વિલાપ કરી આંસુઓની ધારાથી જમીનને સિંચવા લાગી. જલે, સ્થળે, પર્વતે, અરણ્યે કોઈ પણ જગ્યાએ નળને ન જોવાથી તાવથી પીડાયેલીની જેમ જરા પણ નિવૃત્તિ પામી

નહિ. ગાંડીની જેમ અરણ્યમાં ભટકતાં વસ્ત્રના છેડે પતિના અક્ષરો જોવાથી વિકસીત કમલના જેવી હર્ષિત થઇ. અક્ષરો વાંચવા લાગી. વાંચીને હું નક્કી પતિના મન સરોવરમાં હંસી છું, એમ ન હોય તો મને આદેશરૂપી પ્રસાદ કરત નહિ, મારા પતિનું વચન મારે ગુરુથી પણ અધિક માનવું જોઇએ. એમના આદેશ પ્રમાણે વર્તવાથી મને સુખ થશે. માટે પિતાને ત્યાં જાઉં, પહેલાં પણ પતિ સાથે જવાનો ઇરાદો પિતાને ત્યાંનો મેં પતિને જણાવેલો હતો જ, એમ નિર્ણય કરી તે વડવૃક્ષની બાજુના માર્ગે કુંડિનપુર જવા લાગી. આગળ વધતાં મોં ફાડેલા વાઘો ફાડી ખાવા સન્મુખ જતાં, દવદન્તીના સતીત્વના પ્રભાવથી દવદન્તીને અગ્નિની જેમ જોઈ પલાયન થઈ ગયા. સર્પો ગારૂડીના મંત્ર બળથી સ્થંભીત થાય એમ ન હાલે કે ચાલે એવા થયા. મદોન્મત્ત હાથીઓ સિંહની જેમ જોવાથી પરાભવ કરી શક્યા નહિ. બીજા પણ અનેક ઉપદ્રવો નાશ પામી ગયા. જે પતિવ્રતા સ્ત્રીઓ હોય તેઓને કુશલ જ હોય છે. દવદન્તી કોઇ ભીલની વહુની જેમ છુટા કેશવાળી, તત્કાલ સ્નાન કરી ભીંજાયેલા શરીરવાળી ( આંસુ પાડવાથી )ની જેમ, દાવાનળથી ત્રાસ પામેલી હાથણીની જેમ ઉતાવળે પગલે આગળ જતાં મહા ઋદ્ધિમાન સાર્થવાહે પડાવ નાખેલો એના જોવામાં આવ્યો. વિચાર કર્યો પુણ્યયોગે સાર્થ મળ્યો હવે આ અટવી પસાર થઇ શકશે એમ વિચાર કરે છે. એટલામાં ચારે બાજુથી ચોરોએ આવી દેવોને જેમ દાનવો ઘેરી લે તેમ સાર્થને ઘેરી લીધો. દવદન્તીને જોવાથી સાર્થ લોકો આ પણ ચોર લોકોની સાગ્રીત છે એમ સમજી વધારે ભય પામ્યા; ધનવાનોને ભય સુલભ હોય છે.

દવદન્તીએ સાર્થવાહની કુલદેવી હોય, તેમ રે લોકો તમે ભય પામો નહિ, ભય પામો નહિ, કહીને ચોરોને કહ્યું, હે

દુરાશયવાલા ! અહિંથી ભાગી જાઓ, ભાગી જાઓ, મારાથી રક્ષણ કરાતા આ સાર્થનું તમે અનિષ્ટ કરશો તો તમો જ અનર્થને પામશો.

આ તો કોઈ ભૂતના વળગાડથી ભૂતગ્રસ્થ થયેલી વાયડી, ગાંડી છે એમ સમજી ચોરોએ દવદન્તીની અવગણના કરી ભય પામ્યા સિવાય ઉપેક્ષા કરી.

દવદન્તીએ સાર્થવાહના હિત માટે કરૂણા લાવી ચોરોના સામે જોરથી હુંકારા વારંવાર કરતાં અરણ્યમાં કાન ફાડી નાખે એવા અવાજથી, ધનુષ્યના ટંકારથી સુભટો પલાયન થઈ જાય તેમ ચોરો ચારે દિશામાં નાસી ગયા. એ જોઈ ઉપદ્રવ રહિત થયેલા સાર્થલોક કહેવા લાગ્યા. આ કોઈ વનદેવી અમારા પુણ્યથી આકર્ષાઈ આવેલ છે. જેણે અમારા જીવ સાથે ધનમાલનું રક્ષણ કર્યું.

સાર્થવાહે દવદન્તીને ભક્તિભાવથી માતાની જેમ પ્રણામ કરી પૂછ્યું. "હે મહાનુભાવે ! આ મહા અટવીમાં તું કેમ ભટકે છે, તું કોણ છે ?"

દવદન્તીએ પોતાના ભાઇની જેમ સાર્થવાહને નળરાજા જુગારના વ્યસનથી રાજ્યાદિ સર્વસ્વ ગુમાવ્યાનો સર્વ વૃત્તાંત કહ્યો. સાર્થવાહે કહ્યું "હે મહાસતી ! તું મહારાજા નળની પત્નિ અમારે પૂજ્ય છો અમે પુણ્યવાન છીએ, અમારૂં રક્ષણ કરી મહાઉપકાર કર્યો છે, હે સતી ! તારા ઉપકારથી ખરીદાયેલા અમે તારા દાસ છીએ, અમારા આવાસે આવી તારા પવિત્ર પગલાંથી અમોને પાવન કર, તારૂં જેટલું સ્વાગત ભક્તિ કરીએ, એ બધું તારા ઉપકાર આગળ કાંઈજ ગણત્રીમાં નથી." એમ કહીને તે સાર્થવાહ પોતાના તંબુમાં દવદન્તીને લઇ

જઈને દેવીની જેમ ઉપાસના કરવા લાગ્યો. દવદન્તી પણ વિશ્રામને પામી સાર્થવાહની ભક્તિથી બધું દુઃખ તત્કાળ વીસરી ગઈ.

એ અવસરે અખંડ ધારાએ વરસાદ ખુબ જોરથી વરસવા માંડ્યો, જોતજોતામાં પાણીના પ્રવાહથી એ અરણ્ય જળમય બની ગયું, જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી થઇ ગયું, ત્રણ રાત્રી સુધી વરસાદ વર્ષ્યો, બંધ થયો ત્યારે ચારે બાજુ કાદવ–કીચડ થઇ ગયો, દવદન્તી પણ વરસાદ બંધ થયા પછી સાર્થ-વાહને કહ્યા સિવાય એકલી એ સ્થાન છોડીને રવાના થઈ ગઈ.

નળે સતીનો ત્યાગ કર્યો ત્યારથી ચતુર્થ તપ કરવામાં દવદન્તી લીન થઈ, ધીમે ધીમે આગળ જવા લાગી. આગળ જતા અમાવાસ્યાના અંધકાર જેવો કાળો ભયંકર સાક્ષાત યમના જેવો એક રાક્ષસ સામેથી આવતો જોયો. પાસે આવી રાક્ષસે દવદન્તીને કહ્યું, અરે માનુષિ હું બહુ જ ભૂખ્યો છું, ઘણા કાળે તું ભક્ષપણાને પ્રાપ્ત થઈ છે માટે જલદી તારૂં ભક્ષણ કરી મારી ક્ષુધાને તૃપ્ત કરીશ. દવદન્તી ભય પામવા છતાં, ધીરતાનું અવલંબન કરી બોલી : રે રે રાક્ષસ ! મને મરણનો ભય નથી, પરંતુ હું પરસ્ત્રી છું, આર્હત ધર્મથી વાસિત મારૂં મન છે, મને સ્પર્શ કરીશ નહિ, કરીશ તો તું મહાદુ:ખને પામીશ. જરા વિચાર કર.

દવદન્તીનાં સત્વશાલી વચનો સાંભળી રાક્ષસ ખુશ થયો. રાક્ષસે કહ્યું : હું તારા પર તુષ્ટમાન થયો છું, તારૂં શું ભલું કરૂં ? દવદન્તીએ કહ્યું : જો તુષ્ટ થયો છે, તો કહે મારા પતિનો સમાગમ મને ક્યારે થશે. અવધિજ્ઞાનથી જાણીને રાક્ષસે કહ્યું, રાજ્ય ત્યાગથી માંડીને બાર વર્ષે તારા પતિનો સમાગમ થશે.

હે યશસ્વીની! તારા પિતાને ત્યાં તારા પતિ મળશે, એમાં શંકા રાખીશ નહિ. તારી ઇચ્છા હોય તો આંખ મીંચી ઉઘાડતાં જેટલો સમય થાય એટલા સમયમાં તારા પિતાને ત્યાં તને મૂકું, ફોગટ ચાલવાનો શ્રમ કરવાનું હવે કારણ નથી.

દવદન્તીએ કહ્યું : હે ભદ્રે! મારા પતિના સમાગમનો વૃતાંત કહ્યો એથી મારૂં સઘળું ઇષ્ટ તેં કર્યું છે. પણ પરપુરુષના સ્પર્શ દ્વારા એ પિતાને ત્યાં જવા મારૂં મન નથી. હું જાતે જઇશ, તારૂં કલ્યાણ થાઓ. ત્યાર પછી રાક્ષસે પોતાનું તેજસ્વી દેવનું રૂપ બતાવ્યું–બતાવીને વિજળીની જેમ અદ્દશ્ય થઈ ગયો.

બાર વર્ષે પતિ મિલન થવાનું જાણી દવદન્તીએ રાતું વસ્ત્ર, પાન, અલંકાર, વિલેપન અને વિગઈ નહિ વાપરવાનો અભિગ્રહ ધારણ કર્યો. એક પર્વતની ગુફામાં વર્ષાઋતુ પસાર કરવા રહી. શ્રી શાંતિનાથ પ્રભુની માટીની પ્રતિમા બનાવીને એક ખુણામાં પધરાવી ત્રણે કાળ વિધિપૂર્વક પૂજન, અર્ચન, સ્તુતિથી પ્રભુભક્તિનો લાભ લેવા લાગી. સ્વયં તાજાં ફળો લાવીને પૂજવા લાગી અને તપના પારણામાં બીજ રહીત પ્રાસુક ફળોથી પારણું કરતી છતી સુખપૂર્વક કાળ નિર્ગમન કરવા લાગી.

આ બાજુ સાર્થવાહ દવદન્તીને ન જોવાથી પગલે પગલે તે ગુફામાં આવ્યો. આવીને દવદન્તીને પ્રભુ પુજામાં લીન જોઇ ક્ષેમકુશળ જોઇને વિસ્મયતાપૂર્વક વિકસીત વદને દવદન્તીને પ્રણામ કરી બેઠો. દવદન્તીએ પણ પૂજાનું કાર્ય પુરૂં કરીને મધુર વાણીથી સાર્થવાહનું સ્વાગત પ્રશ્નપૂર્વક સન્માન કર્યું અને વાતો કરવા લાગ્યાં. એમના અવાજથી નજીકમાં રહેલા કેટલાક તાપસો ત્યાં આવ્યા. ઊંચા કાન કરી મૃગલાઓ જેમ

સંગીત સાંભળે તેમ તાપસો સાંભળવા લાગ્યા. એટલામાં ત્યાં વરસાદ વર્ષવો શરૂ થયો. મુશળધારા વરસાદ પડવાથી તાપસો આપસમાં કહેવા લાગ્યા. આવી પરિસ્થીતીમાં આપણે ક્યાં જઈશું ? વરસાદથી કેવી રીતે બચાશે ?

દવદન્તીએ ભયભીત થયેલા તાપસોને કહ્યું : બ્હીશો નહિ, બ્હીશો નહિ, એમ મોટેથી બોલીને તાપસોની ફરતી રેખા અંકિત કરીને જો હું સતી હોઉં, સરળ આશયવાળી હોઉં તો આ રેખાની અંદર પાણી પડો નહિ, એ બોલી સતીત્વના પ્રભાવથી જાણે છત્ર ધર્યું હોય. અને પાણી શરીરને અડે નહિ એમ તે તાપસો ઉપર વરસાદનો છાટો પણ પડ્યો નહિ. આવા પ્રકારનો ચમત્કાર જોઇને તાપસો કહેવા લાગ્યા. ખરેખર આ કોઇ મહાન્ દેવી છે, આવી શક્તિ કોઈ માનવસ્ત્રીમાં સંભવે નહિ. તાપસોનો ઉપદ્રવ દુર થયા પછી, વસંત સાર્થવાહે દવદન્તીને પૂછ્યું. હે ભદ્રે ! કહે તું આ કયા દેવની પૂજા કરે છે. તે સાર્થવાહના પુછવાથી દવદન્તીએ કહ્યું : આ અરિહંત દેવની પ્રતિમા છે. ત્રણ જગતના નાથ છે, મનવાંછિત પુરનાર છે. એના પ્રભાવથી હું આવા અરણ્યમાં પણ નિર્ભય છું. મને વાઘ, સિંહ આદિ શીકારી હિંસક પશુઓ પણ કાંઈ જ અનિષ્ટ કરવા સમર્થ નથી એમ કહ્યું. કહીને જીવદયા મૂળ જૈનધર્મનો સારો પરિચય આપ્યો. અપૂર્વ જૈનધર્મનો પ્રભાવ જાણીને વસંત સાર્થવાહ તથા તાપસોએ મિથ્યાત્વનો ત્યાગ કરવા પૂર્વક તે ધર્મ અંગીકાર કર્યો. વસંત સાર્થવાહે ત્યાં તાપસપુર નગર વસાવ્યું. પાંચસો તાપસ ત્યાં બોધ પામ્યા તેથી તાપસપુર તરીકે તે નગરની પ્રસિદ્ધિ થઇ. તે નગરમાં સાર્થવાહે જિનમંદિર તૈયાર કરાવી શાંતીનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના વિધિ મુજબ કરાવી પોતાના અઢળક ધનનો સદ્વ્યય કર્યો અને કેટલોક કાળ ત્યાં પસાર કર્યો.

અન્યદા નળપ્રિયાએ પર્વતના શિખર ઉપર ઉદ્યોત રાત્રીએ જોયો. આકાશમાંથી નીચે આવતા જતા દેવો વિદ્યાધરો જય-જયારવ કરતા હતા. વસંતસાર્થવાહ તાપસો–અનેક લોકો શું આશ્ચર્ય છે ? એમ વિસ્મય પામેલા સતીને અગ્રેસર કરી પર્વત ઉપર ચડી ગયા.

ત્યાં સિંહકેશરી નામના સાધુ મહાત્માને તુર્તમાં કેવલ-જ્ઞાન ઉત્પન્ન થયેલું જાણીને જ્ઞાનનો મહોત્સવ કરવા માટે દેવો વિદ્યાધરો આવેલા હતા. સુવર્ણના કમળસિંહાસને બેઠેલા કેવળી મહાત્માને સર્વેએ વંદન કર્યું. દવદન્તી વસંત સાર્થવાહ અને તાપસો પોતાના આત્માને કૃત્યકૃત્ય માની, દ્વાદશ વંદનાદિ વિધિ પુરી કરીને યોગ્ય સ્થાને બેઠા. તે અવસરે કેવળજ્ઞાની મુનિરાજના ગુરૂ યશોભદ્રસૂરિ પણ ત્યાં આવ્યા, પોતાના કેવળી શિષ્યને વંદન કરી સૌની આગળ બેઠા.

કરૂણાના ભંડાર સિંહકેશરી કેવળીએ ધર્મદેશના આપવાની શરૂઆત કરતાં ભો ભવ્ય જીવો સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને મનુષ્યપણું પામવું અત્યંત દુર્લભ છે, તે પ્રાપ્ત થયા પછી એને સફળ બનાવવા જીવદયા મૂળ જીનધર્મ અંગીકાર કરવો જેના પ્રતાપે સર્વથા દુઃખથી મુક્ત અને સંપૂર્ણ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. કાનને અમૃતમય વાણી સંભળાવીને સાર્થવાહ તથા તાપસોનો સંશય નિવારવા કેવળી ભગવંતે કહ્યું : આ મહાસતી દવદન્તીએ તમોને જે ધર્મ કહ્યો છે, તે યથાર્થ છે, જીનધર્મના રંગથી રોમેરોમમાં રંગાયેલી એનું વચન મિથ્યા નથી, એ સતીના ધર્મપ્રભાવથી વરસાદનો ઉપદ્રવ તમોને નડ્યો નહિ, કરેલી મર્યાદામાં પાણીનું બિંદુ પણ પડ્યું નહિ, ચોરલોકો હુંકાર માત્રથી પલાયન થઈ ગયા વગેરે પ્રત્યક્ષ પુરાવાથી એ મહાનુભાવા છે આર્હંત ધર્મની ઉપાસીકા

મહાસતી દવદન્તીના શીયળ પ્રભાવે દેવો પણ એનું સાનિધ્ય કરી ઉપદ્રવોનું નિવારણ કરે છે, એ પ્રમાણે કેવલી એના મહિમાનું વર્ણન કરતા હતા. એ અવસરે કોઈ મહર્ધિક દેવે ત્યાં આવી કેવલી ભગવંતને વંદન કરીને દવદન્તીને કહેવા માંડયું:

"હે ભદ્રે! આ તપોવનમાં કુલપતિનો હું કર્પર નામનો શિષ્ય તપ તેજના પ્રભાવે દુષ્પ્રેક્ષ્ય હતો. પંચાગ્નિ સાધક મહાતપ કરવા છતાં તપોવનમાં રહેલા તાપસો મારો સત્કાર સન્માન આદર ગૌરવ કરતા નહોતા, પ્રિય શબ્દોથી પણ બોલાવતા નહોતા, તેથી મહાઅભિમાની એવા મેં આશ્રમનો ત્યાગ કર્યો, ક્રોધ રાક્ષસથી ઘેરાયેલો રાત્રીના અવસરે અંધકારમાં કોઇ ગીરી ગુફામાં અણીયાળા પત્થરો સાથે અફળાયો, જોરથી અફળાવાથી મારા બધા દાંત પડી ગયા, શરીરે ખૂબ પીડા થઇ, સાત રાત્ર સુધી મેં અસહ્ય પીડા ભોગવી છતાં તે તાપસોએ મારી કશી જ ખબર લીધી નહિ, ઉલટું જેમ ઘરમાંથી ભયંકર સર્પ નીકળી જવાથી ઘરનાં માણસો શાંતીનો અનુભવ કરે તેમ મારા જવાથી આશ્રમવાસી તાપસો પોતાને પીડા ગઇ એમ માની સુખ અનુભવવા લાગ્યા. તેથી તેઓના ઉપર અત્યંત ઉગ્ર ક્રોધને ધારણ કરતો, પ્રતિકાર કરવાને અસમર્થ શારીરીક અને માનસીક અસહ્ય વ્યથાને ભોગવતો મરણ પામી આ જ અરણ્યમાં આશ્રમની નજીક મોટો વિષધર સર્પ થયો. અન્યદા પતિ વિયોગીણી તું એ રસ્તેથી જતી હતી ત્યારે તને ડંખ દેવા હું ધસ્યો. ઉતાવળથી આવતો હતો, પરંતુ તેં નવકાર ગણ્યો, એ ગણુતાની સાથે જ મારી ગતિ અટકી પડી, કોઈએ મને મજબુત પકડ્યો હોય તેમ તને ડંખ દેવાને અસમર્થ થયો, મારી શક્તિ હણાઈ ગઈ, તું ચાલી ગઇ. હું પણ દેડકા વગેરેનું ભક્ષણ કરી જીવન જીવવા લાગ્યો. એક વખત તાપસોના

આગળ તું ધર્મ સંભળાવતી હતી. ત્યાં મેં સાંભળ્યું. જે જીવોને મારી સુખી થવાના મનોરથો સેવે છે, તે મહાપાપી સુખના બદલે ભયંકર દુઃખોનું સર્જન પોતા માટે કરે છે, એવું તારૂં કથન સાંભળીને મને વિચાર થયો કે નિરંતર હિંસામાં રચ્યોપચ્યો રહેનાર મારૂં શું થશે. ઉહાપોહ કરતાં જાતિસ્મરણથી પૂર્વના સહવાસી આ તાપસો છે. ગત જન્મ યાદ આવવાથી મને વૈરાગ્ય ઉત્પન્ન થયો, અણસણ કરી શુભધ્યાને મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે કુસુમસમૃદ્ધ વિમાનમાં કુસુમપ્રભ નામનો દેવ થયો. હે મહાસતિ! મહાભયંકર પાપી નરકગામી એવો હું તારા જ પ્રભાવથી દેવઋદ્ધિને પામ્યો, પામીને દિવ્ય સુખો ભોગવનારો થયો, અવધિજ્ઞાનથી મહાઉપકારીણી જાણીને તારા દર્શને આવ્યો છું, હું તારો ધર્મપુત્ર છું. આ પ્રમાણે દવદન્તીને કહી તે દેવે પૂર્વભવના પરિચિત તાપસો તરફ વળીને કહ્યું: હે બાંધવો, મારૂં પૂર્વભવનું તમારા પ્રત્યેનું પાપાચરણ હું આ કેવલી ભગવંત અને સર્વ સમક્ષ ખમાવું છું, તમોએ પ્રાપ્ત કરેલ શ્રાવક ધર્મનું નિધાનની પેઠે રક્ષણ કરજો. એમ કહીને તે ગુફામાં રહેલી પોતાની સર્પ કાયને બહાર કાઢી નન્દિ નામના વૃક્ષે લટકાવી, તાપસોને કહ્યું, જે કોઈ ક્રોધ કરશે તેના ફળ સ્વરૂપ આવો વિષધર ભુજંગપણાને પ્રાપ્ત થશે. જેમ હું કર્પૂર તાપસ મરીને ક્રોધ કષાયથી ભુજંગપણાને પામ્યો હતો તેમ.

આ પ્રમાણે તે દેવનું વૃત્તાંત સાંભળીને સમ્યકૃત્વધારી કુલપતિ વિશેષ વૈરાગ્ય વાસિત બનીને કેવલી ભગવંતને વંદન કરીને દીક્ષાની યાચના કરી, ત્યારે કેવલીએ કહ્યું, આ મારા ગુરૂ યશોભદ્રસૂરી દીક્ષા આપશે.

વિસ્મય પામેલા કુલપતિએ પૂછયું: હે ભગવન્! આપે

દીક્ષા કેમ લીધી. જવાબમાં કેવળીએ કહ્યું, કોશલાપુરીમાં નળ રાજાના નાના ભાઇ કુબેરનો હું પુત્ર છું. સંગાનગરના કેશરી રાજાની બંધુમતી નામની કન્યાને પરણીને સ્વનગરે આવતાં આ ગુરૂજીને જોયા. ભક્તિથી વંદન કરી મારૂં આયુષ્ય પૂછ્યું. જ્ઞાનબળે જાણીને પાંચ જ દિવસનું કહ્યું. હું ચિંતામાં પડી ગયો. ગુરૂએ કહ્યું, વત્સ ચિંતા કર નહિ. એક દિવસનું પણ ચારિત્ર સર્વથા દુઃખથી મુક્ત કરવા સમર્થ છે. એથી વૈરાગ્યવાસિત થઈને મેં દીક્ષા લીધી. ગુરૂજીની આજ્ઞાથી હું અહિયાં આવ્યો. શુક્લધ્યાનમાં સ્થિત થયો. ક્ષપકશ્રેણીથી ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યો. એ પ્રમાણે સિંહકેશરી કેવલીની વાણી સાંભળી કેવલીએ પણ યોગનિરોધ કરી અઘાતી કર્મોને ખપાવી, આયુષ્ય પૂર્ણ કરી શાશ્વત સુખની પ્રાપ્તિ કરી દેવોએ કેવલી ભગવાનના પવિત્ર દેહનો અગ્નિ સંસ્કાર કર્યો.

યશોભદ્રસૂરી પાસે વિમલમતી કુલપતિએ દીક્ષા ગ્રહણ કરી. દવદન્તીએ કહ્યું, હે પૂજ્ય મને પણ દીક્ષા આપો. સૂરિજીએ કહ્યું : હે સતી હજુ તારે નળ સાથે સંસારીક સુખ ભોગવવાનાં છે, માટે આપી શકાય નહિ કહી ગુરૂ પર્વત ઉપરથી નીચે ઉતરી તાપસપુરમાં આવી, શાંતીનાથ ભગવાનના ચૈત્યમાં વંદનાદિ કરી લોકોને સમ્યક્ત્વધારી બનાવ્યા.

હવે મલીન અંગ વસ્ત્રવાળી, ધર્મધ્યાનમાં લીન ભીક્ષુણી જેવી, દવદન્તીએ સાત વર્ષ તે ગુહામાં પસાર કર્યાં. એક વખતે કોઇ મુસાફરે આવીને કહ્યું : હે દવદન્તી મેં અમુક સ્થાને તારા પતિને જોયા હતા. તે સાંભળી રોમાંચીત થઈ. આ કોણ હશે ? એ જાણવાને ગુફામાંથી બહાર નીકળી દૂર સુધી જઈ પણ કોઈ જોવામાં આવ્યું નહિ બોલનાર વ્યક્તિ અદૃશ્ય થઈ ગઈ, ગુફા દૂર રહી ગઈ, શુભ સમાચાર આપનાર દેખાયો નહિ.

ઉભય ભ્રષ્ટ થઈ ગુફા તરફ પાછી વળતાં હતાશ થયેલી એક સ્થાને બેસી રોવા લાગી. વિલાપ કરી હા દૈવ હું શું કરૂં ? કયાં જાઉં ? એટલામાં એક ભયંકર રાક્ષસી હું તને ખાઈ જઈશ કહી મોં ફાડીને ધસી આવતી જોઇ દવદન્તી બોલી : મેં નળ સિવાય બીજા પુરુષને મનથી પણ ન ઈચ્છયો હોય તો હે રાક્ષસી તું હતાશા થા. શીલના પ્રભાવે રાક્ષસીએ પણ પ્રણામ કર્યાં. ક્ષણમાં રાક્ષસી અદ્દશ્ય થઈ ગઈ.

દવદન્તી પતિનું ધ્યાન કરતી આગળ જતાં ખૂબ તૃષાતુર થઇ થાકી ગઈ, તૃષાથી ગળું સુકાવા માંડયું. એટલામાં એક પાણી વગરની નદી આવી, કાંઠે ઉભીને બોલી, મારા અંતઃકરણમાં નિર્મળ સમ્યક્ત્વ હોય તો નિર્મળ જળ અહીં થાઓ તત્કાળ ઈન્દ્રજાળની જેમ ખળખળ પાણી વહેવા માંડયું. હાથીણીની જેમ પાણી પીઇને શાંત થઈ. આગળ જતાં વડના ઝાડ નીચે વનદેવીની જેમ બેઠી. એટલામાં મુસાફરોએ જોઈ, જોઇને કહ્યું, ભદ્રે ! તું કોણ છે ? અમોને દેવી જેવી લાગે છે. દવદન્તીએ કહ્યુ : હું દેવી નથી, માનુષી છું. સાર્થ ભ્રષ્ટ થયેલી અરણ્યમાં ફરૂં છુ, તાપસપુર જવું છે, માર્ગ બતાવો. મુસાફરોએ કહ્યું, સૂર્ય અસ્ત થાય તે દિશામાં જા. તને માર્ગ બતાવવા સાથે આવી શકાય એમ નથી, અમે પાણી માટે આવ્યા હતા તે લઇને સાર્થમાં જઇશું. તારે અમારી સાથે આવવાની ઈચ્છા હોય તો સાથે ચાલ, ત્યાંથી કોઈ નગરે પહોંચાડીશું. દવદન્તી એમના સાથે ગઈ. સાર્થવાહ ધનદેવે પૂછયું : તું કોણ છે, કયાંથી અત્રે આવી છે. જવાબમાં—હું વણિક પુત્રી પતિ સાથે પિતાને ત્યાં જતી હતી, સુતેલી મૂકીને મારા પતિ ત્યાગ કરી ગયા, જાગીને પતિને ન જોવાથી ભટકતી હતી, તમારા માણસો મળ્યા અને મને અહિયા લાવ્યા. માટે હે મહા-

ભાગ, મને કોઈ પણ વસતિના સ્થાને લઈ જાઓ. તમારૂં કલ્યાણ થાઓ.

ધનદેવ સાર્થવાહે કહ્યું. અમે અચલપુર જઇએ છીએ. તને ફુલની જેમ લઈ જઈશું, ચિંતા કર નહિ. કહીને સુંદર વાહનમાં બેસાડી પોતાની પુત્રીની જેમ સાથે લીધી.

આગળ જતાં ધનદેવ સાર્થવાહે, કોઈ પર્વતની નજીકમાં પડાવ નાખ્યો, રાત્રીએ દવદન્તીએ સાર્થમાં રહેલા કોઇના મુખથી નવકાર મંત્રનું સ્મરણ કરતો સાંભળ્યો, કોઈ સાધર્મીક બંધુ છે સમજી સાર્થવાહને સાથે લઇને તેની પાસે ગઇ, તંબુમાં ચૈત્યવંદન કરતો જોઇ હર્ષ પામી. શ્રાવક કૃષ્ણરત્નવર્ણની પ્રતિમા સામે રાખીને વંદન કરતો હતો. દવદન્તીએ અનુમોદનાપૂર્વક હર્ષાશ્રુથી પ્રભુને વંદન કર્યું. ચૈત્યવંદન પુરૂં થયા પછી દવદન્તીએ પુછ્યું : હે બંધુ આ કોની પ્રતિમા છે, જવાબમાં આ ભાવિમાં થનાર ઓગણીસમા શ્રી મલ્લીનાથ પ્રભુજીની પ્રતિમા છે, હે કલ્યાણી મારા કલ્યાણને માટે ભાવથી આ પ્રતિમાનું પૂજન કરૂં છું. વિશેષ હકીકત સાંભળ. હું કાંચીપુરીનો વણિક છું, કાંચીપુરીમાં એકદા ધર્મગુપ્ત નામના જ્ઞાની મુનિરાજ આવીને રતિવલ્લભ વનના એક ભાગમાં બિરાજમાન થયા, વંદન કરીને મેં પૂછ્યું મારો મોક્ષ કોના તીર્થમાં થશે, મુનિ ભગવંતે કહ્યું, શ્રી મલ્લીનાથ પ્રભુના તીર્થમાં તું દેવલોકથી ચ્યવી મિથિલા નગરીમાં પ્રસન્નચંદ્ર રાજા થઇ, રાજ્ય વૈભવનો ત્યાગ કરી, સાક્ષાત્ વિચરતા મલ્લિનાથ પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામી દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી મોક્ષે જઇશ. આ પ્રમાણે ધર્મગુપ્ત મુનિની વાણીથી આ પ્રતિમા તૈયાર કરીને પુજુ છું, શ્રાવકે પોતાનો વૃત્તાંત કહ્યા પછી દવદન્તીને પૂછ્યું. ભદ્રે તું કોણ છે.

મહાસતી દવદન્તીએ ધનદેવ સાર્થવાહને જેમ પોતાનો

વૃત્તાંત કહ્યો હતો, તેમ અશ્રુભીની આંખે કહ્યો. સાંભળતાં શ્રાવકની આંખમાં પણ આંસુ આવ્યાં. શ્રાવકે આશ્વાસન આપતાં કહ્યું, હે મહાનુભાવ! તું શોક કરીશ નહિ, દુઃખોનું કારણ આપણાં સર્જેલાં અશુભ કર્મોનો ઉદય છે. આ સાર્થવાહ તારા પિતા અને હું તારા ભાઈ સમાન ગણજે. દુઃખોનો પણ અંત આવે છે, તું જરૂર સુખી થઈશ. આશ્વાસન પામેલી અને સાધર્મીકના મેળાપથી રાજી થયેલી રાત્રી પુરી થતાં પ્રભાતે સાર્થવાહે પ્રયાણ શરૂ કર્યું અને અચલપુર નજીકમાં સાર્થવાહ આવી ગયો.

દવદન્તીની ઈચ્છા મુજબ અચલપુરના દરવાજા આગળ મુકી સાર્થવાહ અન્ય યોગ્ય સ્થળે પડાવ નાખી રહ્યો.

તૃષાતુર થયેલી દવદન્તીએ ત્યાં રહેલી વાવમાં પ્રવેશ કર્યો. પાણી ભરવા આવેલી સ્ત્રીઓએ આ કોઈ જલ દેવતા હશે એમ આપસમાં એના સામું જોઈ વાતો કરવા લાગી. એટલામાં વાવમાં પગ મુકતાં ડાબો પગ ગોધાએ પકડ્યો, દુઃખ ઉપર દુઃખ જોઈને નવકારમંત્ર ત્રણવાર ગણતાં છુટી થઈ, હાથ મોઢું પગ ધોઈને પાણી પી સ્વસ્થ થઇને વાવની બહાર નીકળી. થાકી ગયેલી, હંસીની જેમ મંદ મંદ ચાલતી ઝાડ નીચે બેસી અચલપુર નગરની શોભા દૃષ્ટિગોચર કરી, શીલરત્નને ધારણ કરનારી મહાસતી દવદન્તીએ ક્યાં જવું એવા વિચારમાં હતી. એટલામાં ત્યાંના રાજા ઋતુપર્ણની રાણી ચંદ્રયશાની દાસીઓ સોનાના કુંભ લઈને અરસપરસ હાસ્ય કરતી પાણી ભરવા વાવ પાસે આવી.

તેણીઓએ–દુર્દશામાં પ્રાપ્ત થયા છતાં દેવીની જેમ દવદન્તીને જોઇ, રૂપમાં દેવાંગના જેવી, કાદવમાં કમલીની જેમ

એને જોઈ દાસીઓએ વિસ્મય પામી મંદમંદ ગતિએ વાવમાં પ્રવેશ કર્યો. પાણી ભરીને વારંવાર દવદન્તીને નીરખતી બહાર આવીને રાજમહેલે જઇ સ્વામીની ચંદ્રયશાને નિવેદન કરતાં દવદન્તીના રૂપ તેજ આકૃતિનું વર્ણન કર્યું. ચંદ્રયશાએ એ સાંભળીને, તરતજ દાસીઓને કહ્યું. તમે એને અહીંયા લઈ આવો. મારી પુત્રી ચંદ્રવતીની બહેન સમજીને એને સારી રીતે પુત્રીની જેમ રાખીશ. રાણીના કહેવાથી દાસીઓએ દવદન્તી પાસે આવીને કહ્યું હે સુભગે—

આ નગરમાં ઋતુપર્ણ રાજાની રાણી ચંદ્રયશાએ તને પોતા પાસે ગૌરવપૂર્વક આવવાનું કહ્યું છે. ચંદ્રવતી એની પુત્રી છે, તને પણ પુત્રીની જેમ રાખશે, માટે અમારી સાથે ચાલ, તું હવે તારા દુઃખને જલાંજલિ આપ. અહીંયા શુન્ય ચિત્તવાળી બેઠી છે, પરંતુ દુરાત્મા વ્યંતરાદિથી છલ પામી અનર્થને ભેટીશ. એ પ્રમાણે ચંદ્રયશા રાણીએ દાસીઓ મારફત કહેવડાવવાથી, આર્દ્ર મનવાળી રાણીના સ્નેહપૂર્વકના આમંત્રણથી, દવદન્તી એમના સાથે ચાલી. દાસીઓએ કહ્યું: અમારી સ્વામીનીની તું ધર્મપુત્રી અમારી પણ સ્વામિની છે, વગેરે વ્હાલભર્યા શબ્દોથી, અંતે દવદન્તી રાણી પાસે આવી.

ચંદ્રયશા—મારી માતાની બહેન છે, એમ દવદન્તી જાણતી નથી, રાણી પણ દવદન્તી મારી બહેનની પુત્રી અર્થાત્ ભાણેજી છે એવું જાણતી હતી, પરંતુ બાલ્યકાળમાં જોયેલી તે આ છે એવું જાણ્યું નહિ, તો પણ રાણીએ દુરથી એને પુત્રીની જેમ પ્રેમથી જોઈ, કહ્યું છે કે ઇષ્ટ અનિષ્ટ માટે અંતઃકરણ એ જ પ્રમાણ છે.

ચંદ્રયશા રાણીએ નલપ્રિયા દવદન્તીને આલિંગન કર્યું,

દવદન્તીએ પણ અશ્રુપુર્ણ નયનોએ રાણીને નીચે નમીને પ્રણામ કર્યો.

રાણીએ પૂછ્યું, પુત્રી તું કોણ છે? જવાબમાં સાર્થવાહને કહેલું, તે કહ્યું, રાણીએ એના દુ:ખમાં ભાગ લઈ, તું મારી કન્યા ચંદ્રવતીની જેમ સુખેથી અહીંયા રહે.

અન્યદા ચંદ્રયશાએ ચંદ્રવતીને કહ્યું. મારી ભાણેજી દવદન્તી જેવી આ તારી બ્હેન સંભવે છે. પરંતુ એકાકીની અહીં આવે શી રીતે? કયાં અમારા સ્વામી નળરાજાની પ્રેમનું એક પાત્ર રાણી દવદન્તી અને કયાં આ? આ અચલપુરથી નળરાજાની રાજ્યધાની ચારસો જોજનથી અધિક દૂર છે, ત્યાંથી એનું આગમન અને આ દશા જોતાં તે સંભવતું નથી એમ શંકા-કુશંકામાં પડી.

રાણી ચંદ્રયશા નગરની બહાર દાનશાળામાં દિન અનાથને દાન આપતી હતી. એક વખતે દવદન્તીએ રાણીને કહ્યું, હે માતા! આપ આજ્ઞા કરો તો હું દાન આપું, કદાચિત્ યાચક વેષે મારા પતિ આવે તો ઓળખી શકું. રાણીએ દવદન્તીની પ્રાર્થના સ્વિકારી ત્યારથી દવદન્તી સ્વયં દાન આપવા માંડી અને આવતા જતાને પુછવા લાગી, તમે આવા અમુક પ્રકારનો રૂપવાન પુરુષ જોયો છે? વગેરે પુછપરછ કરવા ખાસ લક્ષ આપતી હતી.

એક વખતે દાનશાળામાં રહેલી દવદન્તીએ પ્રસંગને અનુરૂપ કુવાજીંત્ર વગાડતા, રાજ્યના માણસો એક ચોરને મુશ્કેટાટ બાંધીને વધ્યભૂમિએ વધ કરવા લઈ જતા જોયા. દવદન્તીએ રાજ્યમાણસોને પૂછ્યું: આણે શું ગુનો કર્યો છે? કે જેથી વધસ્થાને લઈ જાઓ છો. ત્યારે તેઓએ કહ્યું: આણે

રાજકન્યા ચંદ્રવતીનો રત્નના અલંકારોનો ડાભડો ચોર્યો હતો. પકડાઈ જવાથી રાજાજ્ઞા મુજબ એને બાંધીને ડીમડીમ વગાડવાપૂર્વક વધ્યભૂમિમાં લઈ જઇએ છીએ. ચોરે દવદન્તી સામે દિનતાથી જોયું અને બોલ્યો કે 'હે દેવી! તારા દેખતાં શું હું આવી કદર્થના અને વિડંબનાપૂર્વક મૃત્યુ પામીશ? મને બચાવ–શરણ આપ'. એ પ્રમાણે ચોરનું બોલવું સાંભળી દવદન્તીએ રક્ષકોને કહ્યું: ભાઇઓ! આ રાંકને છોડી મુકો, એ દયાપાત્ર છે. જવાબમાં રાજાની આજ્ઞાનો અમારાથી ભંગ ના થાય, માટે છોડાય નહિ. મહાદયાળુ દવદન્તી આગળ આવીને બોલી. જો હું સતી હોઉં તો આનાં બંધનો તુટી જાઓ, એમ કહીને ચોરના સામે ત્રણવાર પાણી છાંટયું: તે જ ક્ષણે બંધનો તુટી ગયાં, રક્ષકો વિસ્મય પામ્યા, ખબર પડવાથી ઋતુપર્ણ રાજા ત્યાં આવ્યો. વિસ્મય અને વિકસીત નયણે દવદન્તીને કહ્યું: હે પુત્રી! અમારો હંમેશાં રાજધર્મ શિષ્ટજનોનું રક્ષણ અને દુષ્ટજનોને શિક્ષા કરવાનો હોઇ, લોકો અમોને કર આપે છે તો આવી રીતે લોકોનું રક્ષણ હું ન કરૂ,, અને ચોરોને શીક્ષા ન કરૂં તો હું પણ મારી ફરજ ચુકી પાપનો ભાગીદાર બનું એ ન્યાય યુક્ત છે? જો આ ચોરનો હું નિગૃહ ના કરૂં તો બીજા લોકો પણ નિર્ભય થઇ પ્રજાને ઉપદ્રવ કર્યા વિના રહે નહિ. પ્રજાને ઉપદ્રવ થતો રાજા સાંખી લે તો રાજ્ય અને પ્રજા બન્ને નાશ પામી જાય.

દવદન્તીએ રાજાને પ્રણામ કરી કહ્યું. હે તાત! શરણે આવેલો મારા દેખતાં માર્યો જાય તો શ્રાવિકા એવી મારી કૃપાળુતા કયાં રહી? માટે હે પૂજ્ય! મારા ખાતર પણ એને જીવીત બક્ષી મુક્ત કરો. વધારે શું કહું! એના હૃદયની પીડા દુષ્ટ રોગની જેમ મારા અંતઃકરણમાં સંક્રમી ગઇ છે. રાજાએ પણ દવદન્તીના

અત્યાગ્રહથી ચોરને મુક્ત કર્યો. મુક્ત થયેલો ચોર તે જ ક્ષણે દવદન્તીના ,ચરણમાં પડ્યો. તું મારી માતા, મને બચાવ્યો વિગેરે વારંવાર બોલી એ ઉપકારને કદી ભુલતો નહિ. વારંવાર દવદન્તીને સંભારી મનથી પ્રણામ કરવાનું ચુકતો નહિ. દવ-દન્તીએ પણ થોડા દિવસ પાસે રાખી શિખામણ આપી સુધાર્યો. એક વખત દવદન્તીએ પુછયું 'તું કોણ છે ? કયાંથી આવેલ છે ? સર્વ તારૂં વૃત્તાંત શંકા વગર મને કહે,' ત્યારે તે કહેવા લાગ્યો:—

વસંત સાર્થવાહનો હું પિંગલ નામે નોકર તાપસપુરમાં હતો. કુવ્યસનમાં પડેલા એવા મેં સાર્થવાહને ત્યાં ખાતર પાડી ઘણું ધન લુંટયું. લુંટીને નાઠો, રસ્તામાં ચોરોથી હું લુંટાયો, માર માર્યો અને એક વસ્ત્રભેર મને જીવતો મુકયો. મારા જેવા પાપીનું કલ્યાણ કયાંથી થાય ? ન જ થાય. ફરતો ફરતો અહિં અચલપુરમાં આવી ઋતુપર્ણ રાજાની સેવામાં રહ્યો; રાજાને વિશ્વાસ પમાડી અંતઃપુરમાં જતાં આવતાં પાછી દાનત બગડી, રાજકન્યાનો અલંકારોનો ડબો ચોર્યો, પકડાયો અને વધસ્થાને લઈ જતા હતા ત્યાં હે કલ્યાણી ! મને તેં બચાવ્યો તે સર્વ પ્રસિદ્ધ છે.

ઉપર પ્રમાણે પિંગલ ચોરે સ્વવૃત્તાંત કહીને, આગળ કહ્યું: હે મહાસતી ! તાપસપુરમાંથી મારા માલીકને કહ્યા વગર તું નીકળી ગઈ ત્યારે સાર્થવાહે શોકાતુર થઇ અન્નનો ત્યાગ કર્યો. સાત ઉપવાસને અંતે યશોભદ્રસૂરિએ પ્રતિબોધ પમાડવાથી આઠમે દિવસે પારણું કર્યું. અન્યદા વસંત સાર્થવાહ મહા-મૂલ્યવાન ભેટણું લઇને કુબરરાજા પાસે ગયો. તે ભેટણાથી કુબરરાજા ખુશ થયો અને તે તાપસપુરનું રાજ્ય છત્ર ચામર વગેરે વસંત સાર્થવાહને આપ્યું અને પોતાનો સામંત રાજા

બનાવી "શ્રી વસંત શેખર" નામથી એની સિદ્ધિ થઇ. તાપસપુરમાં આવી વસંત શેખર રાજ્યનું પાલન કરવા લાગ્યો. એ પ્રમાણે ચોરના મુખથી સાંભળી રાજી થયેલી દવદન્તીએ કહ્યું : વત્સ! તેં પ્રથમ ચોરી આદિ વ્યસન સેવી દુષ્કર્મ ઉપાર્જ્યું. હવે તે દુષ્કર્મનો ક્ષય કરવા દીક્ષા લે. પોતાના એકાંતે હિતની વાત કરનાર દવદન્તીનો આદેશ પ્રમાણ કર્યો. એટલામાં ત્યાં એ સાધુ ભગવંત પધાર્યા. દવદન્તીએ ભક્તિભાવથી વંદન કરી નિર્દોષ આહાર–પાણી વહોરાવી કહ્યું, 'હે પુજ્ય! આ પિંગલ જો યોગ્ય હોય તો એને દીક્ષા આપો.' યોગ્ય છે, એમ કહી વિધિ પૂર્વક દીક્ષા આપી. સાધુઓના આચાર સમજાવી ત્યાગનો અમૂલ્ય મહિમા કહી સાધુપણામાં સ્થિર કર્યો.

ત્યારપછી કુંડિનપુરમાં રાજા ભીમરથે સાંભળ્યું. નાનાભાઈ કુબર સાથે નલરાજા જુગારમાં સર્વ હારી જતાં દવદન્તીને લઇ નલરાજા વનમાં જતાં કોઇ મહાઅટવીમાં પ્રવેશ કર્યો. તે પછી પ્રભુ જાણે શું થયું ? કયાં ગયા ? પત્તો નથી. જીવતા છે કે મરી ગયા એવી શંકામાં પડેલા ભીમરથ રાજાએ પુષ્પદન્તી રાણીને સર્વ હકીકત દુઃખ સાથે કહી. એ સાંભળી રાણી ખૂબ રોવા લાગી. સ્ત્રીઓને દુઃખના વખતે આંખમાં પાણી સહેજે આવી જાય છે.

ત્યારપછી ભીમરથ રાજાએ હરિમિત્ર નામના વિશ્વાસુ–ચતુર માણસને નળ દવદન્તીની શોધ કરવા રવાના કર્યો. તે હરિ મીત્ર અનેક ઠેકાણે તપાસ કરતો અચલપુરમાં આવ્યો. આવીને ઋતુપર્ણ રાજાની રાજ્યસભામાં ગયો, અવસર પામીને રાણીએ હરિમિત્રને પુછ્યું. કુંડિનપુરમાં ભીમરથ રાજા–રાણી પુષ્પદન્તી એનો પરિવાર વિગેરે બધા ક્ષેમ કુશળ છે ને ? હરિમિત્રે કહ્યું. એ બધા કુશળ છે, પરંતુ નળ અને દવદન્તીના કુશળનો

વિચાર કરો. એમ કહી સઘળી દુઃખદા કથા કહી સંભળાવી અને એમની શોધ માટે ફરતો ફરતો અહીંયા આવ્યો છું તે પણ કહ્યું.

રાણી ચંદ્રયશાએ, ભદ્ર! તું આ શું બોલે છે? એમ કહીને છાતીફાટ રૂદન કરતાં અંતઃપુરનો સર્વ પરિવાર શોકાતુર થઈ ગયો. ક્ષણવારમાં જ્યાં આનંદ કલ્લોલમય વાતાવરણ હતું ત્યાં શોકનું સામ્રાજ્ય વ્યાપી ગયું.

પ્રવાસથી થાકેલો ભુખ્યો જમીને સ્વસ્થ થવા દાનશાળામાં જમવા ગયો. દાનશાળાની મુખ્ય અધિકારીણી પોતાના સ્વામીની પુત્રી દવદન્તીને એકી ટસે જોવા લાગ્યો. ઓળખી અને ખાવાનું પણ ભુલી ગયો. પોતાની મહેનત સફળ થવાથી કોને આનંદ ન થાય? સૌને થાય જ તેમ રોમાંચને અનુભવતો હરિમિત્ર દવદન્તીના પગમાં પડ્યો, બોલ્યોઃ દેવી! તારી આ અવસ્થા? આજે સોનાનો સુરજ ઊગ્યો, તને જીવતી જોઈ સૌ સારાંવાનાં થશે એમ કહી તુર્ત જ ચંદ્રયશા રાણી પાસે પહોંચી ગયો. વધામણી આપી કહ્યું, હે દેવી! શોક કરો નહિ, દાનશાળામાં દવદન્તી છે. સાંભળતાં જ તત્કાળ ચંદ્રયશા ઝડપથી પહોંચી ગઈ. જેમ રાજહંસી કમલિનીને આલિંગન આપે તેમ ભેટી પડીને કહ્યું. હે વત્સે! મને ધિક્કાર છે. ઉત્તમ સામુદ્રિક લક્ષણોએ યુક્ત એવી મારા પાસે હોવા છતાં ઓળખી શકી નહિ, હું તો ઓળખી શકી નહિ, પરંતુ તેં કેમ પોતાને છુપાવી મને ઠગવા જેવું કર્યું. ભાગ્યયોગે દુર્દશાને પ્રાપ્ત થઇ. પરંતુ જે પોતાના હોય તેને સત્ય કહેવામાં કેમ શરમ આવી? અસ્તુ. હે પુત્રી! તું કહે કે નળે તારો ત્યાગ કર્યો કે તેં નળનો ત્યાગ કર્યો? નક્કી નળે તારો ત્યાગ કર્યો હોવો જોઇએ. તું તો સતી છે, તું ત્યાગ કરે એ બને જ નહિ. શું સૂર્ય પશ્ચિમ

દિશામાં કદી ઉગ્યો છે? રે નળ–નિષ્પાપા એવી પોતાની પત્નિનો ત્યાગ કરતાં તને જરાપણ વિચાર ના આવ્યો કે એક અબળાને કોના આધારે છોડી જાઉં છું. બહુ જ અનુચિત કાર્ય, કુળવાન આવું કરે નહિ, વિગેરે બોલીને દવદન્તીને કહ્યું: હે વત્સે! મારો અપરાધ ક્ષમા કર.

અંધકારરૂપી સર્પનો નાશ કરનાર ગરૂડની જેમ તારા કપાળમાં રહેલું સહજ સૂર્યસમાન તિલક ક્યાં? એમ કહીને પોતે જ દવદન્તીના કપાળને સ્પર્શ કરી, ઉપરનો પડદો દૂર કર્યો. તે જ ક્ષણે સોનાના પિન્ડ સમાન ચમકારા મારતું તેજ ચારે બાજુ ફેલાઇ ગયું. માસી વારંવાર હર્ષાશ્રુથી દવદન્તીને સ્નાન કરાવતી હોય તેમ કપાળને ચુંબવા લાગી અને દવદન્તીને માસીએ આપેલાં અત્યંત મનોહર સફેદ વસ્ત્રો પહેરાવી હાથ ઝાલીને રાજા પાસે લઈ જવામાં આવી.

આ બાજુ સૂર્ય અસ્ત થયેલો હોઈ ઘોર અંધકાર વ્યાપી ગયો. પરંતુ દવદન્તીના તેજસ્વી તીલકથી પ્રકાશ ફેલાઈ ગયો. રાજસભામાં રાણીએ રાજાને કહ્યું: સ્વામી! જન્મથી જ દવદન્તીના કપાળમાં સહજ તિલક હોઇ એના પ્રતાપે રાત્રીએ પણ દિવસનો ભ્રમ કરાવે છે. રાજાએ કૌતુકથી દવદન્તીના કપાળ ઉપર હાથ મુકયો તે જ ક્ષણે અંધકાર ફેલાયો. પૂનઃ રાજાએ હાથ ઉઠાવી લીધો અને પ્રકાશ જોઈ રાજાએ દવદન્તીને પુછવાથી દવદન્તીએ નીચું જોઈ અશ્રુધારા વર્ષાવતી નળરાજા જુગારમાં હારી ગયાથી માંડીને સર્વ હકીકત નિવેદન કરી. રાજાએ પોતાના ઉત્તરીય વસ્ત્રથી દવદન્તીનાં આંસુ સાફ કરીને કહ્યું: પુત્રી! તું રડીશ નહિ, વિધિ આગળ કોઈ બળવાન નથી, એમ વાત કરે છે એટલામાં આકાશ માર્ગથી ઉતરીને કોઈ દેવ રાજસભામાં આવ્યો. આવીને અંજલી જોડીને ભીમરથપુત્રી–દવદન્તીને કહ્યું:

હે માતા! હું પિંગલચોર તારા આદેશથી દીક્ષા લઈ, તાપસપુરે જઇ, સ્મશાનમાં પ્રતિમાધ્યાને રહ્યો. ત્યાં દાવાનળથી બળતો ધર્મધ્યાનમાં લીન શુભ ભાવે મૃત્યુ પામીને સ્વર્ગવાસી દેવ થયો. અવધિજ્ઞાનથી અહીં જાણીને નર્કમાં જતા એવા મહા-પાપી મને સુરસમ્પદાનો ભોક્તા બનાવનાર મહાઉપકારીણી તને જોવા અને મારૂં સ્વરૂપ કહેવા અહિ આવ્યો છું. તું વિજયને પામ. એમ કહી સાત ક્રોડ સૂવર્ણ વર્ષાવી અદૃશ્ય થયો. પ્રત્યક્ષ જૈન ધર્મનો પ્રભાવ જાણીને રાજાએ તથા બીજાઓએ જૈન ધર્મ સ્વિકાર્યો.

અવસર પામીને હરિમિત્રે રાજાને કહ્યું: હે દેવ! દવદન્તીને પિતાના ઘેર જવાનો આદેશ આપો. દવદન્તીનો વિરહ અસહ્ય હોવા છતાં રાજા અને રાણીએ આશિર્વાદ આપી જવાની રજા આપી. અને એક રાજરાણીને શોભે એવા ઠાઠથી સેના, દાસ–દાસીઓ વગેરે પરિવાર સાથે રવાના કર્યા.

હરિમિત્રે આગળ જઇને ખબર આપવાથી રાજા ભીમરથ અત્યંત હર્ષથી સામો આવ્યો. પિતાને જોવાથી દવદન્તી વિકસિત નયને રથમાંથી ઉતરી પાદચારી દોડતી પોતાના પિતાના ચરણમાં પડી. પિતા–પુત્રી લાંબે સમયે મળવાથી અવર્ણનિય આનંદ સૌ કોઇને થયો. રાણી પુષ્પદન્તી પણ સપરિવાર જઇને પુત્રીને મળી આલિંગન આપ્યું. જેમ જાન્હવી યમુનાને મળે–તેમ માતા–પુત્રીનો મેળાપ કોને હર્ષ ન ઉપજાવે? સ્ત્રી સ્વભાવ મુજબ દવદન્તી મુક્ત કંઠે રોવા લાગી. સ્નેહી જનો વિયોગના વિરહની વ્યથા જેમ સહન કરે છે, તેમ મેળાપ વખતે આનંદની પણ અવધિ રહેતી નથી. તત્ક્ષણ પાણીથી પુત્રીનાં આંસુ લુંસી નાખી પુષ્પદન્તી પરસ્પર દુઃખ પ્રગટ કરવાપૂર્વક વાતો કરવા લાગી. પુત્રીને

ખોળામાં બેસાડી. હે આયુષ્યમતિ ! અમારા ભાગ્યોદયે તું જોવામાં આવી છે ખરેખર પૂર્વ પુણ્ય હજી જાગતાં છે તું સુખપૂર્વક અહિયાં કાળ પસાર કર. થોડા સમયમાં તારા પતિને પણ તું જોઇ શકીશ. કહેવત છે કે જીવતો નર સેંકડો કલ્યાણને પામે છે. રાજાએ પણ હરિમિત્ર ઉપર ખુશ થઇને પાંચસો ગામ ઈનામમાં આપી કહ્યું. નળના આગમનથી અર્ધ રાજ્ય પણ આપીશ. પછી દવદન્તીના આગમનનો નગરમાં મોટો મહોત્સવ કર્યો. સાત દિવસ સુધી દેવપૂજા ગુરુભક્તિ વિશેષ પ્રકારે કરી. આઠમે દિવસે રાજાએ પુત્રીને કહ્યું: હે વત્સે! નળ સ્વયમેવ અહીં આવે એવી યોજના કરીશું, તું મુદ્દલ ચિંતા કરીશ નહિ. આસ્તે આસ્તે સર્વ સારૂં જ થશે. એમ આશ્વાસન અને સ્નેહ-ભર્યા વચનોથી દવદન્તી સુખપૂર્વક પિતાને ત્યાં રહેવા લાગી.

હવે દવદન્તીનો ત્યાગ વનમાં કર્યા પછી નળનું શું થયું. તે પણ વ્રતાંત ધનદે–વસુદેવની આગળ કહેવાની શરૂઆત કરી.

નળરાજા અરણ્યમાં ભટકતાં એક બાજુ વનની બાજુમાં ધુમાડો જોયો. આકાશમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિને જાણે શ્યામ બનાવવાને કમર કસી હોય તેમ ધુમાડો આકાશતલ સુધી પહોંચી ગયો. ભુતળ ઉપર વાંસ વૃક્ષો વનસ્પતિ પણ અગ્નિથી ભડભડ બળતાં હતાં. એના ધુમાઠાથી સર્વત્ર શ્યામતા પ્રસરી ગઇ. શ્વાપદ પશુ, પક્ષીઓનાં આક્રંદ સંભળાવા લાગ્યાં. એટલામાં બળતા દાવાનળમાં મનુષ્યનો અવાજ નળે સાંભળ્યો.

હે ઈક્ષ્વાકુવંશ તિલક નળરાજા–ક્ષતિયોત્તમ, મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો, તું નિષ્કારણ ઉપકાર કરનારો છે, તો પણ મને બળતો બચાવ કે જેથી હું પણ તારા પર ઉપકાર જરૂર કરીશ. શબ્દાનુસારે નળ તે દિશામાં દોડ્યો. ત્યાં મોટો સાપ

દાવાનળમાં ફસાયેલો, બળતો જોયો અને રક્ષણ કરો, બચાવો એ અવાજ પણ એનો હતો.

નળે પુછયું: હે મહાસર્પ! તું મારૂં નામ વંશ કયાંથી જાણે છે, વળી મનુષ્યભાષા પણ બોલે છે. તો એ આશ્ચર્ય મને કહે. સર્પ બોલ્યો, પૂર્વજન્મમાં હું મનુષ્ય હતો, કર્મોદયે સર્પ થયો છું પૂર્વજન્મના અભ્યાસથી મનુષ્યભાષા હું બોલું છું. હે યશસ્વી, મને મહાઉજ્વળ અવધિજ્ઞાન પણ છે, જેથી તારૂં નામ-વંશ પણ જાણી શકયો છું.

કરૂણા ઉત્પન્ન થવાથી નળે કંપતા તે સર્પના ઉપર પોતાનું વસ્ત્ર નાંખી દાવાનળમાંથી બહાર કાઢ્યો. તે જ વખતે તે સર્પે નળના આખા શરીરે ભરડો લીધો, અને નળના હાથે ડસ્યો. નળે તુર્તજ તે સર્પને ભૂમી ઉપર નાંખીને કહ્યું: રે રે તને બચાવનારને સારો બદલો તેં આપ્યો, સાપને દુધ પાનારને સાપ ડસે છે, એ કહેવત સાચી પાડી. નળના આખા શરીરે વિષ પ્રસરવાથી કૂબડાના સ્વરૂપને પામ્યો. પીળા કેશ-ઉંટના હોઠ જેવા હોઠ, રંક જેવો, હાથ-પગ સંકોચાઇ જવા, મોટું પેટ વિગેરે બિભત્સ વિકૃત આકાર ધારણ કરનાર નટ જેવો દેખાવા લાગ્યો. ક્ષણવારમાં રૂપનું પરાવર્તન જોઇને વિચાર કર્યો. જીવતર ફોગટ ગયું. આવા રૂપથી હડધુત થવા કરતાં દીક્ષા લઈ પરલોક સુધારૂં, એવા વિચારમાં હતો, એટલામાં તે સર્પે પોતાનું દિવ્યરૂપ પ્રગટ કરી દેવ તરીકે દર્શન આપી નળને કહ્યું: તું ખેદ કરીશ નહિ, હું તારો પિતા નિષધ દેવ થયો છું. તને રાજ્ય આપી મેં દીક્ષા લઈ-પાળીને બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો છું. અવધિજ્ઞાનથી તારી દુર્દશાને જાણીને સર્પ બનીને તારૂં શરીર ખરાબ મેં જ કર્યું છે. તેનું કારણ, તારા શત્રુઓ તને ઉપદ્રવ કરે નહિ. વળી દીક્ષા

લેવાના મનોરથ પણ કરીશ નહિ. તારે હજુ ભોગ ભોગવવાના છે, પછીથી દીક્ષાનો સમય પણ તને હું જણાવીશ. હે પુત્ર! આ બીલ્વફળ અને રત્નનો કરંડીઓ લે. યત્નથી રક્ષણ આનું કરજે. જ્યારે તારે તારા સ્વરૂપમાં પ્રગટ થવું હોય, ત્યારે આ બીલ્વફળના બે ભાગ કરજે, એમાંથી દેવદુષ્ય વસ્ત્રો અને કરંડીઆમાંથી હાર-રત્નના દાગીના તને પ્રાપ્ત થશે.

પોતાના પૂર્વજન્મના પિતા નિષધદેવના હીતકારક શબ્દોથી નળ ખુશ થયો અને પૂછ્યું: હે તાત! તમારી પુત્રવધુ દવદન્તીનો મેં જ્યાં ત્યાગ કર્યો તે અત્યારે ક્યાં છે? જવાબમાં દેવે કહ્યું: વત્સ! દવદન્તી કુંડિનપુરમાં અત્યારે પિતાને ત્યાં ક્ષેમકુશળ છે એમ કહીને દવદન્તીનો સર્વ વૃત્તાંત ત્યાગ કર્યા પછીનો કહ્યો, અને નળને કહ્યું: હે પુત્ર! અત્યારે તું આમ શા માટે વનમાં ભટકે છે, જ્યાં તારી ઈચ્છા હોય ત્યાં ક્ષણવારમાં મુકું.

નળે કહ્યું: મને સુસુમાપુરે મુકો. દેવે પણ નિમિષ માત્રમાં સુસુમાપુર નગરની સમીપમાં નળને મૂક્યો. મૂકીને દેવ પોતાના સ્થાને જવા અદૃશ્ય થયો.

નળે સુસુમાપુરમાં પ્રવેશ કરતાં શ્રી નમિનાથ ભગવાનની પ્રતિમા જોઇ. રોમાંચિત થઇને વંદન સ્તુતિ કરીને નગરના દરવાજે આવ્યો. ત્યાં આલાન સ્તંભને ઉખેડીને ગાંડાતુર થયેલો હાથી મહાવાયુની ઝડપથી વૃક્ષોને ભાંગી લોકોને રંજાડતો, માવતોને પણ નહિ ગણકારતો સાક્ષાત યમ જેવો નળના જોવામાં આવ્યો. દધિપર્ણ રાજા વગેરે પ્રલયકાળ જેવું આ તોફાન હાથીનું જોવાથી વશ કરવાને સમર્થ થયા નહિ એથી રાજા કિલ્લા ઉપર ચડીને ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો. જે કોઈ

પરાક્રમી આ મારા હાથીને વશ કરી ઠેકાણે લાવશે તેને મનો· વાંછિત આપીશ. છે કોઇ સમર્થ ?

તે સાંભળી કુબડો હાથીના સન્મુખ વાયુવેગે દોડ્યો, દોડતો જોઈ લોકો ફોગટ મરીશ નહિ, મરીશ નહિ એમ કુબ્જાના ઉપર દયા લાવીને બોલવા લાગ્યા. નિર્ભય થઈને કુબડો હાથીના નજીક જઇને દડાની જેમ ભુમી પર આળોટવા લાગ્યો. હાથી પણ કુબ્જને સુંઢમાં પકડવા લાલચોળ આંખો કરીને ગર્જના કરવા લાગ્યો. કુબ્જ પણ ઘડીમાં જમીન ઉપર પડીને ઘડીમાં ઉભો થઇને એમ મલ્લ કુસ્તીની જેમ હાથીને પુછડાથી પકડી ભમાવવા લાગ્યો. એમ પરાક્રમ કરીને માંત્રીક જેમ સર્પને વશ કરી લે તેમ તે કુબ્જે હાથીને થકવી નાખ્યો. હાથી બલહીન થયેલો જાણી બળવાન એવા કુબ્જે હાથીના કંઠમાં બન્ને પગ મૂકીને સિંહની જેમ સ્કંધ ઉપર ચડી જઇ ચપેટા લગાવી, અંકુશને નચાવી, હાથીના અવયવોને ઢીલા કરી નાખ્યા. સંપૂર્ણ વશ કરીને ગામમાં ફેરવતો લોકોના જયજયારવ શબ્દોના ગગનભેદી અવાજો સાંભળતો આલાન સ્તંભે લાવીને ઊભો રાખ્યો. રાજાએ હર્ષાવેશમાં આવી કુબ્જના ગળામાં સોનાનો હાર નાખ્યો; હાથી ખીલે બંધાઇ ગયો. કુબ્જે પણ વિસ્મય પામેલા દધિપર્ણ રાજાની સમીપે આવી પ્રણામ કરી, રાજાના સન્માનપૂર્વક રાજા પાસે બેઠક લીધી.

દધિપર્ણ રાજાએ વિસ્મયપૂર્વક પૂછ્યું: હે વત્સ ! હાથીને વશ કરવાની અપૂર્વ કળા અમે જોઇ. શું બીજું પણ કાંઈ તું જાણે છે ? સંભવ છે કે તું બીજું પણ અપૂર્વ જાણતો હઇશ.

કુબ્જે કહ્યું : 'હે રાજન ! હું બીજી કઈ કળા બતાવું ?' હું સૂર્યપાક રસોઈ બનાવી જાણું છું. તમોને જોવાની ઇચ્છા

છે ? રાજાએ હા પાડી, અને કહ્યા મુજબ ચોખાદિ સામગ્રી મંગાવી કૌતુકસહ કુબ્જને આપી. કુબ્જે સૂર્ય સામે રાખી સૂર્યવિદ્યાનું સ્મરણ કરી તુર્ત સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરી જેમ કલ્પવૃક્ષ ઇચ્છિત આપે તેમ સપરિવાર એ રસોઇ આશ્ચર્ય-પૂર્વક જમ્યો.

રાજા દધિપર્ણ–શ્રમ દૂર કરનારી, પરમ હર્ષને ઉત્પન્ન કરનારી તે રસવતી જમીને કહ્યું, આવી રસવતી નળ રાજા સિવાય કોઈપણ જાણતું નથી એમ સંભળાય છે.

દધિપર્ણ રાજા કહે છે : 'હે કુબ્જ ! નળરાજા અમારો સ્વામિ હોઈ તેની સેવાનો અવસર મને ઘણીવાર મળ્યો છે. પરિચય ઘણો છે, તો તું શું નળ છે? ક્યાં દેવરાજ જેવું એનું રૂપ અને વિકૃત બિભત્સ રૂપવાળો તું. વળી એ નળરાજા તો અહીંથી બસો યોજન દૂર રહેનાર, અહીં આગમન પણ અસંભવીત છે. ભરતાર્ધનો સ્વામી નળરાજા એકાકી હોય નહિ.' એમ કહીને, દધિપર્ણ રાજાએ તે કુબ્જને ખુશ થઈ, વસ્ત્રાલંકાર, એક લાખ ટંક અને પાંચસો ગામ બક્ષીસ આપ્યાં. નળે વસ્ત્ર, અલંકારો, મહા મૂલ્યવાન લીધાં. પરંતુ પાંચસો ગામ ના લીધાં. રાજાએ પુનઃ કહ્યું: અન્ય બીજી તારી શી ઇચ્છા છે. તું નિઃસ્પૃહ શિરોમણી છે, કાંઈક બીજું માગીને મને સંતોષ પમાડ.

કુબ્જે કહ્યું: હે રાજન ! મારી પરમ ઈચ્છા છે કે તમારા રાજ્યમાંથી દારૂ અને શીકારને બંધ કરાવો તો મને આપે ઘણું આપ્યું માનીશ. વિસ્મય પામેલા રાજાએ પણ શીકાર, દારૂપાન સંબંધી કોઈ વાત પણ ન કરે, એવો સમસ્ત રાજ્યમાં પ્રબંધ કરાવ્યો.

અન્યદા પ્રિતિપાત્ર બનેલા કુબ્જને રાજાએ પૂછ્યું: ખરેખર તું કોણ? અને ક્યાંથી આવ્યો છે? એ તારૂં સર્વ વૃત્તાંત મારે જાણવાની ઉત્કટ ઈચ્છા છે, માટે કહે.

કુબ્જે કહ્યું: હું કોશલેશ્વર નળરાજાનો રસોયો છું, એના પાસે હું કળાઓ શીખ્યો છું, મારૂં નામ હુંડિક છે, નળરાજા નાનાભાઈ કુબેર સાથે જુગાર રમતાં સર્વસ્વ હારી ગયા અને દવદન્તીને લઈ અરણ્યમાં ગયા. અને વનમાં ભટકતાં મૃત્યુ પામ્યા. હું કુપાત્ર પોષવાની જેમ કુબરનો આશ્રય ન સ્વિકારતાં ફરતો ફરતો અહીંયા તમારા નગરમાં આવ્યો, હાથીને વશ કર્યો એ તો આપ જાણો છો.

કુબ્જની વાત સાંભળી દધિપર્ણ રાજા અત્યંત શોકાતુર થયો. વજાહત જેવા નળના મૃત્યુ સમાચારથી રાજા પરિવાર સાથે નળના ગુણો સંભારી આક્રંદ કરવા લાગ્યો. આંખમાંથી આંસુની ધારા સાથે રાજાએ નળનું પ્રેતકાર્ય કર્યું. કુબ્જ તો મનમાં ખૂબ હસવા લાગ્યો.

અન્યદા દધિપર્ણ રાજાએ દવદન્તીના પિતા પાસે કોઈ કારણસર દૂત મોકલ્યો. રાજાએ સત્કાર સન્માન કર્યું. થોડા દિવસ ત્યાં રહેલા દૂતે કોઈ પ્રસંગે કહ્યું : 'હે સ્વામિન્! મારા સ્વામી પાસે નળરાજાનો રસોયો આવેલ છે. નળરાજા પાસે સૂર્યપાક રસોઇ બનાવવાનું એ જાણે છે, પાસે બેઠેલી દવદન્તી એ વાત સાંભળીને ચકિત થઈ ગઇ અને ખાનગીમાં પિતાને કહ્યું : 'હે તાત! તમે કોઇ ચતુર દૂતને ત્યાં મોકલો. એ રસોયો કેવો છે. કારણ કે નળ સિવાય સૂર્યપાક રસોઇ અન્ય કોઈ જાણતું નથી, અને એનો રસોયો હોય તો મને કેમ ખબર નથી. માટે પોતાના સ્વરૂપને કોઇ કારણસર છુપાવી ત્યાં નળના રસોયા તરીકે પોતાને જાહેર કરી રહેલ છે.

દવદન્તીના કહેવાથી શંકામાં પડેલા રાજાએ કુશળ નામનો બ્રાહ્મણ કે જે સ્વામિના કાર્યમાં કુશળ હતો, તેને પ્રસંગને અનુરૂપ જે કાંઈ કહેવું ઘટે તે કહીને સુસુમાપુર રવાના કર્યો. સ્વામિની આજ્ઞા પ્રમાણે કરીને તે બ્રાહ્મણ થોડા દિવસમાં દધિપર્ણ રાજા પાસે પહોંચી ગયો. શુકન પણ સારા થયા હતા. નગરમાં જઇને લોકોને પૂછતો પૂછતો કુબ્જ પાસે જઈ તે બ્રાહ્મણ બેઠો. અને ક્યાં મેરૂ અને સરસવ, ક્યાં નળ અને ક્યાં આ. સર્વાંગવિરૂપ બિભત્સ એવા તે કુબ્જને જોઇને વિચારમાં પડ્યો કે ખરેખર દવદન્તીનો વૃથા નળનો ભ્રમ ઉત્પન્ન થયો છે. તો પણ બરાબર પરીક્ષા કરૂં, એમ નિર્ણય કરીને નળના અવગુણ ગર્ભિત બે શ્લોક બોલ્યો તે આ પ્રમાણે.

"નિર્ઘૃણાનાં નિસ્ત્રપાણાં નિઃસત્વાનાં દુરાત્મનામ્
ધૂર્વહો નલ એવૈકઃ પત્નિં તત્યાજ યઃ સતીમ્ (૧)
સુપ્તામેકાકિનીં મુગ્ધાં વિશ્વસ્તાં ત્યજતઃપિયામ્
ઉત્સેહાતે કથં પાદૌ નૈષધેરલ્પ મેધસઃ" (૨)

એ પ્રમાણે વારંવાર બોલતો સાંભળીને નળ નિજપ્રિયાં સ્મરન્ અનર્ગલં આંખમાંથી આંસુ પાડતો રડી પડ્યો. બ્રાહ્મણે પૂછ્યું: કેમ રૂવે છે? ત્યારે તે હુંડિકે (કુબ્જ) કહ્યું: તારૂં કરૂણરસવાળું ગીત સાંભળીને રડવું આવ્યું. આ શ્લોકનો અર્થ સ્પષ્ટ કહે, એમ કુબ્જે પૂછ્યું, ત્યારે તે બ્રાહ્મણે કહ્યું.

નિર્દયો, લાજ-શરમ વગરનાઓ, સત્વહિનો, દુષ્ટાત્માઓ એ સર્વમાં અગ્રેસર એવો નળ-એ એક જ છે કે જેણે સુતેલી, એકલી, વિશ્વાસુ, મુગ્ધ એવી પોતાની સતી પત્નિનો વનમાં ત્યાગ કરીને જતાં એના પગમાં ઉત્સાહ ક્યાંથી આવ્યો?

એમ શ્લોકાર્થ કહીને જુગારથી માંડીને દવદન્તી કુંડિનપુરમાં આવી ત્યાં સુધીની સર્વ હકીકત દવદન્તી પાસેથી જાણેલી, તે ચતુર બ્રાહ્મણે કહી સંભળાવી.

અને આગળ કહેવા માંડયું: અહો કુબ્જ! સૂર્યપાક રસોઈ તું જાણે છે એવું દધિપર્ણ રાજાના દૂતે ભીમરથ રાજાને કહ્યું ત્યારે રાજાને આશ્ચર્ય થયું કે એ કળા નળ સિવાય કોઈ જાણતું નથી. દવદન્તીએ પોતાના પિતાને વિનંતી કરવાથી રાજાએ મને તપાસ કરવા મોકલ્યો. હું અહિયા આવીને જોઉં છું તો કયાં નળ અને કયાં આ કુબડો, કયાં આગીઓ અને કયાં સૂર્ય. આવતાં સારા શુકનો થવાથી ઉત્સાહભેર આવેલો પણ નિરાશા ઉપજી. તું નળ નથી એમ કહેતો જાય અને કુબ્જના સામું જોતો જાય. ત્યારે હૃદયમાં દવદન્તીનું સ્મરણ કરતો કુબ્જ વધુને વધુ રોવા લાગ્યો. પછી કાંઇક શાંત થઇને કુબ્જ તે વિપ્રને પોતાના સ્થાને લઈ ગયો અને કહ્યું : હે ભદ્ર! તેં મહાપુરૂષ નળ અને મહાસતી દવદન્તીની રોમાંચક કથા કહી. બોલ તારૂં શું સ્વાગત કરૂં, એમ કહીને બ્રાહ્મણને ભોજન સત્કાર કરીને રાજાએ આપેલાં વસ્ત્ર, અલંકારો, એક લાખ સોનાના ટંક વિગેરે આપી દીધું.

ત્યાર પછી તે ચતુર બ્રાહ્મણ વિદાય થઇ કુંડિનપુર ગયો અને કુબ્જને જેવો જોયો હતો તેવું સવિસ્તર વર્ણન ભીમરથ રાજા અને દવદન્તીની આગળ કરીને કુબ્જે હાથીને વશ કર્યો, સૂર્યપાક રસવતી રાજા અને પરિવારને જમાડી તથા પોતાને દિવ્ય વસ્ત્રાલંકાર, સોનાના લાખ સિક્કા વિગેરે આપ્યા. એ બધું જાણીને દવદન્તીએ પિતાને કહ્યું : હે તાત! અનુમાન થાય છે કે કોઇ કર્મના દોષથી અથવા તથા પ્રકારના કોઈ પણ

કારણથી કુબ્જરૂપે તમારા જમાઈ નળ હોવા જોઇએ. આવા પ્રકારનું અદ્ભુત દાન અને હાથીને વશ તથા સૂર્યપાક રસોઈનું કૌશલ્ય બીજામાં સંભવે નહિ, માટે આપ કાંઇ પણ નિમિત્ત આપીને એ કુબ્જને અહિં બોલાવો કે જેથી ઇંગિતાકાર ચેષ્ટા વિગેરે જોઇને સ્વયં પરીક્ષા હું કરૂં.

રાજા ભીમરથે કહ્યું : હે પુત્રી ! તારો કુટ સ્વયંવર થવાનો છે. જાહેર કરીને દધિપર્ણ રાજાને બોલાવવા દૂત મોકલીએ. સ્વયંવરની વાત સાંભળીને દધિપર્ણ રાજા અહિં આવશે. પહેલાં પણ દધિપર્ણ રાજા તારા વિશે આસક્ત હતો. પરંતુ તું તો નળને વરી એટલે રાજા દધિપર્ણ જરૂર આવશે. અને સાથે કુબ્જ પણ આવશે. તે કુબ્જ જો નળ હશે તો પોતાની પત્નિ ફરીથી પરણવાની વાતને સહન કરી શકશે નહિ. વળી નળ અશ્વની ગતિ વાયુવેગે ચલાવવાની કળા પણ જાણે છે. વળી દધિપર્ણ રાજા દૂર હોવાથી સ્વયંવરનો દિવસ બહુ જ નજીકનો જણાવીએ અને એથી તે કુબ્જ અહિંયાં રાજા સાથે આવેથી તું પરીક્ષા કરી ખાત્રી કરી લેજે.

આવા પ્રકારનો નિર્ણય કરીને તુર્ત જ પંચમીનો દિવસ સ્વયંવરનો જણાવી સુસુમારપુરે દૂતને મોકલ્યો. દૂતે ત્યાં જઇને ભીમરથ રાજાનો સંદેશો કહ્યો. તે સાંભળીને દધિપર્ણ રાજા ચિંતામાં પડ્યો કુબ્જે પુછ્યું: સ્વામી ! કેમ ઉદાસ છો. જવાબમાં દધિપર્ણે કહ્યું: દવદન્તીના ફરી સ્વયંવર માટે રાજા ભીમરથનો દૂત બોલાવવા આવ્યો છે, પરંતુ વચમાં એક રાત્ર હોઈ કેવી રીતે જવાય ? કુબ્જે વિચાર કર્યો. દવદન્તી અન્ય પુરુષને ઇચ્છે નહિ, કોને ખબર ચંચળ સ્વભાવવાળી સ્ત્રીઓ ક્યારે શું ન કરે તે કહેવાય નહિ. ગમે તે હોય. સામાન્ય જનો પણ સ્ત્રીનો પરાભવ સહન કરી શકે નહિ, તો પછી મારા જીવતાં કોની

તાકાત છે કે, બીજો દવદન્તીની ઈચ્છા કરે. મનમાં એ પ્રમાણે વિચાર કરી દધિપર્ણ રાજા કરતાં પણ એની જવાની ઉત્સુકતા વધી ગઈ.

રાજાને કહ્યું : તમો ચિંતા કરો નહિ, છ પહોરમાં ત્યાં આપને લઈ જઇશ. મને રથ અને ઘોડા આપો, સારથી હું થઇશ.

દધિપર્ણ રાજા હર્ષ પામ્યો, કહ્યું : વત્સ! તને મનપસંદ ઘોડા રથ તૈયાર કર, કુબ્જે સર્વ તૈયારી કરી લીધી. રાજા શંકામાં પડ્યો. આ કોઈ સામાન્ય પુરુષ નથી, કોઈ દેવ વિદ્યાધર જણાય છે. નળનું મૃત્યુ શું મારા લાભ માટે થયું? એવા વિચારોમાં કુબ્જે તૈયાર કરેલા રથમાં દધિપર્ણ રાજા આરૂઢ થયો. સાથે સ્થગીધર છત્ર, ચામર ધરનારા પોતે અને સારથી કુબ્જ છ જણા રથમાં રવાના થઈ ગયા. સારથી બનેલા એવા કુબ્જે પોતાના પિતા નિષધદેવે આપેલ બીલ્વફળ અને કરંડીઓ કેડે બાંધી લીધો.

રથ વાયુ વેગે ચાલતો થઈ ગયો. જેમ સ્વર્ગમાં દેવોનાં વિમાનો ચાલે છે, તેવી ગતિનો ભ્રમ કરાવતા તે ઘોડા દોડતા હતા. એટલામાં રાજાનું ઉત્તરિય વસ્ત્ર પડી જવાથી સારથીને કહ્યું: ક્ષણવાર રથને ઊભો રાખ. વસ્ત્ર પડી ગયું છે તે લઇ આગળ જઈએ. કુબ્જે કહ્યું : સ્વામી આપણે પચીશ યોજન દૂર નીકળી ગયા છીએ. વસ્ત્ર માટે વિલંબ કરવો યોગ્ય નથી. વળી આ ઘોડાઓ તો મધ્યમ છે, પરંતુ ઉત્તમ ઘોડા હોત તો પચાસ યોજન આપણે નીકળી ગયા હોત, કહી રથને ચલાવે રાખ્યો. દધિપર્ણ રાજાએ દૂરથી અનેક ફળ વ્યાપ્ત બિભિતક નામનું વૃક્ષ જોયું અને સારથીને કહ્યું: આ ઝાડ પર કેટલાં ફળ છે તે ગણત્રી કર્યા સિવાય કહી શકવા હું સમર્થ

છું. પાછા ફરતાં એ કૌતુક તને બતાવીશ. આશ્ચર્યચકિત થયેલા કુબ્જે કહ્યું: રાજન્! કાળક્ષેપ થાય તેની ચિંતા કરો નહિ, એક મુઠીના પ્રહારે બધાં ફળ પાડી નાખીશ. અને તમારા ગણિતવિદ્યાના બળે કહી આપો. કુબ્જે મુઠીના જોરે ફળ પાડ્યાં. જોઈને જ રાજાએ અઢાર હજાર કહ્યાં. ખાત્રી થવાથી કુબ્જ પણ વિસ્મય પામ્યો, અને રાજા દધિપર્ણ તથા કુબ્જ વચ્ચે અરસપરસ અશ્વવિદ્યા તથા ફળ ગણવાની કળાની આપ–લે થઈ.

સૂર્ય ઉગ્યા પહેલાં પ્રભાતે રથ કુંડિનપુર નજીક પહોંચ્યો. આશ્ચર્યમાં ગરકાવ થયેલો રાજા ખુશ ખુશ થઈ ગયો. વિકસીત નયને કુબ્જ સામું જોઈ શાબાશ, શાબાશ! ધન્ય છે તને! એમ કહ્યું.

આ બાજુ કુંડિનપુરમાં એ રાત્રીએ દવદન્તીએ પ્રભાતકાળે સ્વપ્ન જોયું. હર્ષાન્વિત થયેલી દવદન્તીએ પિતાને કહ્યું: હે તાત! હું સુખે સુતેલી હતી અને સ્વપ્નામાં નિવૃતિદેવી જોઈ. એ દેવીએ કોશલાનગરીનું ઉદ્યાન આકાશ માર્ગે અહિ લાવેલું બતાવ્યું. તે ઉદ્યાનમાં ફળેલો સહકાર જોયો. દેવીના કહેવાથી હું ઝાડ પર ચઢી ગઈ, મારા હાથમાં ખીલેલું કમળ પણ આપ્યું, પૂર્વે ઝાડ પર ચઢેલું પક્ષી નીચે પડી ગયું. રાજા ભીમરથ દવદન્તીને કહેવા લાગ્યો, પુત્રી! સ્વપ્ન શ્રેષ્ટ છે.

નિવૃતીદેવી એ તારી પુણ્યરાશી, કોશલાનગરીનું ઐશ્વર્ય એ ઉદ્યાન સમજવું, ઉપર ચડવું તે પતિનો સંગમ વિગેરે પોતાની બુદ્ધિ અનુસાર સ્વપ્નનો ભાવાર્થ કહ્યો. પક્ષી પડ્યું તે નક્કી કુબર રાજ્ય ભ્રષ્ટ થશે. વળી સવારનું સ્વપ્ન તુરત ફળદાયી નીવડે છે. પુત્રી! તારૂં દુઃખ ગયું, અમારી ચિંતા મટી નક્કી જાણજે. એમ કહેતો હતો એટલામાં રાજા દધિપર્ણનો રથ નગરના દરવાજે આવી ગયો.

મંગલ નામના કોઈ રાજસેવકે ભીમરથ રાજાને દધિપર્ણ રાજા આવી ગયાની વાત કરવાથી રાજા તૈયારી કરી સામે ગયો. મિત્રની જેમ બન્ને રાજાઓ મળ્યા. સ્થાન વિગેરે ઉતારાની વ્યવસ્થા કરી ખૂબ જ આતિથ્ય કર્યું. આતિથ્ય કરીને ભીમરથ રાજાએ દધિપર્ણ રાજાને પૂછ્યું: હે મહારાજ! તમારો રસોયો સૂર્યપાક રસવતી જાણે છે તે કુબ્જને જોવાની મારી ઈચ્છા છે. બીજી વાતો પછી, મને બતાવો.

દધિપર્ણ રાજાએ કુબ્જને રસોઇ કરવા ફરમાવ્યું, અને સામગ્રી મેળવીને સૂર્યમંત્રથી ક્ષણવારમાં રસોઇ તૈયાર થયાથી સપરિવાર રાજા જમ્યો. દવદન્તીને પણ થાળ મોકલ્યો. એ પણ જમી. રસોઇના આસ્વાદનથી દવદન્તીએ કુબ્જને—આ નક્કી નળ છે એવું જાણ્યું.

દવદન્તીએ પિતાને કહ્યું: હે તાત! પૂર્વે જ્ઞાની ગુરુ પાસેથી મેં સાંભળ્યું છે કે, આ ભરતક્ષેત્રમાં નળ સિવાય સૂર્યપાક રસોઈનું જ્ઞાન બીજા કોઇને પણ નથી. એ કુબ્જ હોય, કુંટો, પાંગળો ગમે તેવો હોય, પરંતુ એ નળ છે એમાં મને જરા પણ સંશય નથી. છતાં બીજી એક પરીક્ષા—નળ પોતાની આંગળીથી સ્પર્શ કરે તો નક્કી હું રોમાંચિત થાઉં તો પાકી ખાતરી થાય. રોમાંચિત ના થાઉં તો તે બીજો જ હશે જાણવું. માટે એ કુબ્જ મને તિલક કરતો હોય એમ કપાળમાં સ્પર્શ કરે.

દવદન્તીના કહેવાથી ભીમરથ રાજાએ કુબ્જ પ્રત્યે કહ્યું: ભો કુબ્જ! તું નળ છે? ત્યારે કુબ્જ બોલ્યો:—

તમે બધા ભ્રમમાં પડ્યા છો. દેવના જેવા રૂપવાળો નળ ક્યાં? અને જેના સામું પણ જોવું ગમે નહિ એવો બિભત્સ હું ક્યાં. રાજાએ આગ્રહ કરીને કુબ્જને કહ્યું: શંકા નિવારવા

તું દવદન્તીના ભાલપ્રદેશ(કપાળ)માં આંગળીથી સ્પર્શ કર. રાજાના અત્યંત આગ્રહથી સ્પર્શ કર્યો. તે જ ક્ષણે કદમ્બ વૃક્ષના ફુલ જેમ વિકસીત થાય તેમ દવદન્તીને રોમાંચ સહ આખા શરીરે ઝણઝણાટી થવારૂપ બારીક કાંટાની જેમ અપૂર્વ આહ્લાદ થયો. પછી દવદન્તીને સંપૂર્ણ ખાત્રી થવાથી એકાંતમાં લઈ જઈ કહ્યું :—

હે પ્રિયતમ! તે અવસરે ગહન વનમાં વિશ્વાસથી સુતેલી એવી આપે મારો ત્યાગ કર્યો. પણ હવે કયાં જશો? લાંબા કાળે દર્શન પામી. હે સ્વામી! સ્વ-સ્વરૂપ પ્રગટ કરી દર્શન આપો.

દવદન્તીના અપ્રતિમ સ્નેહથી બીલ્વફળ અને કરાંડીઆમાંથી વસ્રો, અલંકાર કાઢી પહેરવાથી મૂળ સ્વરૂપે કુબ્જ મટી નળ રાજા પ્રગટ થયો. હર્ષના અતિરેકથી દવદન્તી-નળ બન્ને ભેટ્યાં.

નળ રાજા એકાંતમાંથી બહાર આવતાં ભીમરથ રાજાએ આલિંગન આપી, રાજ્ય સિંહાસને બેસાડ્યો. દધિપર્ણ રાજા પણ પ્રણામ કરી, બન્ને રાજા હાથ જોડીને નળના આગળ ઊભા રહ્યા. દધિપર્ણ રાજાએ કહ્યું: હે નલ ભૂપાલ! તમે હંમેશાં અમારા સ્વામી છો. અજાણપણે મેં અવિનયપૂર્વક અનુચિત કાર્ય કર્યું-કરાવ્યું તે સર્વ અપરાધ ક્ષમા કરો.

અત્રાન્તરે તે ધનદેવ સાર્થવાહ ભીમરથ રાજા પાસે આવ્યો. દવદન્તીએ આ મારા બાંધવની જેમ ઉપકાર મારા પર કરનારો છે, એમ પિતાને કહ્યું. અને ભીમરથે પણ સાર્થવાહનું બહુ જ ગૌરવ કર્યું. ત્યારબાદ જેણે જેણે પૂર્વે વનવાસ દરમ્યાન ઉપકારો કર્યા હતા તે ૠતુપર્ણ રાજા, ચંદ્રયશા રાણી, ચંદ્રવતી, તાપસ પુરેશ્વર શ્રી વસંતશેખર વિગેરે સર્વને ખબર આપી તેડાવ્યા. તે સર્વનું અત્યંત વ્હાલભર્યું સ્વાગત સન્માન અનેક

પ્રકારના આતિથ્યથી સત્કારપૂર્વક એક માસ સુધી ભીમરથ રાજાએ રોકયા. તે અવસરે રાજ્યસભામાં—આકાશથી સાક્ષાત્ તેજનો પુંજ એવો દેવ ઉતરી આવી મહાસતી દવદન્તીને કહેવા લાગ્યોઃ હે મહાનુભાવે! હું પહેલાં તાપસાશ્રમમાં વિમલમતી કુલપતિ હતો. તેં મને પ્રતિબોધ કર્યો. મિથ્યાધર્મનો ત્યાગ કરાવ્યો. આર્હંત ધર્મની દીક્ષા લઈ પાળીને કાળ કરી સૌધર્મદેવલોકે કેસર નામના વિમાનમાં કેસર નામનો દેવ રૂદ્ધિને પામ્યો. એ સઘળો હે મહાસતી! તારો પ્રભાવ અને ઉપકાર કદી વિસરાય નહિ એમ કહીને સાત ક્રોડ ધન વર્ષાવીને કૃતજ્ઞતા પ્રગટ કરી સ્વર્ગમાં ચાલ્યો ગયો.

ત્યારબાદ ભીમરથ, દધિપર્ણ, ઋતુપર્ણ, વસંતશ્રીશેખર અને બીજા પણ મહાબળવાન રાજાએ મળીને નળરાજાનો રાજ્યાભિષેક મહાઉત્સવ સાથે કર્યો.

શુભ દિવસે તે સર્વ રાજાઓ અને સૈન્યને સાથે લઈને અતુલ બળી નળરાજા પોતાનું રાજ્ય મેળવવા અયોધ્યા (કોશલ) તરફ રવાના થયો.

નળરાજાએ અયોધ્યા નજીકમાં સૈન્યનો પડાવ નાખ્યો. રતિવલ્લભ નામના ઉપવનમાં પડાવ નાખી રહેલા નળના આગમનથી કુબર કંઠે પ્રાણ આવ્યા હોય તેમ આકુળવ્યાકુળ થઈ ગયો. નળે કુબર પાસે દૂત મોકલી કહેવાવ્યું. આપણે ફરીથી જુગાર રમીએ. શર્ત એ કે જે હારે તે જીતનારને સર્વસ્વ સોંપી દે. યુદ્ધનો ડર ચાલી જવાથી હર્ષમાં આવેલા કુબરે એ વાત માન્ય રાખી.

બન્ને જણા પાસા ફેંકવા લાગ્યા. જોતજોતામાં ભાગ્યવાન નળની જીત થઈ ગઈ. કુબર સર્વસ્વ હારી જવા છતાં, ક્રૂર

સ્વભાવી કુબરને પોતાનો નાનો ભાઈ સમજી સુસજ્જનતાથી પ્રથમની જેમ યુવરાજપદે સ્થાપન કર્યો.

પોતાનું રાજ્ય પ્રાપ્ત કરીને નળ દવદન્તી બન્નેએ ઉત્કંઠાથી સર્વ ચૈત્યોને વંદનાદિ કરી, કોશલાપુરીમાં સોળ હજાર રાજાઓએ ભેટણાં અર્પણ કરી, ભરતાર્ધસ્વામી તરીકે રાજ્યાભિષેક મહામહોત્સવપૂર્વક નળનો કર્યો નળે સમગ્ર રાજ્યમાં અખંડ શાસન ચલાવી અનેક હજાર વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું.

ત્યારપછી દેવરૂપધારી નળ પિતા નિષધ સ્વર્ગમાંથી આવી, વિષયસુખરૂપ સાગરમાં નિમગ્ન નળને પ્રતિબોધ કરતાં. હે વત્સ! આ સંસાર સમુદ્રમાં વિષયો અને કષાયો આત્માનું ધન લુંટી રહ્યા છે. તેનું વિવેકથી રક્ષણ કર. એમ કહીને આગળ વિશેષ સમજ આપતાં દેવે કહ્યું: પૂર્વે તારી દીક્ષાનો સમય હું જણાવીશ એમ કહેલું તે યાદ કરી માનવજન્મ ફળ સર્વ વિરતી ગ્રહણ કર. એમ કહી દેવ સ્વર્ગમાં ગયો.

થોડા દિવસો બાદ જિનસેનસૂરી ત્યાં પધાર્યા. નળ તથા દવદન્તીએ સપરિવાર ત્યાં જઈ વિધિપૂર્વક વંદનાદિ ક્રિયા કરી, દેશના સાંભળ્યા પછી નળે પોતાનો પૂર્વ ભવ સંબંધી પૂછતાં જિનસેનસૂરીશ્વરજીએ કહ્યું: હે રાજન્! પૂર્વ ભવમાં સાધુને ક્ષીર ભક્તિભાવથી વહોરાવવાથી તને રાજ્યની પ્રાપ્તિ થઈ. મમ્મણ રાજા અને વીરમતી રાણીના ભવમાં ક્રોધથી સાધુને બાર ઘડી સુધી સાથથી વિયોગ પડાવી બેસાડી મુકયા. તે કર્મના યોગે આ ભવમાં બાર વર્ષ વિયોગ ભોગવવો પડ્યો.

એ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ સાંભળીને ઉત્કટ વૈરાગ્ય વાસિત થયેલા નળે પુષ્કલ નામના પુત્રને રાજ્યે બેસાડી, દવદન્તી સાથે દીક્ષા લીધી. ચીરકાળ દીક્ષા પાળી એક વખત

નળે. દવદન્તી સાથે ભોગની અભિલાષા કરી. આચાર્યને ખબર પડવાથી નળ સાધુનો ત્યાગ કર્યો. એકલા પડેલા નળ સાધુને પિતા દેવે પ્રતિબોધ કર્યો, દીક્ષા પાળવાને અસમર્થ નળે અણુસણુ કર્યું. એવી જ રીતે દવદન્તી સાધ્વીને નળ સાથેનો ગ્રહસ્થ સબંધ યાદ આવવાથી રાગ ઉત્પન્ન થયો. નળે અણુસણુ કરેલું સાંભળી દવદન્તીએ પણ અણુસણુ કર્યું.

કાળ કરીને નળનો જીવ હું ધનદ (કુબેર) લોકપાલ થયો. દવદન્તી કાળ કરીને મારી પત્નિ દેવી થઈ. દેવી ચ્યવીને કનકવતી થઈ. પૂર્વના સ્નેહથી મોહિત થઇને સ્વયંવરમાં એને પ્રાપ્ત કરવા આવ્યો. પરંતુ એ તને વરેલી હોવાથી એ મહાસતી દૃઢપણે મક્કમ રહી. એ સર્વ હે વસુદેવ! તારી જાણ બહાર નથી. વળી હે વસુદેવ! આ તારી પત્નિ કનકવતી આ જ ભવમાં સર્વ કર્મ ક્ષય કરી મુક્તિને પામશે એવું ઈન્દ્ર સાથે મહાવિદેહમાં હું ગયો હતો ત્યારે વિમલસ્વામી તીર્થંકરે કહ્યું હતું. એમ કહી ધનદ સ્વર્ગમાં ગયો.

અહીં કનકવતીનું દૃષ્ટાંત સારરૂપે પુરૂં થાય છે. સારાંશ પૂર્વે વસુદેવે ધનદદેવને પુછેલું કે માનુષીજાતિ કનકવતીના સ્વયંવરમાં તમો દેવ કયા કારણથી આવ્યા. તે ઉપરથી ધનદદેવે કનકવતી સાથેનો પૂર્વ જન્મોનો સંબંધ પોતાનો કહી બતાવ્યો.

પહેલા ભવમાં–સંગરનગરમાં મમ્મણ રાજા–વીરમતી રાણી.

બીજા ભવમાં–સ્વર્ગમાં દેવ દેવી.

ત્રીજા ભવમાં–પોતનપુરમાં ધન્ય ભરવાડ–ધુસરી પત્નિ.

ચોથા ભવમાં–હેમવંતક્ષેત્રે યુગલિક પતિ પત્નિ.

પાંચમા ભવમાં–સ્વર્ગમાં દેવ દેવી.

છઠ્ઠા ભવમાં–કોશલાપુરીમાં નળ રાજા–દવદન્તી રાણી.

સાતમા ભવમાં–ધનદ અર્થાત્ લોકપાલ દેવ અને દેવી.

આઠમા ભવમાં–દવદન્તી દેવી ચ્યવીને કનકવતી અને મોક્ષ.

ઉપર પ્રમાણે સાત ભવ સુધી બંન્ને સાથે રહ્યા. સમ્યગ્‌દર્શન પામ્યા પહેલાં સાધુનું પહેલા ભવમાં અપમાન કરેલું, પાછળથી અપમાનિત સાધુના ઉપદેશથી સમકિત પામી આર્હત ધર્મની આરાધના કરી ઉત્તરોત્તર અધિક વૈભવશાળી બની–વૈભવનો ત્યાગ કરી અંતે સર્વ કર્મ ક્ષય કરી આઠમા ભવમાં કનકવતી શાશ્વત સુખનો ભોક્તા બની અર્થાત્ પરમાત્મદશાને પ્રાપ્ત થઈ.

વિષયસુખનો રાગ એટલો બધો ખરાબ છે કે જીવો રાગાંધ બની અલ્પ સુખની ખાતર અનલ્પ દુઃખોનું સર્જન કરે છે. રાગની રામાયણથી જીવો અઢારે પાપસ્થાનક સેવે છે. રાગને પોષવાનાં સાધનો પૈકી મુખ્ય સાધન લક્ષ્મી છે. તે મેળવવા હિંસક યોજનાઓ ઘડાય છે. જ્ઞાનીઓએ લક્ષ્મીને પ્રાયે અનર્થનું કારણ કહ્યું છે.

" અર્થો હ્યનર્થો બહુધા મતોડયમ્
સ્રીણાં ચરિત્રાણી શવોપમાનિ
વિષેણુ તુલ્યા વિષયાશ્ચ તેષામ્
યેષાં હૃદિ સ્વાત્મલયાનુ ભૂતિ. "

ઉપરના શ્લોકમાં મહાપુરૂષ જણાવે છે કે–જેઓએ પોતાના આત્માનું સ્વરૂપ જાણ્યું છે, તેવાઓ લક્ષ્મીને અનર્થનું કારણ

પ્રાયે માને છે. સ્ત્રીઓના શરીરને શબ અર્થાત્ મુડદા સમાન માને છે. શ્મશાનમાં રહેલા મડદાના શરીરને ગીધ, કાગડા, કુતરા વિગેરે ચુંથે છે, આનંદ માને છે, કુદાકુદ કરે છે, તેવી જ રીતે આત્માના સ્વરૂપને જાણનારા મૈથુન સેવનને મડદા ચુંથવા જેવું ગણી એના સામું જોતા પણ નથી. વિષયોને વિષ સમાન ગણી દૂર ભાગે છે. વિષ ખાવાથી ઝેર ચડે અને મારનારૂં બને છે. પરંતુ વિષયોનો રાગ યાદ આવવા માત્રથી મોહનું ઝેર ચડે છે. જીવને મોહાંધ બનાવી અનેક જન્મ-મરણો કરાવે છે. છતાં ખુબી એ છે કે અનંતવાર ભોગવ્યા છતાં જ્યારે ને ત્યારે કદી ભોગવ્યા ન હોય એવા અપૂર્વ લાગે છે. એ મોહનો અંધાપો નહિ તો બીજું શું ?

હવે મૂળ મુદ્દા પર આવતાં પરમાત્મા જેવા આપણે પામર દશામાં સંસારના ભૌકિતક સુખના રાગથી મુકાયા છીએ. માટે પામરતા દૂર કરવા અને પરમાત્મદશા પ્રગટ કરવા સંસારના સુખનાં-રાગનાં સાધનો જેવા કે લક્ષ્મી, કુટુંબ, બંગલા, બાગ બગીચા વિગેરે મોહક વસ્તુઓનો ત્યાગ કરવો જરૂરી છે. જ્ઞાનીઓ વારંવાર એ જ સમજાવે છે કે જેનો અનિચ્છાએ પણ ત્યાગ થવાનો છે તેનો સમજપૂર્વક ત્યાગ કેમ ન કરવો ? અર્થાત્ કરવો જ જોઇએ. ક્ષણે ક્ષણે પરિવર્તનપણાને પામતાં સુખનાં સાધનો બીજી જ ક્ષણે દુઃખમય લાગે છે. જે રૂપ જોવાને જીવ લલચાતો હતો તે રૂપ વિકૃત બની જતાં જોવું ગમતું નથી. સનતકુમાર ચક્રવર્તીનું ઈન્દ્રની પ્રશંસા પામેલું રૂપ જોવા દેવો આવ્યા. જોવા જેવું હતું, ખુશ થયા. પરંતુ થોડા જ સમય પછી રોમેરોમ શરીર વિકૃત બની ગયું. ચક્રવર્તીને પોતાની સારભુત લાગતી કાયા અસારભુત લાગવાથી જગતના તમામ પદાર્થો અને ચક્રવર્તીની સાહ્યબી રાજ્યઋદ્ધિ પણ અસાર લાગવાથી સંયમી બન્યા. કાંઈ જ દુઃખ નહોતું.

સુખનાં સાધનોનો પાર નહોતો. પરંતુ અંતરદષ્ટિ ખુલી, વિવેક પ્રગટ્યો, વિચાર આવ્યો. આ રાજ્યઋદ્ધિ ભવિષ્યમાં કંગાલ દશામાં મૂકશે. માટે જો મારે કંગાળ દશામાં ન મુકાવું હોય તો ઉન્નત મસ્તકે એનો ત્યાગ કરવો એ જ ઉત્તમ રસ્તો સમજી મોક્ષ અને મોક્ષનાં સાધનો પ્રત્યે રાગને પલટાવ્યો.

કહેવત છે કે, ગરથ ગયા પછી જ્ઞાન અને રાંડ્યા પછીનું ડહાપણ શું કામનું ? પૈસા ન હોય ત્યારે, મારી પાસે હોત તો મંદિર બંધાવત, સંઘ કાઢત, સાધર્મીકોનાં દુઃખ દૂર કરત વિગેરે મનોરથો સેવનારા કદાચ પુણ્યયોગે ગરીબાઈમાંથી શ્રીમંત બની જાય, તો પહેલાંના મનોરથો હવામાં ઉડી જાય છે, અને નવા જ મનોરથો જેવા કે અમુક નવી પેઢી ખોલું, કારખાના ખોલું, નવા આધુનિક બંગલા બંધાવું, આકર્ષક ફરનીચર વસાવું. મારાથી કોઇ આગળ વધી જાય તો લાગવગ પૈસાના જોરે એને પાછો પાડું વિગેરે મનોરથ સેવતો થઈ જાય છે. અને એ જ વ્યક્તિ પુણ્ય ખલાસ થયે, નિર્ધન બની જાય, ત્યારે એને ડહાપણ સુઝે છે કે, હતું ત્યારે કાંઇ જ સુકૃત કર્યું નહિ, જન્મ હારી ગયો વિગેરે. પણ ધન ગયા પછીનું ડહાપણ નકામું છે, તેમ પતિ જીવતાં આ જોઇએ અને તે જોઇએ, મારા ક્યાં ભોગ લાગ્યા તમારે પનારે પડી. મને મોત આવ્યું હોત તો સારૂં, પેલી પાડોસણને એનો પતિ કેવા લાડ લડાવે છે, એના બધાએ કોડ પુરા કરે છે, અને તમો તો મારા સંજોગો સારા નથી, સંજોગો સુધરશે ત્યારે સૌ સારાં વાનાં થશે, ગાંડી મને ત્રાસ આપ નહિ વિગેરે પતિની હાજરીમાં પત્નિ સુખે બેસવા દે નહિ પણ જ્યારે, પતિ મરી જાય ત્યારે ભેંકડો તાણે, તમો તો સારા હતા, ખાનદાન હતા, મુઇ હું કે તમોને સુખ આપી શકી નહિ વિગેરે. રાંડ્યા પછી ડહાપણ આવે તે શા કામનું ?

એ ન્યાયે દુર્લભ એવો માનવ જન્મ અને ધર્મની સામગ્રી મળેલી તેનો લાભ ના લઇએ. કેવળ વિષયાસક્ત બની રાગમાં ફસાઈ આયુષ્ય પુરું થતાં, બળદ, ગધેડા, ઊંટ વિગેરે તિર્યંચ ગતિમાં પ્રત્યક્ષ જોવાતાં દુઃખો ભોગવવાના, અવસરે કોઈ જ શરણુ નહિ આપે, માનવ જન્મમાં તો મારાથી સહન થતું નથી, બચાવો, આશ્રય આપો વિગેરે બોલી શકશો. પરંતુ તિર્યંચપણામાં મારાથી ભાર ઊપડી શકાતો નથી, સહન થતું નથી, વિગેરે બોલીને પણ દુઃખ વ્યક્ત કરી શકાશે નહિ. ત્યારે એ ગતિમાં ધર્મનું નામ પણ હશે નહિ, સત્કાર્ય–અકાર્યનો વિવેક પણ હશે નહિ, આર્ત અને રૌદ્ર ધ્યાનથી પાછા અંતે નરકગતિમાં હજારો વર્ષ સુધી દુઃખો ભોગવવા છતાં અંત આવવો મુશ્કેલ થઈ પડશે.

કરોળીઓ જાતે જાળ બાંધે છે અને એમાં જ ફસાય છે. તેમ જીવો વિષયસુખના રાગે ફસાય છે અને એથી જન્મ–મરણ, આદિ–વ્યાધિ–ઉપાધિના દુઃખોનું જાતે જ સર્જન કરે છે.

બધું ક્ષણિક છે, નાશવંત છે, અસત્ય યાને મિથ્યા છે, ઈન્દ્રજાળ જેવો આ સંસાર છે એમ બોલવા છતાં પક્ષપાત એનો છે, બોલવું અને માનવું એમાં બહુ જ અંતર છે. બોલનારો વર્તનમાં મુકે નહિ તો તે વાયડાપણામાં ખપે છે, ડાહ્યા માણસોમાં મૂર્ખ ઠરે છે.

વળી ત્યાગ પણ રાગને પોષવા થતો હોય તો તે બહુ જ ખતરનાક છે. ઉપર–નીચે થોડો સારો માલ ભરીને વચમાં ખરાબ માલ ભરી પેકીંગ ઉપર શુદ્ધ ચોકખા માલનું લેબલ મારવાથી છેતરપિંડી–વિશ્વાસઘાતનો ગુનો બનતો હોય તો ત્યાગનો વેષ પહેરી લોકોને આકર્ષી સ્વાર્થ સાધનારા પણ ગુનેગાર કેમ ના ગણાય ?

"યસ્ય ચિત્તં દ્રવીભુતં કૃપયા સર્વ જંતુષુ
તસ્ય જ્ઞાનં ચ મોક્ષશ્ચ, કિં જટા ભસ્મ ચીવરૈ"

ઉપરના શ્લોકમાં કહ્યું-જેનું ચિત્ત સર્વ જીવો પ્રત્યે કરૂણાથી આદ્ર (ભીનું) થયું છે, તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે અને એ જ મોક્ષનો અધિકારી છે. જટા ધારણ કરવાથી, ભસ્મ લગાવવાથી અથવા તથા પ્રકારનાં ત્યાગનો વેશ પહેરવાથી કલ્યાણ તો દૂર રહ્યું, પરંતુ દુઃખોના ગંજ ખડકાશે એ નક્કી છે, માટે વેશ પરિવર્તન કરવા પહેલાં હૃદય પરિવર્તન થવું જરૂરી છે. વેશને પહેરી વફાદાર ન રહેતો, વેશ આપનારનો અને ધર્મનો તથા શાસ્ત્રોનો દ્રોહ કરનારો બને છે, બહેતર છે કે ત્યાગનો પ્રતિક વેશને વફાદાર રહેવાનું ના બની શકે તો-વેશનો ત્યાગ કરી, ત્યાગને વફાદાર રહી જીવન જીવવામાં લાભ છે.

મરીચી સાધુ થયા, શાસ્ત્રો ભણ્યા. દાદા પ્રભુ ઋષભદેવ સાથે વિચર્યા. પાછળથી સાધુપણાના નિયમો પાળવામાં ઢીલા પડ્યા. સાધુપણાના આચારથી વિરૂદ્ધ-સ્નાન કરવાની ઈચ્છા માથે ગરમીથી બચવા છત્ર, પગમાં પગરખાં વિગેરેની અભિલાષા થતાં વિચાર આવ્યો. તીર્થંકરનો પૌત્ર ચક્રવર્તીનો પુત્ર હું ઘરે જઇ શકાય નહિ, અને સાધુપણાના વેશમાં રહી પોલ પણ ચલાવાય નહિ, માટે લોક વિશ્વાસથી મને વંદનાદિ કરે નહિ, એ દૃષ્ટિએ હું સાધુ નથી એમ લોક જાણે એ ખાતર ત્રીદંડીનો વેશ લીધો, સાધુપણાનો વેશ છોડ્યો. પણ સાધુપણાનો અત્યંત પ્રેમ હોઈ જેને તેને પ્રભુનો માર્ગ સમજાવે, સમજાવીને વૈરાગ્ય વાસિત બનાવી પ્રભુના સાધુઓ પાસે દીક્ષા લેવા મોકલે પણ પોતે કોઈને શિષ્ય કરે નહિ, કારણ ધર્મ મારામાં નથી એવું સભાન મરીચીને હતું.

સર્વ ધર્મ સમાન શબ્દ આજે લોકમાં રૂઢ બનતો જાય છે. પરંતુ જગતમાં પાણી, જમીન, પત્થર, ફુલ, વૃક્ષ, મકાન આદિમાં સમાનતા નથી, માનવ માનવ વચ્ચે અસમાનતા દેખાય છે. તો ધર્મમાં સમાનતા કહેવાય શી રીતે ? તે તે સંપ્રદાયોના આચાર વિચાર વર્તન વિધિમાં ફેરફાર છે એ જ સુચવે છે કે સમાનતા નથી. છતાં સર્વધર્મ સમાન એ જ બોલી શકે કે જેને ધર્મની જરૂર નથી અને ધર્મીમાં ખપવું છે. બાકી તો જેને જીવનમાં ધર્મની જરૂર જણાઈ છે તે તો ચોક્કસ ખાત્રી કરી જેનાથી આત્મહિત થતું હોય તે ધર્મ સર્વજ્ઞ કથિત સ્વિકારશે, પરંતુ ધર્મને નામે આત્માનું અહિત થતું હોય તે ધર્મ નથી પણ અધર્મ છે એમ કહેવું જ પડશે. હા એક વાત છે કે બીજા ધર્મની અથવા અન્ય ધર્મીઓની નિંદા કરવી જોઈએ નહિ એ ખાસ લક્ષ આપવા જેવું છે. સાથે સાથે અજ્ઞાનતાને લીધે અથવા સ્વાર્થી સુધારકોના પ્રચારને લીધે સર્વ ધર્મ સમાનના નામે લોક ફસાતું હોય તેના કલ્યાણની ખાતર તેને બચાવવા તે કહેવાતો ધર્મ કેવી રીતે અધર્મ છે એ શક્તિશાળીઓએ બતાવવું જોઈએ. ન બતાવે ઉપેક્ષા કરે તો એ પાપનો ભાગીદાર બને છે. શક્તિ ન હોય તો મૌન રહેવું સારૂં પરંતુ શક્તિ હોવા છતાં જવા દો વાત, શાંતી રાખો, કરશે તે ભરશે એવું બોલી સત્ય વસ્તુને છુપાવવાના પાપને પોષણ આપનારા બને છે. શાંતીને નામે સત્યને છેહ દેવાય નહિ. ભગવાન મહાવીર શાંતિના હિમાયતી નહોતા ? હતા જ. છતાં જમાલી–ગોશાળાને ખોટા જાહેર કરતાં અચકાયા નહિ. પક્ષ પડી ગયા. પણ શાંતિના નામે અસત્યને પુષ્ટિ આપી નહિ.

કોંગ્રેસવાદ, સમાજવાદ, સામ્યવાદ વિગેરે અનેક વાદોના મુખ્ય નેતાઓ–અનુયાયીઓ જાહેર સભાઓમાં ખુલ્લે ખુલ્લું

બોલે છે કે અમારા જ સિદ્ધાંતો લોકકલ્યાણ કરનારા છે. બીજાઓમાં કોઈ જ ઠેકાણું નથી, એ તો દેશને રાષ્ટ્રને ખતરામાં લઈ જનારા છે માટે અમોને જ તમારો પવિત્ર મત આપો, એમ બોલે છે એટલું જ નહિ પ્રચાર પણ મોટા ખર્ચે કર્યે જાય છે. તો ધર્મ જેવી જીવનમાં મુખ્ય ગણાતી વાતને વિતરાગે કહેલો ધર્મ જ—જગતના જીવોનું કલ્યાણ કરનાર છે. બીજો કોઈ પણ ધર્મ નહિ, એમ ધર્મ નાયકો ધર્મીઓ બોલે પ્રચાર કરે તેમાં વાંધો શું ?

મરીચી ત્રીદંડી થયા પછી, બીમાર પડ્યા. ભગવાનની સાથે રહેતા હતા. પણ ભગવાને તથા પોતે પણ ઉપદેશ આપી બનાવેલા ભગવાનના સાધુઓએ વૈયાવચ્ચ કરી નથી, મરીચી પણ ગુસ્સે થયા નથી, ઉલટું વિચાર કરે છે. ક્યાં મહાવ્રતધારી એ પૂજય સાધુ ભગવંતો અને ક્યાં હું ત્રીદંડી, એ મારી સેવા કરે શાના ? સાધુઓના આચારથી વિરૂદ્ધ સાધુઓ વર્તન કરે નહિ, હું પણ ઈચ્છું નહિ, આવા મરીચી વિવેકવાળા હતા. માનવતાના નામે હો હા કરી કાગારોળ કરી નથી. છતાં અશુભ કર્મોદયે એક વખતે કપિલ નામના રાજકુમારને વૈરાગી બનાવી દીક્ષા લેવા ભગવાન પાસે મોકલતાં શું તમારામાં ધર્મ નથી ? ત્યારે મરીચીએ કહ્યું, અહિં પણ ધર્મ છે, ત્યાં પણ છે. બસ આટલું માયા મૃષાવાદ બોલવાથી શાસ્ત્રે નોંધ લીધી કે ઉત્સુત્ર બોલવાથી કોડાકોડ સાગરોપમ સંસાર વધી ગયો. કહેવાની મતલબ એ જ કે સર્વ ધર્મ સમાનની ઘેલછા ભરી વાતો કરવી સહેલી છે. પરંતુ એનાં ફળ ભોગવતાં દમ નીકળી જશે, એનો ખૂબ વિચાર કરવો જરૂરી છે.

માછલાં પકડનાર માછીમાર ભુખે મરતો હોય તો ખાવાનું અપાય એ અનુકંપા ધર્મ કહેવાય, પરંતુ એને માછલાં

પકડવા ધંધા માટે જાળો અપાય નહિ, અપાય તો અધર્મ કહેવાય. માટે માનવતાના નામે દયાનું ખૂન ના થાય બહુજ વિવેકથી વિચાર કરવો જોઇએ.

સીતાજીએ રામને કહેવડાવ્યું હોત સ્વામી મારા એકના લીધે લાખો માણસ મરતા અટકે, એ હેતુથી અનિચ્છાએ પણ રાવણનીરઇચ્છા પૂર્ણ કરૂં, યુદ્ધ કરી લાખોનો સંહાર કરવા કરતાં મારોજ શીયલનો ભોગ આપું તો હિંસા થતી અટકે એમાં ક્યાં વાંધો હતો? જરૂર મોટો વાંધો હતો. લાખોના જીવનનો સવાલ નથી પણ શીયળ ધર્મનો સવાલ છે. એટલે ધર્મના રક્ષણ ખાતર, ગમે તે ભોગ લેવાય કે અપાય એ ગૌણ વસ્તુ હોઈ ધર્મ જ મુખ્ય વસ્તુ છે. કારણકે હિંસા કરવાનો-કરાવવાનો અંશે પણ હેતુ નથી, સર્વાંશે ધર્મ રક્ષણનો જ હેતુ છે. અન્ય દર્શનીઓના તથા જૈન દર્શનના રામાયણના શાસ્ત્રોમાં રામે અને સીતાજીએ ખોટું કર્યું એવો ઉલ્લેખ મુદ્દલ નથી, એજ સુચવે છે કે શીયળ ધર્મના રક્ષણનો સવાલ અગ્રેસર છે.

ધર્મનું જે રક્ષણ કરે છે, એનું રક્ષણ ધર્મ કરે છે જેમ ખેતરનું રક્ષણ કરનાર ખેડુતનું રક્ષણ ખેતર કરે છે. જો તમારે અનાજ જોઈતું હોય તો ખેતરનું રક્ષણ કરો એમ ઉપદેશ કરવાની જરૂર રહેતી નથી. ફક્ત ધર્મ માટે ઉપદેશ આપવો પડે છે, કારણકે લોકો સહેજે અધર્મ તરફ દોરવાઇ જાય છે. દોરનારા પણ મળી આવે છે. વસ્તુસ્થિતિ એવી છે કે ધર્મ સિવાય પરમાત્મપદે જઇ શકાય નહિ. જેના જીવનમાં ભૌક્તિક સુખ પ્રત્યે આકર્ષણ છે એ અંતે પામરદશામાં મુકાઈ જાય છે.

સંસારરસીયા જીવોને ભોગસાધ્ય અને લક્ષ્મી સાધન લાગે છે. પરંતુ તત્વદષ્ટિ પામેલા જ્ઞાનીઓને મોક્ષ સાધ્ય અને સમ્યગ્ દર્શનાદિ ગુણો સાધન લાગે છે.

હામ–દામ અને ઠામ બધું વ્યવસ્થિતપણે પુણ્યથી મળી જાય એથી રાજી થવાનું નથી. પરંતુ એ મળ્યા પછી ક્યાં જવું છે એનો વિચાર સુદ્ધાં જે કરતા નથી, તેને ભવિષ્યમાં કશું જ મળવાનું નથી.

જુવાનીને પકડી શકાય નહિ. કારણકે વૃદ્ધાવસ્થા નક્કી છે. વૃદ્ધાવસ્થાને પણ પકડી શકાય નહિ, કારણ મરણ નક્કી છે. અને મરણ નક્કી છે તો ક્યાં જવું છે એનો વિચાર કરી પવિત્ર જીવન જીવનાર જ પરમાત્મપદે અંતે પહોંચી શકે છે.

ભીખારી સ્વભાવવાળા શ્રીમંતો સંસારના રાગના સાધનો પ્રત્યે કદાચ ઉદારતા દાખવતા હશે, પરંતુ ધર્મના સાધનો પ્રત્યે અરૂચીવાળા હોય તો પોતાનું ભાવી ભીખારી થવાનું બનાવી રહ્યા છે.

દુર્લભ માનવજન્મ અને તે પણ ધર્મની સામગ્રી સહિત મળેલો છે, તે સફળ ત્યારે જ બને કે એક ફક્ત મોક્ષ મેળવવા પુરુષાર્થ કરવામાં આવે તો જ, નહિતર પુણ્યોદયે મળેલા સંસારના સુખમાં જ લીન બની રહે તો એ જ માનવ જન્મ અને ધર્મની સામગ્રી મળવી દુર્લભ બની જશે.

પુણ્યોદયે સુખ મળે અને સુખમાં પ્રમાદ વધે તો નરક તિર્યંચાદિ ગતિમાં ભટકવાનું થાય. પ્રમાદના પાંચ પ્રકાર કહ્યા છે : મદ્ય, વિષય, કષાય, નિંદ્રા અને વિકથા એ પાંચે પ્રમાદનાં લક્ષણો છે.

મદ્ય—એટલે દારૂ અથવા જેનાથી આત્મભાન ભૂલાય એવો કોઈ પણ જાતનો નશો.

વિષય–એટલે પાંચે ઇંદ્રિયોને ઈષ્ટ વસ્તુ પ્રત્યે ગાઢ આસક્તિ.

કષાય—એટલે ક્રોધ, માન, માયા અને લોભ. એ ચારે કષાયો ઇંદ્રિયજન્ય સુખમાંથી જન્મે છે તે.

નિદ્રા—ઘણી નિદ્રા એ પણ પ્રમાદનું લક્ષણ છે.

વિકથા—ચાર પ્રકારની રાજ સંબંધી, દેશ સંબંધી, સ્ત્રી સંબંધી, ભોજન સંબંધી. એ ચારે પ્રકારની વિકથા ટેસ્ટપૂર્વક અથવા દ્વેષપૂર્વક કરાય ત્યારે ચીકણાં અશુભ કર્મ બંધાય.

ઉપર પ્રમાણે મોટા ભાગના સંસારમાં સુખી ગણાતા માનવોમાં જોવાય છે. સ્તવનમાં કહ્યું છે કે—

પરિહરો વિષય કષાય રે, બાપડા પંચ પ્રમાદથી;
કાં પડો કુગતિમાં ધાઈ રે.

પુણ્યોદયે સર્વ પ્રકારની સાનુકૂળતા મળી રહે છે. પુણ્ય ખલાસ થયે એ જ વ્યક્તિ નિરાધાર બની જાય છે, કંગાળ પામર જેવી દશામાં મૂકાઈ જાય છે. કૃષ્ણ વાસુદેવના પુણ્યોદયે બોલબાલા હતી અને તે જ વ્યક્તિ દ્વારકાના દહન વખતે કાંઈ જ કરી શકવા સમર્થ બની નહિ એ જગપ્રસિદ્ધ હકીકત છે. તે કૃષ્ણ વાસુદેવનું ટૂંકમાં દૃષ્ટાંત આ પ્રમાણે છે.

મથુરાના ઉગ્રસેન રાજાની ધારણીના ગર્ભમાં આવેલા દુષ્ટ પુત્રના (પતિ માંસ ખાવાના દોહદના પ્રભાવે) જન્મતાં કાંસાની પેટીમાં મૂકી યમુના નદીમાં તણાતો કર્યો. તે સુભદ્ર નામના સારથીના હાથમાં આવ્યો. સારથીએ પોતાની પત્નિને સોંપ્યો અને કંસ નામ પાડવામાં આવ્યું.

પૂર્વના વૈરભાવથી મોટા થયેલા કંસે પિતા ઉગ્રસેનને પાંજરામાં પૂર્યા. મથુરાની રાજ્યગાદીએ પોતે ચડી બેઠો. પ્રતિ વાસુદેવ જરાસંઘની પુત્રી જીવયશાને કંસ પરણ્યો. જીવયશાનાં લક્ષણો પતિ અને પિયર પક્ષનો નાશ કરનારાં હતા.

સમુદ્રવિજય રાજાના દશમા નંબરના નાના ભાઇ વસુદેવ અને કંસ પ્રત્યે અરસપરસ મિત્રતા હતી. કંસના નાના ભાઈ અતિમુક્ત નામના હતા, તેમણે નાની વયમાં દીક્ષા લીધી હતી અને મહાજ્ઞાની બન્યા હતા.

કંસે પોતાના કાકા દેવક રાજાની કન્યા દેવકી સાથે વસુદેવનું સગપણ કર્યું હતું.

વસુદેવ અને દેવકીના લગ્ન પ્રસંગે કંસની પત્નિ જીવયશા યૌવનોન્મત્ત બનેલી અને દારૂના નશામાં ચકચુર બનેલી હતી. તે પ્રસંગે અતિમુક્ત સાધુ ભીક્ષા માટે ફરતા ફરતા કંસના મહેલે પધાર્યા.

જીવયશાએ અંગ ઉપરનાં વસ્ત્રો આઘા–પાછા કરી બોલી : “આવો આવો દિયર આપણે નૃત્ય કરીએ” કહીને મુનિના ગળે બાઝી પડી.

અતિમુક્ત મુનિ–ભીલડી, બેશરમ, દૂર ખસી જા. યૌવનના મદમાં ચકચુર બની જેના વિવાહોત્સવમાં ઉન્મત્ત બની છે એ દેવકીનો સાતમો ગર્ભ (બાળક) તારા પતિનો ઘાત કરશે. એમ કહી જીવયશાના પાશમાંથી છુટી રવાના થઈ ગયા.

મુનિના શબ્દો કાને પડતાં જીવયશાનો મદ ઉતરી ગયો. ભવિષ્યમાં આવનારી આપત્તિથી ગભરાઇ જઈ પતિ કંસને વાત કરી.

ખરેખર અસાર એવા આ સંસારમાં આપત્તિ સિવાય બીજું શું છે? કોઇને આજે આપત્તિ પ્રત્યક્ષ છે તો કોઇને પરોક્ષમાં હોઇ ભવિષ્યમાં આવનારી છે તેમ સમજી સમજુ જેઓ છે તે સંસારના ઢગલાબંધ સુખમાં પણ આસક્ત ન થતાં જ્યાં આપત્તિનું નામ પણ નથી અને સંપદાની ઈચ્છા સરખી નથી એવા મોક્ષના સ્થાને જવા માટે કટિબદ્ધ થઈ વિનાશી વૈભવોનો ત્યાગ કરી સંયમ લઈ નિરતિચાર પાળીને મોક્ષમાં ગયા છે, તેઓનો જન્મ જ સાર્થક ગણાય. મનુષ્ય જન્મનું ફળ જ જ્ઞાનીએ સંયમ કહ્યું છે, તે સિવાયની ત્રણે ગતિમાં સંયમની પ્રાપ્તિ થતી નથી માટે જ મનુષ્ય જન્મની દુર્લભતા તિર્થંકરોએ કહી છે.

ગભરાયેલી જીવયશાની–પોતાના મરણ સંબંધીની આગાહી કંસે સાંભળી ક્ષોભ પામી ગયો. કપટ કળામાં કુશળ એવા કંસે ખાનગીમાં દાક્ષિણ્યતાના ભંડાર વસુદેવને બોલાવી કહ્યું : હે મિત્ર! તું તમામ અર્થીની આશા પુરી કરનાર છે, મને નિરાશ કરીશ નહિ, મારી એક પ્રાર્થના છે તે સાંભળ.

વસુદેવે કહ્યું : “આપણા બન્ને વચ્ચે ક્યાં જુદાઈ છે, બોલ શી માગણી છે.”

કંસે કહ્યું : “મારી બ્હેન દેવકીના સાત ગર્ભો ( બાળકો ) અપુત્રીઆ એવા મને આપવા, જેનું પાલન–પોષણ કરવાનો ઉમંગ મને મળે.”

વસુદેવે સ્વતઃ વિચારીને કહ્યું: “એમાં શું ખોટું છે, બલદેવાદિ ઘણા મારે પુત્રો છે. મારી દેવકીના સાત બાળકોથી તું પુત્રવાન થતો હોય તો તારી માગણી હું માન્ય કરૂં છું.”

કંસે વસુદેવને વચનથી બાંધી લઇ ભવિષ્યની આપત્તિની દુર કરવાની પ્રપંચ જાળમાં વસુદેવને ફસાવ્યા.

જુઓ ખૂબી ! જીવો મૃત્યુ અને દુર્ગતિની વાત સાંભળતાં જ ભયભીત બની જાય છે, તો પ્રત્યક્ષ મૃત્યુ સામે આવી જાય તો તે મરનારને કેટલું અસહ્ય દુઃખ થતું હશે તેની તો કલ્પના જ કરવી રહી. બીજાને દુઃખી કરવા છે, મારવા છે, પણ પોતાને દુઃખી થવું નથી અને મરવું પણ નથી. એ કેમ બને, ન જ બને. જ્યાં સુધી આપણું જીવન બીજા અનેકોને ભયરૂપ હોય ત્યાં સુધી આપણે ભય મુક્ત બની શકીએ નહિ.

વસુદેવે કંસ સાથે થયેલા કરારની વાત દેવકીને કરી, તેણે પણ ભલે મામો મોટા કરે એમ સમજી સમાધાન માન્યું. ત્યારબાદ દેવકી ગર્ભવંતી થતાં કંસે સખત ચોકીપહેરો રાખી જન્મેલ બાળકને સ્વાધિન લઇ મારી નાખવા માંડ્યો. એ પ્રમાણે અનુક્રમે છ બાળકોને મારી નાંખી ખૂબ આનંદ અનુભવતો ખુશ મીજાજમાં રહેવા લાગ્યો. પરંતુ પાપ છાપરે ચડીને પોકારે છે, એ કહેવત મુજબ જતે દિવસે એ કપટની જાણ વસુદેવ અને દેવકી સાથે લોકોને પણ થઈ.

અહિંયાં એક વાતનો ખુલાસો કરવો જરૂરી છે. જે દેવકીના છએ બાળકો ચરમશરીરી હોઇ, મહાપુણ્યવાન છે, તેઓ પુણ્યપ્રભાવે જન્મતાંજ દેવતાના રક્ષણમાં હોઈ કોઇ શ્રીમંત શેઠાણીના મૃતબાળકોને અનુક્રમે લઇ દેવકી પાસે મુકાતા હતા, અને દેવકીના પુત્રો તે શ્રીમંત શેઠાણીના ત્યાં મુકાતાં તે મૃતબાળકોને માર્યાનો ગર્વ કંસ અનુભવતો હતો, જેની દેવકી કે વસુદેવને પણ ખબર નહોતી. મોટા થયેલા તે છએ ભાઇઓ બત્રીશ બત્રીશ કન્યાઓ પરણ્યા હતા અને ભગવાન નેમિનાથ

પાસે દીક્ષીત થઈ મોક્ષે ગયા છે. ભાવીને મિથ્યા કરવા દેવો-ઇંદ્રો પણ સમર્થ નથી, તો બીચારા કંસનું શું ગજુ? રાજ્ય સત્તાના મદમાં અંધ બનેલા કંસને કયાં ખબર છે કે અતિમુક્ત મુનિની વાણી નિષ્ફળ કરવા હું જે પ્રયત્નો કરી રહ્યો છું, તે સામી વ્યક્તિનું પુણ્ય જોરદાર હોઈ, મારે માથે તો પંચેન્દ્રિય મનુષ્ય વધનું મહા પાપ લાગવાનું છે, અને એ પાપનાં ફળ નરકાદિક ગતિમાં મારે જ ભોગવવાનાં છે, જીવો બીજા પ્રત્યેના ગાઢ રાગથી એનું ભલું કરવા તનતોડ પ્રયત્નો કરે છે પણ તે વ્યક્તિનું પુણ્ય નહિ હોય તો, તેના ગેર-લાભમાં જ તે પ્રયત્નો પરિણમવાના છે, તેવી જ રીતે જેના પ્રત્યે દ્વેષ હશે તેનું અહિત કરવાના પ્રયત્નો ગમે તેટલા કરવા છતાં પણ તે વ્યક્તિનું પુણ્ય જોરદાર હશે, તો તે પ્રયત્નો તે વ્યક્તિના લાભમાં જ પરિણમવાના છે. કૌરવોએ દ્વેષભાવથી પાંડવોનું અહિત કરવાના પ્રયત્નો કર્યા, મૂળા શેઠાણીએ ચંદનબાળાનું અહિત કરવાના પ્રયત્નો કર્યા, ધવલશેઠે શ્રીપાળનું કાસળ કાઢવાના નીચ પ્રયત્નો કર્યા, પરંતુ એ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા એટલું જ નહિ પરંતુ પાંડવો, ચંદનબાળા, શ્રીપાળકુંવર જગપ્રસિદ્ધીને પામ્યા એ હકીકત હોઇ બીજાનું સારૂં અથવા ખરાબ કરવા અમે સમર્થ છીએ એવો ગર્વ-ફાંકો રાખવો નકામો છે, માટે દુશ્મનનું પણ સારૂં થાઓ એવી ભાવના જ આપણું કલ્યાણ કરનારી છે, એ ભુલવું નહિ.

જતે દિવસે સાતમો ગર્ભ રહ્યો, સાત સ્વપ્ને સુચિત એ ગર્ભની વાત પતિ વસુદેવને કરી, એ સાંભળીને અર્ધ ભરતનો સ્વામી થનાર જાણી વસુદેવ અને દેવકીને આનંદ થયો. સાથે જ શત્રુ કંસનો વ્યવહાર જાણી દુઃખ પણ થયું, છતાં હવે પોતાનો અભ્યુદય થવાનો છે જાણી, દેવકીને જે જે

ઉત્તમ મનોરથો થયા તે તે સઘળા વસુદેવે પૂર્ણ કર્યા. દેવકી પણ ગર્ભનું ખૂબ કાળજીપૂર્વક પાલન કરવા લાગી. છએ બાળકોને મારવાનું પાપ કરનાર કંસ પણ આ સાતમા ગર્ભ માટે વિશેષ સાવધ બની દેવકી ઉપર ખાસ ધ્યાન આપતો હતો. કંસે એના નાશની યોજના કરી જ હતી, છતાં ગર્ભમાં રહેલા બાળકનું પુણ્ય જોરદાર હોઇ, બાળકનું પુણ્ય અદૃશ્યપણે રક્ષણ કરનાર હતું. એકની યોજના બીજાના નાશ માટેની હતી, જ્યારે બીજાની યોજના રક્ષણ માટેની હતી. દેવકી ભવિષ્યમાં જન્મનાર બાળકથી અભ્યુદય થવાનો જાણી જેમ આનંદમાં હતી, તેમ કંસના વ્યવહારથી જાણતી હોઇ ચિંતામાં પણ હતી.

દેવકીએ વસુદેવને કહ્યું: “સ્વામી! અર્ધ ભરતપતિનો જન્મ થવાનો એ લાભથી મારૂં મન જેમ પ્રસન્નતાને પામે છે તેમ કાળ જેવા કંસના વ્યવહારથી અત્યંત ખેદ પણ થાય છે. નાથવાળી એવી અત્યારે અનાથના જેવી મારી દશા છે, ધિક્કાર છે પુણ્ય વિનાની એવી મને. જે જે પુત્ર થયા તે નરાધમ રાક્ષસ જેવા કંસે મારી નાખ્યા, પરંતુ હવે આ પુત્રને પણ જો એ દુષ્ટ મારી નાખશે તો દેવકી પણ જીવી શકશે? અર્થાત્ મરી જશે.”

વસુદેવે કહ્યું: “હું અત્યારે જીવતો મુવા જેવો છું. એમ ન હોત તો મારા છ પુત્રોનો પશુની જેમ નાશ થાત નહિ. પરંતુ ખેદ કર્યા સિવાય આ પુત્રનું રક્ષણ કર. મેં પણ રક્ષણનો ઉપાય ચિંતવી રાખેલ છે સાંભળ. મારા મિત્ર નંદ ગોકુલાધિપતિ છે. તેને તારો બાળક જન્મતાં ગુપ્તપણે સોંપી રક્ષણ કરાવીશું.” એમ કહી પત્નિને આશ્વાસન આપી બન્ને જણા પ્રસવની રાહ જોવા લાગ્યાં, કંસ પણ આ ગર્ભનું બાળક

મારા નાશ માટે ન થાય એવી ઈચ્છાથી અપ્રમત્તપણે પ્રસવની રાહ જોવા લાગ્યો. ચોકીદારોને સખ્ત તાકીદ કરી દીધી

ગર્ભકાળ પૂરો થયે સર્વે શુભ યોગોનો યોગ થયે છતે મહાતેજસ્વી, છાતીમાં શ્રીવત્સના લંછનવાળા શ્રાવણ સુદી ૮ની મધ્યરાત્રીએ, દેવતાધિષ્ઠિત એવી દેવકીએ પુત્રને જન્મ આપ્યો. જન્મ સમયે અધિષ્ઠિત દેવીએ કંસના ચોકીદારોને નિદ્રાવશ કરી દીધા. સાક્ષાત જાણે યમનાદુત જેવા ચોકીદારોને નિદ્રાવશ થયેલા જોઈ દેવકીએ વસુદેવને કહ્યું: "સ્વામી! લ્યો આ અમૂલ્ય નિધિનું રક્ષણ કરો." વસુદેવ પણ રાત્રીએ બાળકને લઈ ગોકુલ તરફ રવાના થયો.

રસ્તામાં બન્ને બાજુ દિવાની શ્રેણી, બાળકના માથે છત્ર અને બન્ને બાજુ અદ્‌ભુત ચામર, રસ્તામાં સુગંધી ફુલો વેરાયેલા એવા સુંદર વાતાવરણમાં દેવતાથી રક્ષાયેલા બાળકને લઇ વસુદેવને જતાં આગળ કેદમાં પુરાયેલા ઉગ્રસેને જોયો.

આ શું? આમ કેમ? એવા ઉગ્રસેનના પ્રશ્નના ઉત્તરમાં વસુદેવે ખાનગીમાં કહ્યું: "હે રાજન! આ કાષ્ટના પાંજરામાંથી તને મુક્ત કરનાર, અને તને પાંજરામાં પુરનાર તારા શત્રુ-પુત્રનો નાશ કરનાર છે," એમ ઉત્તર આપી ઊગ્રસેનને વિસ્મયપૂર્વક ખુશ કરી, યમુના નદી ઉતરી વસુદેવ સહિસલામત નંદના વાડામાં પહોંચી ગયો. દૈવયોગે તેજ અવસરે નંદપત્નિ યશોદાને પુત્રી પ્રસવ થયેલો તે પુત્રીને સંકેત પ્રમાણે વસુદેવ લઇને પોતાનો બાળક યશોદાને સોંપી પાછો નદી ઉતરી સ્વસ્થાને આવી ગયો. આ બાજુ દેવકી ઉપર સખત પહેરો ભરનારા જાગી ગયા, યમના દૂત જેવા એઓએ છોકરી લઇને કંસને આપી, કંસે પણ મજાકમાં હસી અવજ્ઞાપૂર્વક મુનિનું

વચન ખોટું પાડ્યા બદલનો ગર્વ કરી, છોકરીનું નાક કાપી, પાછી સોંપીને હું ધારૂં તે કરી શકું છું એવા ઘમંડમાં મિથ્યાભિમાની કંસ દિવસો પસાર કરવા લાગ્યો.

સંસારમાં સુખ બે પ્રકારનાં માનેલાં છે. વિષયજન્ય અને કષાયજન્ય. આ બેમાં અત્યારે માન નામના કષાયજન્ય સુખનો અનુભવ કંસે કર્યો પણ એ પામરને ક્યાં ખબર છે, કે શત્રુ સહીસલામત છે. જેનું પુણ્ય જોરદાર છે તેને દેવો કે ઇંદ્રો પણ ભુંડુ કરવા સમર્થ નથી. દેવકીનો સાતમો બાળક તે કૃષ્ણ યશોદાને ત્યાં મોટો થયો અને ગોપાલબાળકો સરખી વયના હતા તેઓના ઉપર સત્તા યુવાન રાજકુમારની જેમ ચલાવતો, તોફાન પણ કરતો, અંતે કંસ પોતાનો શત્રુ નંદ અને યશોદાના પુત્ર તરીકે જીવંત છે એમ જાણી મથુરાની રાજ્ય ગાદીની સત્તાના જોરે અનેક ખટપટો કરી કૃષ્ણને મારવાના પ્રયત્નો કરી ચુકયો. છેલ્લે અનેક યાદવોની અને કંસ પક્ષના બળવાન યોદ્ધાઓની હાજરીમાં કૃષ્ણે છલાંગ મારી કંસને રાજ્ય સિંહાસનથી લાત મારી નીચે પાડી મારા ભાઇઓને મારનાર દુષ્ટ નિર્દય વગેરે શબ્દો કહીને મારી નાખ્યો. કંસના પક્ષના લોકો કૃષ્ણનું આ પરાક્રમ જોઈ બાઘા જ બની ગયા. પોતાના સ્વામીને બચાવી શકયા નહિ. રંડાયેલી જીવયશા પોતાના પિતા પ્રતિવાસુદેવ જરાસંધ પાસે રડતી રડતી જઇને બધી વાત કરી, જરાસંધ તે સમયમાં મહાબળવાન હોઇ ક્રોધના આવેશમાં સૈન્ય તૈયાર કરી પોતાના પક્ષના અનેક રાજાઓ વિદ્યાધરો અને એઓના સૈન્યો સાથે પ્રયાણ કર્યું. આ બાજુ સમુદ્રવિજયાદિ દશે ભાઈઓ કૃષ્ણ બળદેવ વગેરે મહાપરાક્રમી પાંડવોને સાથે લઇને યુદ્ધની તૈયારી કરી મહાયુદ્ધ થયું, અસંખ્ય જીવોનો સંહાર યુદ્ધમાં

થયો, અંતે જરાસંધનો વધ કરી કૃષ્ણ ત્રણખંડ ભોક્તા વાસુદેવપણાના અભિષેકને પામ્યો.

એ જ કૃષ્ણના પુણ્યક્ષયે આખરમાં દ્વારકાનો દાહ થયો. કૃષ્ણ–બળદેવ બન્ને ભાઈઓ નિરાધાર અસહાય બની ગયા. કોઈને અગ્નિમાંથી બચાવી શકયા નહિ, જંગલમાં ભટકયા, પાણીની તૃષા લાગી, કૃષ્ણે બળભદ્રને કહ્યું ભાઈ મારૂં ગળું સુકાય છે, પાણી લાવી આપો, બળભદ્ર પાણી લેવા ગયા, પાણી આવ્યા અગાઉ જે કૃષ્ણના બચાવ માટે જરાકુમાર બારબાર વર્ષથી દ્વારકાથી દૂર જંગલમાં શીકાર કરી જીવતો. તેણે મૃગની ભ્રાંતીથી પોતાના જ ભાઈ કૃષ્ણને બાણ મારી વિંધી નાખી, અસહ્ય પીડા ભોગવી અસમાધિપણે મૃત્યુ પામ્યાની હકીકત પ્રસિદ્ધ છે. વાત એ છે કે ભાગ્ય ફર્યું ત્યારે કૃષ્ણને પાણી પણ પીવા મળ્યું નહિ. પાણી હતું, પીનાર તૃષાતુર હતો પણ પીનારનું ભાગ્યરૂપી કનેકશન તૂટી ગયું હતું ત્યાં બીજું શું બને ? આપણે જોઈ ગયા કે દમયંતીને વનમાં તૃષા લાગી, સુકી નદી આવી, પાણી નહોતું છતાં દમયંતીનું પુણ્યરૂપી કનેકશન હતું એટલે નદીમાં બે કાંઠે ખળખળ પાણી વહેવા લાગ્યું, પીધું, શાંત થઈ. વિગેરે દ્રષ્ટાંતોથી સમજી શકાય છે કે ભાગ્ય સાનુકૂળ હોય ત્યારે અને પ્રતિકૂળ હોય ત્યારે ઉલટા–સુલટી પ્રસંગો બન્યા છે, બને છે અને બનશે. માટે સર્વ ગુણ સંપન્ન એવા જિનેશ્વરદેવોના કથન ઉપર શંકારહિતપણે સંપૂર્ણ શ્રદ્ધા રાખી, હેય ઉપાદેયનો વિવેક કરી આત્માને નુકશાન કરનાર દોષોનો ત્યાગ અને લાભ કરનાર ગુણોનો સ્વિકાર કરવાથી પામરતા દૂર થતાં, પરમાત્મપદે પહોંચાશે. ભૌક્તિક સુખના રાગે અનેક દોષો–દુર્ગુણોથી આત્મા પાયમાલ

ભૂતકાળમાં થયો છે તે હવે આ જન્મમાં ન થાય એવું સંયમી જીવન–મોક્ષના જ ધ્યેયવાળું જીવન જીવો–અપનાવો.

બાકી તો સંસારના સુખ માટે ધર્મ કરવાથી એ સુખથી અધર્મ વધવાનો, એ નક્કી છે. મહામુનિઓને સંસારના સુખો તરફ ઘૃણા ઉપજી અને ત્યાગ કર્યો. ધર્મના પ્રભાવે મળવા છતાં એના સામું પણ જોયું નથી. વિદ્યાધર ગચ્છમાં શ્રીમાન્ પાદલિપ્તસૂરિને પોતાના ગુરુની સેવા કરતાં, પ્રસન્ન થયેલા ગુરુએ પાદલેપા નામની આકાશે ઉડવાની વિદ્યા આપી, માગી નથી. પરંતુ ગુરુસેવા અને એમાંથી ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર શિષ્યને ચમત્કારી વિદ્યાઓ ગુરુ આપે એમાં નવાઈ નથી. લાયકને બધું મળે છે. પણ એને તો મોક્ષ જોઈએ છે. દેવ, ગુરુ, ધર્મની સેવા મોક્ષ આપવા સમર્થ છે; તો એના અંતર્ગત દુન્યવી વૈભવો તો સામે ચાલ્યા આવે છે.

વિદ્યાના બળે રોજ શત્રુંજય, અષ્ટાપદ, રૈવત, આબુ અને સમ્મેતશિખર પાંચ તીર્થોની યાત્રા કરી ભોજન લેતા. ભોજનમાં ફક્ત ચોખાનો જ આહાર લેતા. સમગ્ર વિગઇઓના ત્યાગથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. થાય જ ને; કારણ કે એમને જોઈતી નથી, અને મળે તો સદ્ઉપયોગ જ કરવો છે. તેથી જ રોજ પાંચે તીર્થોની સ્પર્શના કરતા હતા.

બીજી બાજુ નાગાર્જુન નામનો મિથ્યાત્વી, કપટ શ્રાવક થઈ સેવા કરવા પાદલિપ્તસૂરિના પગમાં પડતો અને લેપની ઔષધિઓ જાણવા સુંઘતો હતો. અનુક્રમે ૧૦૭ ઔષધીઓ જાણી શક્યો. ૧ બાકી રહી. ઘણો પ્રયત્ન કર્યો પણ જાણી શક્યો નહિ, અને જાણેલી ઔષધિઓનો લેપ તૈયાર કરી ઉડવાનો અખતરો કર્યો પરંતુ શરીરે ચાંદા પડતાં ગુરુએ પુછયું: ભદ્ર ! આમ કેમ ?

નાગાર્જુને સવિસ્તર સત્ય ગુરુને જણાવ્યું. એની બુદ્ધિ, સત્યતા અને સેવાથી રાજી થઈ પાદલિપ્તસૂરિએ વિધિપૂર્વક વિદ્યા આપી કપટ શ્રાવક બનેલો નાગાર્જુન ગુરુની આવી ઉદારતાથી બારવ્રતધારી પાકો શ્રાવક બન્યો. ઉદારતાથી ધર્મ-કાર્યો જેવાં કે મંદિર, ઉપાશ્રય, દાન, પરોપકાર, સાધર્મિક-ભક્તિ વિગેરેમાં ખર્ચેલી, અપાયેલી લક્ષ્મી ઉદારતા ગુણને લીધે અનેક સંખ્ય લોકોને ધર્મ પમાડનારી બને છે, અને કૃપણતા કરવામાં આવે તો સારા માર્ગે ખર્ચાઈ જાય છે, પરંતુ ધાર્યું ફળ મળતું નથી. વખતે નુકશાન પણ થાય છે. સારા કામમાં ધન ખર્ચાય તે ઉદારતાપૂર્વક થાય તો વખતે અધર્મી વર્તન આચરનારો પણ ધર્મી બની જાય છે. નાગાર્જુન કપટી શ્રાવક મટીને પાકો શ્રાવક બન્યો, એ ગુરુની ઉદારતાની અસર જ એને થઈ. ત્યારપછી તો નાગાર્જુને પણ જૈન શાસનની પ્રભાવના ખૂબ કરી છે. " અંતઃકરણપૂર્વક ભાવથી પૂજ્યોની વિનયયુક્ત સેવાથી કાંઈ જ દુર્લભ નથી. "

એક વખત સુવર્ણસિદ્ધિ કરો રસ–પોતાના ખાસ માણસ સાથે કાચના પાત્રમાં ભરી ગુરુને ભેટ મોકલાવ્યો.

પાદલિપ્તસૂરિ, રસ લઈ આવનારને પૂછે છે: ભદ્ર ! આ શું ? કોણે ભેટ મોકલી છે ?

માણસે કહ્યું: હે પૂજ્ય ! આપશ્રીના ઉપકાર તળે દબાયેલા મારા ગુરુ નાગાર્જુને આ " ત્રૈલોક્ય દુર્લભ સુવર્ણ રસ " મોકલાવ્યો છે.

સૂરિ–ખરેખર વિનયી નાગાર્જુનની કૃતજ્ઞતા અજબ છે, પરંતુ હે ભદ્ર ! અમે બાહ્ય–અભ્યંતર પરિગ્રહનો ત્યાગ–સ્વિકારેલ હોઈ મનથી પણ એની સ્પૃહાવાળા નથી. રત્ન અને

પત્થર, સોનું અને માટીમાં સમબુદ્ધિ અમારી છે, અનર્થના હેતુભુત આ રસ છે.

વાંચકો વિચારે કે પાદલિપ્તસૂરિ મહાન ગુણવાન છે. કહે છે કે "અનર્થના હેતુભુત આ રસ છે" તો એમાંથી ફલીત થાય છે કે–જ્ઞાનીઓએ લક્ષ્મી પ્રાયે અનર્થનું કારણ બને છે એમ કહ્યું છે તે બરાબર છે, એના રાગે–શ્રેણીક પુત્ર કોણીકને એની રાણી પદ્માવતીએ હલ–વિહલ્લ બન્ને કોણીકના સગાભાઈ સાથે યુદ્ધમાં ઉતારવા સુધીની ફરજ પાડી યુદ્ધ થયું, કરોડો મનુષ્યોનો સંહાર થયો. કોણીક મરીને છઠ્ઠી નારકીમાં ગયો. આ બધું અર્થના અનર્થનું કારણ જ સમજવું અને એથી જ પાદલિપ્તસૂરિજીએ નાગાર્જુનના માણસને કહ્યું: અમારે સુવર્ણરસની કાંઇ જ જરૂર નથી. અમારી પાસે જે છે તેનાથી અમો મોટા સામ્રાજ્યના માલીક ચક્રવર્તી કરતાં તો શું પરંતુ દેવોના રાજા ઇંદ્રથી પણ અધિક સુખી છીએ. "આવું કયારે બોલાય, સાધુપણાની કિંમત સમજ્યો હોય ત્યારે જ" બપ્પભટ્ટસૂરિજીના આગળ કરોડો સોનૈયાનો ઢગલો કરી રાજસભામાં–આમ રાજાએ વિનંતિપૂર્વક સ્વિકારવા કહ્યુ, ત્યારે બપ્પભટ્ટસૂરિજી બોલ્યા કેઃ હે રાજન્! સાંભળ.

"આરંભે નત્થી દયા, મહિલા સંગેણ નાસએ બંભં;
સંકાએ સમ્મત્તં, પવજ્જા દવ્વ ગહણેણં."

આરંભ સમારંભમાં દયા કે જે ધર્મનો પ્રાણ છે તેનું ખૂન થાય છે. સ્ત્રીઓના સંગથી, વારંવાર પરિચય આલાપ સંલાપ કરવાથી બ્રહ્મચર્ય કે જે શ્રેષ્ઠ ગુણ છે તેનો નાશ થાય છે. જિન વાણીમાં શંકા રાખવાથી સમ્યક્ત્વનો નાશ થાય છે. દ્રવ્ય રાખવાથી સંયમનો નાશ થાય છે, એમ કહી સૂરિજીએ આમ રાજાને સાફ ના પાડી દીધી.

અહિં પણ પાદલિપ્તસૂરિજીએ સુવર્ણનો રસ સ્વિકારવાની ના પાડી એટલું જ નહિ, પરંતુ નાગાર્જુન તથા જગતને મન દુર્લભ એવો એ સુવર્ણરસ રાખની કુંડીમાં પરઠવી દીધો.

લક્ષ્મી ભુંડી છે, ખરાબ છે, અનર્થનું કારણ છે, એવું બોલવું સહેલું છે, પરંતુ સામે ચાલીને આવી હોય ત્યારે એનો સ્વિકાર કરવો નહિ, એ ત્યારે જ બને કે જ્યારે હૈયામાં એના પ્રત્યેનો ત્યાગ બેઠો હોય. હૈયામાં જુદું અને બોલવાનું જુદું એ તો દંભનું લક્ષણ છે. મમતા એવી ખરાબ છે કે એ દંભ કરાવ્યા વગર રહે નહિ. ગળા સુધી સત્તા પર આવવાની, આવીને ટકાવવાની ઈચ્છા હોવા છતાં, મારે સત્તાનો મોહ નથી, મારે તો જનતાની સેવા જ કરવી છે, આવું બોલવું એ તો દંભની પરાકાષ્ટા છે. મમતાને રાક્ષસીની ઉપમા આપી છે, સર્વ ગુણોને ખાઈ જનારી છે. દંભ રહિતપણે સાચે સાચું કહી દેવામાં વસ્તુને જતી કરવી પડે તો કદાચ અલ્પ નુકશાન દેખાશે, પરંતુ મમતા રાખી દંભથી જુઠું બોલવાથી વિશ્વાસ-ઘાત કરવા જેવા મહાપાપથી અનંત નુકશાન છે, એ ભુલવા જેવું નથી.

પાદલિપ્તસૂરિજીએ સોનાનો રસ રાખની કુંડીમાં પરઠી દીધો. એ જોઈને નાગાર્જુનના માણસને ગુસ્સો ચઢ્યો પણ બોલી શકયો નહિ. સૂરિજીએ રસ ઢોળી નાખીને એના જ પાત્રમાં પેશાબ કરી, લે આ તારા ગુરુને આપજે, કહી રવાના કર્યો માણુસ ક્રોધાવેશમાં તે પેશાબ લઈ, નાગાર્જુન પાસે જઈ, સવિસ્તર વૃતાંત કહ્યો. નાગાર્જુને એ સાંભળી સોનાનો રસ પરઠી દીધો અને સામે પેશાબ મોકલ્યો તેથી પોતાનું ભયંકર અપમાન સમજી ગુસ્સાથી લાલચોળ જેવા થઇને વિચાર કર્યો, ખરેખર

આ સાધુઓ વિવેકશુન્ય, મેલા વસ્ત્રોવાળા, લોક વ્યવહારથી અજાણ પશુ જેવા છે, પ્રત્યુપકારને બદલે મારૂં અપમાન કરેલ છે, વિગેરે વિચાર કરી રોષમાં લાલ પીળા થઇને તે પેશાબ સાથે નિર્દયની જેમ પત્થર ઉપર તે કુંડી પટકી દીધી; પરંતુ ક્ષણવારમાં પત્થરની શિલા સંપૂર્ણ સુવર્ણમયી બનેલી જોઇ કૌતુક, ચમત્કાર, વિસ્મય પામી ગયો અને બોલ્યો, જેમના મળમૂત્રમાં આ શક્તિ છે, તે કેટલા મહાન છે, અને આવા મહાન સાધુઓ, મોટા ચમરબંધીની પણ શેહમાં તણાય નહિ એ બરાબર છે. કોઇ પણ મોટા–ગણાતા રાજા મહારાજા ચક્રવર્તીની પણ ખોટી હામાં હા મેળવી, પોતાનું સાધુપણું ગુમાવે નહિ, ત્રણે લોકના સામ્રાજ્ય કરતાં પણ સંયમનું મૂલ્ય વિશેષ છે એ તેઓના અંતઃકરણમાં અંકિત થયેલ હોય છે. લોક વાહવાહ અને લોક હેરીમાં તણાઇ જનારા કદાચ પૂર્વના પુણ્યના જોરે, અહિ મઝા મેળવશે પરંતુ એ મઝાની સજા ભોગવતાં, નહિ તો વાહવાહ કરનારા બચાવી શકશે કે શરણ આપી શકશે, એ ભુલવા જેવું નથી.

પેશાબમાંથી પત્થરની શિલા સોનામય બનેલી જોઇને નાગાર્જુને વિચાર કર્યો કે મેં અનેક કષ્ટો વેઠી જે સાધના કરી સુવર્ણરસની સિદ્ધિ કરી, તે આ મહાપુરુષમાં સહજપણે અંગે અંગમાં વ્યાપ્ત થયેલી છે, "ત્રૈલોક્ય દુર્લભ મારો સોના રસ" નહિ, પરંતુ સાક્ષાત સર્વ ઋદ્ધિના સ્વામી એવા એમની સેવા દુર્લભ છે, એમ વિચારી ગુરૂ પાસે આવી ક્ષમા માગી સેવા કરવા લાગ્યો.

"નિસ્પૃહીઓને સિદ્ધિઓ સ્વયંવરા હોય છે, મુક્તિ એમની રાહ જુવે છે, સ્પૃહાવંતોથી એ દૂર ભાગે છે. જેમ

વ્યવહારમાં ગુણવાનોને કુલવાન બાળાઓ સ્વયંવરા હોય છે, પણ ગુણહિનાઓના સામું જોવા પણ તૈયાર હોતી નથી.

આ જગતમાં જે કાંઈ સારૂં દેખાય છે, અને એ સારા પ્રત્યે જીવોની રૂચી છે, તે બધું પુણ્યથી મળે છે, અને એ મેળવવા જીવો ધર્મ કરે છે, પરંતુ સમ્યગ્દર્શન મેળવવા પ્રયત્ન કરનારા વિરલા હોય છે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બહુ જ દુર્લભ છે અને એ જ ખરૂં આત્માનું ધન છે, જે શાશ્વત છે, દુન્યવી ધન વિનાશી છે, પરાધિન છે, અને એનો લોભ-રાગ એ ચારે ગતિમાં રખડાવનાર હોઇ, ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી અને મળે તો લેવા જેવું પણ નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દુર્લભ બતાવતાં કહે છે કે—

"સુલહો વિમાણ વાસો, સુલહા એગ છત્તા મેહીણિય;
દુલ્લહા પુણ જીવાણં, જિણંદવર સાસણે બોહિં."

વિમાનવાસી દેવ થવું સુભલ છે, એક છત્રા રાજ્યની પ્રાપ્તિ પણ સુલભ છે. પરંતુ જૈન શાસનનો પાયો જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી દુર્લભ છે. સમ્યગ્દર્શનના પાયા પર દેશવિરતિ, સર્વવિરતિ ધર્મ ટકી શકે છે અને મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં જે કાંઈ વૈભવો મળે છે તેમાં સમ્યગ્દર્શન ગુણ રાગ થવા દે નહિ એવો એનો પ્રભાવ છે.

આ પુસ્તકમાં જ અગાઉ આપણે જોઈ ગયા કે, દમયંતીને સમ્યગ્દર્શનના પ્રભાવે વનમાં સિંહ, વાઘ, રાક્ષસ કાંઈ ઉપદ્રવ કરી શકવા સમર્થ થયા નહિ, સુકી નદીમાં પાણી આવ્યું, તાપસોને મુશળધાર વરસાદમાં પણ પાણીનો મુદ્દલ ઉપદ્રવ નડ્યો નહિ, વનમાં હુંકાર માત્રથી ભીલો હલ્લો લઈ આવેલા નાસ-ભાગ કરી ગયા, સ્વયંવરમાં નળ રાજાને દમયંતીએ વર-

માળા ગળામાં નાખી, ત્યારે બળવાન કૃષ્ણરાજ તે સહન કરી શક્યો નહિ અને ઉગ્રતા બન્ને વચ્ચે વધી જતાં યુદ્ધનો પ્રસંગ આવી પડ્યો, ત્યારે મહા દયાળુ એવી દમયંતીએ સમ્યગ્દર્શનના પ્રતાપે કહ્યું કે મારી ખાતર આ સંહારનો પ્રસંગ ઊભો થયો છે, તે જો હું સાચી શ્રાવિકા હોઉં તો મારા પતિ નળનો વિજય થાઓ અને સાથે સાથે બન્ને પક્ષના સૈન્યમાં ક્ષેમ થાઓ. એ કહેતાંની સાથે મહા બળવાન કૃષ્ણરાજના હાથમાંથી તલવાર પડી ગઈ, નિસ્તેજ ઠારેલા કોલસા જેવો શ્યામ પડી ગયો. કહેવાની મતલબ એ જ કે સમકિતિ આત્માઓ એકલા સ્વાર્થને જોતા નથી પરંતુ દુશ્મનનું પણ ક્ષેમ જ ઇચ્છે છે. સમકિતિ જીવો પરાર્થ વ્યસની હોય છે, પોતાના સ્વાર્થને પણ અવસરે ગૌણ કરી, બીજાના ભલા માટે તત્પર હોય છે. સુદર્શન શેઠે પોતાના પર ખોટું કલંક મૂકનાર રાજરાણી અભયાનું ભુંડુ ઈચ્છયું નથી, અભયાની કપટકળાથી સુદર્શન શેઠની ફજેતી થઈ, શૂળી સુધી લઇ જવામાં આવ્યા, પણ મનમાં એક જ કે રાજા પૂછે છે અને હું સત્ય જાહેર કરૂં કે તમારી રાણીનું આ કપટ છે, તો કામવશ બનેલી આ બિચારીનું શું થશે? પોતા પર આવેલી આફત ટાળવાનો પ્રયત્ન નથી પણ મારા નિમિત્તે આ રાણી બિચારીનું શું થશે? આવા વિચારથી શત્રુનું કામ કરનાર અભયારાણી પર આવનારી આફત પોતાના શિરે વહોરી લીધી, એ જેવો તેવો ગુણ નથી. શીલ અને સમ્યગ્દર્શન રોમરોમમાં વ્યાપેલ હોય તો જ આવું બને ને?

જગતમાં પોતાના પર આવેલી કે આવનારી આપત્તિ બીજા પર ઢોળનારા ઘણા હશે, પરંતુ બીજાની આપત્તિ પોતાના શિરે વ્હોરી લેનારા વિરલા હશે.

ચંદનબાળાએ મૂળાનો, શ્રીપાળ મહારાજાએ ધવલશેઠનો, મેતારજ મુનિએ સોનીનો દોષ કાઢ્યો નથી, પરંતુ પોતાના કર્મનો જ દોષ કાઢ્યો છે.

સમ્યગ્દર્શન પામેલા આત્માઓ, જે કાંઈ પોતાને સંસારનું સારૂં મળ્યું હોય તે દેવગુરુ ધર્મનો પ્રતાપ સમજે છે, ખરાબ મળ્યું હોય કે થયું હોય એ પોતાના કર્મે થયું એમ માને છે. જગતમાં જીવો ધન નથી, અથવા છે તે ઓછું છે એમ સમજી દુઃખ ધારણ કરે છે, પરંતુ મારી પાસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એનું દુઃખ હોતું નથી.

જ્યારે સાધુ પાસે ધન નથી માટે મહા સુખી છે. એના પાસે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી છે એથી એ પોતાને ચક્રવર્તીથી પણ અનંતગણો સુખી માને છે. માને છે એમ નથી, સુખી છે એ હકીકત છે. સાધુ પણ સીધો કે આડકતરો ધનની આકાંક્ષાવાળો થાય તો તે મહાદુઃખી છે, વખતે પામર–દિન પણ બની જાય છે. વજ્રસ્વામીને ધનાવહ શેઠ પોતાની એકની એક કન્યા રૂકિમણિ અને ક્રોડ સોનૈયા સામે આવીને આપે છે; પરંતુ તે સમજે છે કે આ લઈને મારે દુઃખી થવું નથી, એના વગર જ હું બહુ સુખી છું, એમ સમજીને ના પાડે છે, એટલું જ નહિ પણ રૂકિમણિને વિરાગી બનાવી દીક્ષા આપે છે.

સંસારના સુખ પ્રત્યેના વિરાગથી, જેઓ ત્યાગી બન્યા છે એમનું જીવન ધન્ય છે. ત્યાગી બનીને જો ભાન ગુમાવે, પાંચે ઈંદ્રિયોના વિષયોમાં આસક્ત બને તો એ પોતાના સાધુના વેશને લજવનારો બની દુર્ગતિમાં જાય છે, કોઇને પણ દુર્ગતિમાં જવાની ઈચ્છા સરખી નથી, છતાં એનું વર્તન જ એને લઈ જાય છે એ નક્કી છે. બહારથી ત્યાગી દેખાતો અને અંદરથી વિષયા-

ભિલાષી—વાક્ચાતુર્યથી અનેકનાં મનરંજન કરતો હોય તેને જ્ઞાનીઓ દંભી, ધૂર્તની ઉપમા આપે છે. કહ્યું છે કે—

ये लुब्धचित्ता विषयार्थ भोगे, बहिर्विरागा हृदि बद्धरागाः
ते दाम्भिका वेषधराश्च धूर्ताः मनांसि लोकस्य तु रंजयन्ति.

ઉપર કહ્યું તેમ ત્યાગનો દેખાવ કરનારા અને અંદરથી વિષયોમાં રાગવાળા, ભલે દેખાવ અને વાણીથી લોકનાં મનને રાજી કરતા હશે, પરંતુ તે ધૂર્તો છે, વેષ ધરનારા દંભીઓ છે.

કહેવત છે કે—' લોભીઆ વસતા હોય, ત્યાં ધૂતારા ભૂખે મરે નહિ. '—લોક સંસારનાં સુખના લોભી છે, અને એ સુખના ઉપાયો બતાવનારા ડોળઘાલુઓ ધૂતારા છે, સ્વાર્થી માણસો કયું પાપ ના કરે તે કહેવાય નહિ, માટે વેશધારીઓથી બહુ જ સાવધ રહેવાનું છે.

સમકિતિ આત્મા દેવલોકના સુખોમાં પણ અંતઃકરણમાં—વિરાગ જાળવી શકે છે, ક્રિયા રાગની કરતો હોવા છતાં, રાગથી લેપાતો નથી. જેમ પૃથ્વીચંદ્ર રાજકુમારને, રાજ્યસિંહાસને પિતાના આગ્રહથી બેસવું પડ્યું હતું, પરંતુ એ સિંહાસને ચોટ્યા નથી. અર્થાત્ રાજ્યસિંહાસને રાજ્ય ચલાવવાની ક્રિયા રાગની કરવા છતાં અંતઃકરણથી તો મોહના નાશના ઉપાયોના ચિંતવનમાં ઓતપ્રોત હતા. અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ રાજ્યસિંહાસને બેઠાં બેઠાં થઇ, તેમ ગુણસાગર પણ શ્રીમંત શેઠના પુત્ર હતા, ચોરીમાં લગ્નની ક્રિયા આઠ કન્યાઓ સાથે ચાલતી હતી, મહારાગનું કારણ લગ્નની ક્રિયા—પતનને પમાડનારી છે, છતાં લગ્નની ક્રિયા કે લગ્નમાં રસ નથી, અને ક્ષપકશ્રેણીએ ચઢી કેવળજ્ઞાન પામે કરે છે. આવા અનેક સંખ્ય દૃષ્ટાંતો જોવા શાસ્ત્રોમાં મળી આવે છે.

એટલે સમજી લેવું જોઈએ કે, વૈભવોમાં સમકિતી, વિરાગી રહી શકે છે સાથે સાથે એ પણ સમજી લેવું જોઈએ કે, નારકીમાં પણ સમકિતિ જીવ, દુઃખને ભોગવવા છતાં, દુઃખની અસર હોતી નથી.

સમકિતિ જીવો–સુખના વખતે સુખની અસર થવા દે નહિ, અને દુઃખના અવસરે દુઃખની અસર થવા દે નહિ, અર્થાત્– સુખના–રાગને એ અશુભ કર્મ બંધનું કારણ સમજે છે, અને દુઃખ ઉપર દ્વેષ પણ એ સમકિતી જીવો કરતા નથી, દ્વેષ કરવાથી દુઃખ જતું નથી. પરંતુ ભવિષ્યના માટે વધારે દુઃખનું સર્જન કરે છે.

માટે સંસારમાં સુખ અને દુઃખ ભોગવતાં આવડે તો જ જીવ ઉન્નતિ પામતો પામતો મોક્ષને મેળવી શકે છે. કે જે મેળવ્યા પછી કાંઈ જ મેળવવાનું બાકી રહેતું નથી. જ્યાં કોઈ પણ જાતની ઈચ્છા જ નથી એનું નામ જ મોક્ષ છે. સંસારના સુખની ઈચ્છા બેઠી છે ત્યાં સુધી જીવ દુઃખ અને દુઃખની પરંપરાને પામે છે. માટે સુખથી સુખનાં, સાધનોથી છુટવા ધર્મ કરવાનો છે, એ ધર્મ ક્રિયા કરતાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની પ્રાપ્તિ જ ઈચ્છવાની છે, ચારિત્રની પ્રાપ્તિ થયા પછી જીવે વધુ સાવધ રહેવાની જરૂર છે. જો સાવધ ન રહેવાય અને સંયમના પ્રતાપે મળતી અનુકુળતાઓમાં આશક્ત બની જાય તો વેશ રહેશે પણ એ અનુકુળતાઓમાં રચ્યા પચ્યા રહ્યા તો જેટલી અનુકુળતા સંયમના પ્રતાપે ભોગવી હશે, એના કરતાં અસંખ્ય કે અનંતગુણી પ્રતિકુળતા નારકીમાં ભોગવતાં દમ નીકળી જશે.

એક વાત છે કે સંયમને સાધક અનુકુળતા હોય તો વાંધો

નથી. પણ સંયમ સાધકના બહાને અનુકુળતા ભોગવવી એ તો દંભ છે.

સાધુપણું એટલે અનુકુળતાને ત્યાગ કરી, પ્રતિકુળતામાં પ્રવેશ કરવો. પ્રતિકુળતાને પુઠ આપવી નહિ, પરંતુ એના સામે જવું, અનુકુળતાને અનાદર અને પ્રતિકુળતાને આદર સત્કાર કરનારો સાધુ જગત વંદ્ય બની પરમાત્મ દશાને પ્રાપ્ત કરનારો બને છે.

અનુકુળતા પાપ કર્યા સિવાય ભોગવાતી નથી. એટલું જ નહિ પરંતુ પાપને બચાવ કરાવે છે અને એથી ચીકણાં અશુભ કર્મો બંધાય છે, માટે દંભરહિતપણે સરળતાથી સાધુ જીવન કાળજી-પૂર્વક જીવવું, એમાં દુઃખ વેઠવાનું છે તે સમજપૂર્વક હોઈ ઘણા કર્મોની નિર્જરા થાય છે. એમ કહી શકાય કે સાધુપણું એટલે દુઃખ ભોગવવા લેવાનું છે, એ દુઃખમાંથી જે સુખનું સર્જન થશે તે સંસારમાં પણ સમકિતના પ્રતાપે દેવલોકાદિ વૈભવમાં પણ ધર્મ અને ધર્મના વિચારોને જ જીવ પ્રધાનપદે ગણુશે. વૈભવને તો એ તુચ્છ વસ્તુ માનશે. વૈભવને ફેંકી દેતાં વાર નહિ કરે, કારણકે મમત્વ નથી, નાશવંત વૈભવમાં મમત્વ રાખવું એ મુર્ખાઈ છે, મમત્વમાં ને મમત્વમાં મર્યા તો વૈભવ અહિં રહી જવાનો, અને દુર્ગતિમાં પણ દુઃખ ભોગવવા છતાં ગત જન્મમાં મુકેલા વૈભવથી થનારૂં પાપ લાગ્યા જ કરશે, માટે પાપો કરી પામર દશામાં મૂકાવું ના પડે, અને પાપ રહિત બની પરમાત્મ દશાને પ્રાપ્ત કરો એજ અભ્યર્થના.

## મુર્ખ કોણ

રબારી ઘેટાં બકરાં ચારતો હતો. એકદા પત્થરની ખાણમાં ચકમક થતી જોઈ, ત્યાં પહોંચી ગયો, જોયું તો નવાઈ લાગી.

અરે, કાચનો ટુકડો આ નવતર જણાય છે, વિસ્મય પામી હાથમાં લીધો. રમાડતો રમાડતો ઘર તરફ જાય છે. નજીકની ભાગોળે મગન શેઠ મળ્યા.

શેઠ–અરે આ શું છે? જુઓતો ખરા મગન શેઠ, આ નવતર કાચ કેવો ચમકે છે, મઝાનો ગોળ દેખાય છે! શેઠે હાથમાં લીધો. બરબર તપાસતાં સમજી ગયા, મુર્ખાને ખબર નથી કે આ કિંમતી હીરો છે, શેઠે કહ્યું આપવો છે? બોલ શું આપું?

રબારી–શેઠ તમારે જોઈતો હોય તો રાખો. બદલામાં પાંચ વર્ષથી તમોને એક રૂપિયાના વ્યાજમાં દુધ આપું છું તે રૂપીઓ વાળી લ્યો અને કાલથી દુધ બંધ.

દુધ કેમ બંધ કરાય એમ મનમાં વિચારીને શેઠે–કહ્યું જો ભઈલા આ તો તારા ભલા માટે કહું છું. મારે તો ઠીક, પરંતુ આ તો મારો બાબલો રમશે એથી આઠ આના વાળી લઈશ તું રાજી થા.

રબારી–શેઠ હું તો રૂપિયો વાળી લ્યો તો જ આપું.

શેઠ–બેટો કયાં જવાનો છે, મનમાં એમ સમજી કહ્યું લે તારો આ કાચનો કુકડો પાછો, કહી આપ્યો.

રબારીને–ગામમાં પેસતાં છગન શેઠ મળ્યા. તેમણે પુછયું અલ્યા આ શું છે લાવ જોઊં. એમ કહી જોવા લીધો અને રબારી પાસેથી મગન શેઠ સાથે થયેલી વાત જાણી લીધા પછી કહ્યું, જો તારે આપવો હોય તો દસ રૂપીઆ લે.

રબારી રાજી રેડ થઈ હીરો આપીને દસ રૂપીઆ લઈ ઘેર ગયો. આ બાજુ પેલા મગન શેઠને ચેન પડયું નહિ, સીધા રબારીને ત્યાં ગયા. અને સાદ કરી બોલાવ્યો, એ અલ્યા લાવ લાવ

તારો મારો ઘણા વર્ષનો નાતો છે, જો હવે બોલીશ નહિ, દસ આના, અરે છેવટ બાર આના વાળીશ. મુર્ખ બન નહિ.

રબારીએ કહ્યું, શેઠ લ્યો આ તમારો રૂપીઓ અને છોડો છેડો.

મગન શેઠે કહ્યું, અલ્યા કયાંથી લાવ્યો.

રબારીએ કહ્યું, તમે એક રૂપીઆમાં વાળવાની રકઝક કરી પણ છગન શેઠે દશ રૂપીઆમાં લઈ લીધો.

મગન શેઠ કાળો શાહી જેવો પડી ગયો અને બોલી ઉઠયો અલ્યા મુર્ખ એ તો હજારોનો હીરો હતો.

રબારી પણ વિચારમાં પડી ગયો અને બોલ્યો. શેઠ હું તો જાણુતો નહોતો એટલે મુર્ખ ખરો પણ તમે જાણવા છતાં જતો કર્યો માટે મહા મુર્ખ.

હવે આ નાનકડું દૃષ્ટાંત આપણને ઘણું ઘણું કહી જાય છે. જે લોકો અજ્ઞાન છે, ગાઢ મિથ્યાત્વી છે તેઓ તો દુર્લભ એવા માનવ જન્મની દુર્લભતા ના સમજી અનંત દુઃખથી ભરેલા આ સંસારમાં ભીખારીની જેમ ભટકે, પરંતુ જે જાણકાર હોવાનો દાવો કરતા હોય તેઓ પણ મગન શેઠની જેમ એક લોભને વશ થઇ હીરાથી પણ અમૂલ્ય એવા આ જન્મને વેડફી નાખે તેઓને મહામૂર્ખ કહેવામાં વાંધો નથી.

## વિઘ્નો નાશ કરવા તપ સમર્થ છે, જુઓઃ-

તિર્થંકરો-દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ સમયે તપ કરે છે, વચમાં પણ લગભગ તપમાં જ જીવન પસાર કરે છે.

ચક્રવર્તીઓ પણ દેશ સાધતાં ૧૩ અઠ્ઠમ કરે છે, પદવી પણ તપના પ્રતાપે જો કે આ તપ સંસાર સાધના માટે એમને

કરવો પડે છે, બીજાઓ એ માટે કરે નહિ.

કૃષ્ણ અને જરાસંઘના યુદ્ધ પ્રસંગે–અઠ્ઠમના પ્રભાવે કૃષ્ણ મહારાજને, ધરણેન્દ્ર, પદ્માવતીએ પાર્શ્વ પ્રભુની પ્રતિમા આપી. આમાં પણ મોક્ષ માટે નથી, પરંતુ વિઘ્નો નાશ પામે છે એ કહેવાનું છે.

દ્વારકાનો દાહ દ્વિપાયન–બાર વર્ષ સુધી કરી શકયો નહિ, એ તપનો પ્રભાવ.

સતી સીતાજીએ શીયળ રક્ષા માટે ૨૧ ઉપવાસ કર્યા.

નાગકેતુએ અઠ્ઠમના પ્રભાવે નગર અને મંદિરની આપત્તિ ટાળી.

બપ્પભટસૂરી, ગૌતમસ્વામી વિગેરે એ તપના પ્રભાવે શાસન પ્રભાવનાઓ કરી.

ભગવાન ઋષભદેવની પુત્રી સુંદરીને દીક્ષામાં અંતરાય કરનાર પોતાનું રૂપ સમજી સાઠ હજાર વર્ષ આયંબીલ કરી અંતરાય તોડ્યો.

ઉજમણાં પણ તપનાં થાય છે.

મોગલ સમ્રાટ, અકબર બાદશાહને આકર્ષનાર દિલ્હીમાં, ચંપા શ્રાવિકાનો છ માસી તપ જેના પ્રતાપે બાદશાહ, દયાળુ બની વર્ષમાં છ માસ જીવદયા પળાવી.

સતી અંજના, દમયંતી, સુભદ્રા વિગેરે અનેક સંખ્ય આત્માઓએ તપ, શીલના પ્રભાવે વિઘ્નો નાશ કર્યા છે. માટે મહામંગલકારી તપ જીવોએ ભાવપૂર્વક સેવવો.

તપ અણાહારી પદની પ્રાપ્તિ માટે હોઇ ખાવાની લાલસાનો ત્યાગ કરવાનો અભ્યાસ કેળવવો જોઈએ, જ્યારે પણ ક્ષુધા

લાગે ત્યારે તપ કરવાની શક્તિ હણાય નહિ, માટે તપ કરવાની શક્તિ મેળવવા પુરતું, વિવેકપૂર્વક ( અભક્ષના ત્યાગપૂર્વક ) ખાવાનું છે, એ ખ્યાલ રાખવો.

તપના પ્રભાવે અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને મહા પુરુષો એ લબ્ધિઓનો ઉપયોગ શાસન પ્રભાવનામાં કરે છે.

## આ સંસાર પરિવર્તનશીલ છે

| પહેલા જન્મમાં | બીજા જન્મમાં |
|---|---|
| મોટર કારખાનાનો માલીક | બળદ થઇને ગાડે જોડાય |
| વ્હાલો પુત્ર | ખંજરધારી શત્રુ |
| પત્નિ | બ્હેન માતા દીકરી |
| નંદનવનનો સ્વર્ગીયદેવ | છાણનો કીડો અથવા બીલાડીનો ટોપ |
| કુસ્તીબાજ પહેલવાન | ઈયળ થઈ બફાય |
| ચમરબંધી રાજા મહારાજા | કોલસાની ખાણમાં મજુર |
| લાખોની સલામો ઝીલનાર | કુતરો થઇને હડહડ થનાર |
| ક્રોડોનો માલીક | માટીના ઝુંપડામાં રહેનાર ગરીબ |
| બંગલામાં વસનાર | ફુટપાથ પર સુનાર |

ઉપર પ્રમાણે પુણ્યોદયે અને પુણ્ય ખલાસ થયે બને છે.

વર્તમાનમાં મોટા ભાગે ( જીવો )માણસો પુણ્યની નીકાશ અને પાપની આયાત કરી રહ્યા છે, સંસારમાં જે કાંઈ સારૂં છે તેમાં આસક્ત જીવો, દુઃખોનું ઉત્પાદન કરી રહ્યા છે.

સંસારમાં સુખની પળો થોડી, દુઃખનાં વર્ષો લાંબોકાળ.

દુઃખ સહજ અને સુખ આકસ્મિક મોટે ભાગે હોય માટેજ જીવન સદાચારી સંસ્કારી જીવવું જોઇએ.

## પ્રભુની ભાવપૂર્વક ભક્તિથી કષ્ટ સાધ્ય એવું કેવળજ્ઞાન પણ સુસાધ્ય બની જાય છે તેનાં અનેક દૃષ્ટાંતો પૈકીનું એક નીચે મુજબ–

ભગવાન ઋષભદેવના ૧૩ ભવ થયા છે તેમાં નવમા ભવમાં વૈદ્યપુત્ર જીવાનંદ–શેઠપુત્ર મહિધર–મંત્રીપુત્ર બુદ્ધિ–સાર્થવાહનો પુત્ર પુર્ણભદ્ર–શેઠપુત્ર ગુણાકર, શેઠપુત્ર કેશવ એ છએ પરમ મિત્રો હતા. એક વખતે જીવાનંદને ત્યાં કોઢના મહારોગથી ગળતા શરીરવાળા મુનિરાજ ગોચરી પધાર્યા, તે જોઇ પાંચે મિત્રોને બોલાવી કહ્યું : આ મહામુનિને રોગમુક્ત કરવા ઘણું દ્રવ્ય ખર્ચીને પણ ઉપાયક રીએ, ઔષધમાં લક્ષપાક તેલ મારા પાસે છે, ગોશિર્ષચંદન અને રત્નકંબલ એ બેની જરૂર છે, છએ મિત્રો સહમત થતાં બે વસ્તુ મેળવવા કોઈ વ્યાપારી શેઠની દુકાને ગયા, બધી વાત કરી, મૂલ્ય લ્યો અને વસ્તુ આપો સાંભળી દુકાનદારે કહ્યું : મુનિરાજ માટે વગર મૂલ્યે લઈ જાઓ તમો તો મહાપુણ્યવાન હોઇ કરશો પરંતુ આટલું પુણ્ય મને પણ થવા દો કહી વસ્તુ આપી, છએ જણા રાજી થઇ પ્રથમ લક્ષપાક તેલથી મુનિભગવંતને માલીશ કર્યું, શરીર ખૂબ તપી જવાથી રત્નકંબલ ઓઢાડી ઠંડક કરી રત્નકંબલ ઓઢાડી કૃમીઓ લઈ લીધા અને તાજી મરેલી ગાયના શરીરમાં જયણાપૂર્વક કૃમીઓ મુકયા બાદ ગોશિર્ષ ચંદનના લેપથી શરીરમાં શીતલતા લાવી રોગમુક્ત કર્યા અને વારંવાર ખમાવી પોતે આજે અપૂર્વ કામ કર્યાની અનુમોદના કરતા વગર મૂલ્યે રત્નકંબલ–ગોશિર્ષચંદન આપનાર શેઠને વાત કરી, તે શેઠ પણ વારંવાર અનુમોદના કરતાં ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન પામ્યા અને જીવાનંદ વગેરે છએ મિત્રો દીક્ષા લઇ બાવીશ સાગરોપમની સ્થિતિવાળા બારમા દેવલોકે ગયા. એ દશમો ભવ–

અગીઆરમા ભવમાં–જીવાનંદનો જીવ વજ્રસેન તિર્થંકરનો પુત્ર વજ્રનામ ચક્રવર્તી થયા, બાકીના પાંચે પણ બાહુ–સુબાહુ પીઠ–મહાપીઠ અને સુયશ નામે થયા. દીક્ષા પાળી મહાઋદ્ધિ દેવપણાને ભોગવી જીવાનંદનો જીવ ઋષભદેવ તિર્થંકર અને બીજા ભરત–બાહુબલી–બ્રાહ્મીસુંદરી અને વર્ષીતપનું પારણું કરાવનાર શ્રેયાંસકુમાર થયા, મોક્ષમાં ગયા. જણાવવાની મતલબ કે સમકિતિ જીવો મોક્ષે ન પધારે ત્યાં સુધી જગતનાં ઉત્તમ ગણાતાં સુખો સાથે ધર્મની ખૂબ અનુકૂળતા પ્રાપ્ત થાય છે. વૈભવોને એ તુચ્છ સમજે છે, વૈભવો એને સાચવે છે, એને સાચવવાની દરકાર રહેતી નથી, વધારે શું ? વૈભવો એનું પતન થવા દેતા નથી. માટે પ્રભુ–ગુરુ–અને ધર્મની સેવા ભાવપૂર્વક સમર્પીત ભાવે થઇ જાય તો મોક્ષ હથેળીમાં અને સ્વર્ગાદિક ઋદ્ધિ આંગણામાં ક્રિડા કરતી થઇ જાય છે.

## ઉપદેશક વાકયો અને જાણવા જેવું

ઉપાધિજન્ય સંસારના સુખની લાલચ, નિરૂપાધિ શાશ્વત સુખના આડી મજબુત દિવાલ છે.

સંસારનાં સુખ અને સાધનો પ્રત્યે અભાવ થયા સિવાય મોક્ષ પર પ્રેમ થાય નહિ.

આહારે ભુખ વધે છે, આહાર લેવાથી કામ ચલાઉ ભુખ શમે છે, જ્યારે વિતરાગની ભક્તિ કાયમી ભુખને મટાડે છે.

ભૌક્તિક સુખની ભુખ જીવોને લાચાર, કંગાલ, દીન બનાવે છે.

આત્મા ઉપર કર્મની સત્તા ચાલે છે ત્યાં સુધી એ પરતંત્ર છે.

સિદ્ધના જીવો ઉપર કોઇની સત્તા નથી, સદા સ્વતંત્ર છે માટે મહાસુખી છે.

સંસારમાં સુખ નથી અને મોક્ષમાં દુઃખનો અંશ પણ નથી.

જયાં સુધી આપણું જીવન બીજાને ભયરૂપ છે, ત્યાં સુધી આપણે ભય મુક્ત બની શકીએ જ નહિ.

બીજાને અગવડમાં મૂકી પોતે સગવડની ઈચ્છા કરે એ મૂર્ખાઈ છે.

ઉદારને ધન તૃણ સમાન, શૂરવીરને મરણ તૃણ સમાન, શીલ ધારીને અપ્સરા જેવી સ્ત્રી તૃણ સમાન અને નિસ્પૃહીને જગત તૃણ સમાન હોય છે.

સત્તા, કાયદા અને બુદ્ધિના જોરે કદાચ બીજાને દબાવી શકાશે, પરંતુ એ દબાયેલો–ઢંકાયેલા અગ્નિ સમાન છે એ ભુલવું નહિ.

ઉપદેશ સામાના મન પર અસર કરે છે, આદેશથી કે દબાણથી એમ બનતું નથી.

પરોપકારને ઓળખવો જોઇએ, જયાં ત્યાં થાય નહિ.

આ લોકના ઐહિક સુખની ચિંતા અને પ્રવૃત્તિ તે ભવિષ્યના સુખનો નાશ સર્જે છે, આલોક પચાસ સો વર્ષનો, ભવિષ્ય અનંતકાળનો.

સુખ અને શાંતિની બુમો પાડવાથી એ મળતી નથી, કારણ કે એ બજારૂ ચીજ નથી, એ તો પોતાના સદ્‌વર્તનમાંથી પ્રગટે છે.

સર્વ ધર્મ સમાન માનનારા અને બોલનારા ધર્મને સમજયા નથી.

જેને ધર્મ જોઇતો નથી એવા બોલે એની કશી કિંમત નથી.

સુંદર વિચારણામાંથી કરેલી કે થયેલી ભુલ સમજાય છે. સમજાયા પછી પશ્ચાતાપરૂપી પાણી અને આલોચનારૂપી સાબુથી આત્માની મલીનતા દૂર થાય છે.

સતત વિચારવું જોઇએ કે મારા વિચારો–વર્તન કેવાં છે? પરલોક બગાડે એવા કે સુધારે એવા?

જન્માંધને નેત્ર આપનાર કરતાં સમ્યગ્ જ્ઞાનરૂપી આંખો આપનાર મહાઉપકારી છે.

સંસારના કાવાદાવાથી દૂર રહેલા, સ્વાર્થી પ્રલોભનોથી રહિત, મુક્ત વિહારી, ત્યાગી જીવનની મઝા બંગલામાં પૂરાચેલા, સ્વાર્થમાં ગળાડુબ ફસાયેલાઓને કયાંથી આવે.

વર્ષોથી ધર્મક્રિયાઓ કરવા છતાં ભાવ આવતો નથી, તેનું કારણ જયાં ભાવ છે, ત્યાંથી ખસ્યા સિવાય ભાવ આવે નહિ.

ધર્મ ગમે છે એવું બોલવાથી મનાય નહિ. જેને જે ગમે છે તે કોઈ પણ ભોગે મેળવવા તૈયાર હોઈ તલપાપડ થાય છે, ન મળે તો દુઃખ થાય છે, હતાશ થાય છે, તેવું ન હોય તો ધર્મ ગમે છે એ બોલવા પુરતું સમજવું.

ઇંદ્રિયોરૂપી ઘોડાઓને સંતોની વાણીરૂપી લગામથી વશ રાખો.

મનોનિગ્રહ મહાન બનવા જરૂરી છે, મહાન પુરૂષો જ બીજા ઉપર પ્રભાવ પાડી શકે છે.

અસ્થિર મનવાળો જગતની આશા ઉપર જીવે છે.

બીજાની મહેરબાનીથી મેળવેલી મોટાઈ ક્ષણજીવી હોય છે.

મનોનિગ્રહ અને ઇંદ્રિય દમનથી મળેલી મોટાઈ ચીર-સ્થાયી છે.

માનવ અને મુક્તિ વચ્ચે રાગદ્વેષની મજબુત દીવાલ ખડી છે.

રાગ દ્વેષની જબ્બર દિવાલ ભેદવા વિષયાશક્તિના પાયામાં વિરતિરૂપ સુરંગ ચાંપવી પડશે.

ભૌક્તિક સુખનાં આધુનિક સાધનો જોઈ આનંદ પામે એ મિથ્યાદૃષ્ટિ.

ભૌક્તિક સુખનાં સાધનો મેળવવાનું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન.

ભૌક્તિક સુખનાં સાધનોનો ઉપભોગ કરવો એ મિથ્યાપ્રવૃત્તિ.

માનવ જન્મ માનવ સેવા પુરતો નથી, પરંતુ માનવેતર જીવોના સંરક્ષણ માટે છે.

માનવની સાચી સેવા તે જ ગણાય કે એનો પરલોક સુધરે તે સિવાય તો માનવની કુસેવા જ કરી ગણાય.

દુઃખ ગમતું નથી પણ એ પાપથી આવે છે અને પરિગ્રહનો લોભ પાપ કરાવે છે એ ભુલો નહિ.

પરિગ્રહ વધે એમાં રાજી થવાય તો પાપ વધી રહ્યું છે એમ કહેવાય.

ધર્મ—પરિગ્રહ રહિત બનવા માટે કરવાનો છે, પરિગ્રહ મેળવવા ધર્મ નથી પણ એ અધર્મ છે.

ધર્મનાં બંધન જોઇએ નહિ, એવું માનનારાઓના કર્મે ગુલામી જ લખાયેલી છે.

દેશના નામે ધર્મને ધક્કો મારનારા ધક્કા જ ખાવાના છે.

જમાનો બદલાયો છે એમ બોલીને ધર્મને છેહ દેવાય નહિ, જમાનો બદલાય પણ પુણ્ય પાપનાં ફળ બદલાય નહિ.

જમાનો બદલાય છતાં નારકી સાત છે તે બદલાય નહિ.

જમાનો બદલાય પરંતુ પાપ એ પાપ જ રહેવાનું, એ કદી બદલાય નહિ.

અસંખ્ય કે અનંતકાળ પહેલાં પાપસ્થાનક અઢાર હતાં, આજે છે અને એ જ રહેવાનાં.

અગ્નિ બાળે, વિષ મારે વિગેરે જે ચોક્કસ ભાવો છે, તે જમાનાની જેમ બદલાતાં નથી જ.

દંભી પોતે પણ પોતાના દંભને પ્રાયે પારખી શકતો નથી. કારણ કે સ્વાર્થમાં અંધ બનેલો હોય છે, આંધળો જોઈ શકે નહિ. વિવેક જન્મે તો જ દંભી છું કે સરળ છું એ સમજાય.

ભુલનો એકરાર કરનારા બધા સરલ છે એમ માનો નહિ. અંતઃકરણના પશ્ચાતાપથી એકરાર થાય તે સાચો પરંતુ મોટાઈ ટકાવી રાખવા એકરાર થાય તો દંભ છે.

શાસન પ્રભાવના નામે પોતાની પ્રભાવના ઈચ્છનારા વાસ્તવિક પ્રભાવના કરી શકે નહિ.

શાસન પ્રભાવના નામે-વખતે શાસન અને શાસ્ત્રોનો પણ દ્રોહ કરનારા બને છે, કોઇપણ ભોગે આગળ આવવું છે એ જ ધ્યેયવાળા શાસ્ત્રોનો દુરૂપયોગ પણ કરે છે.

શાસનદ્રોહ એટલે વિતરાગનો, અને એની વાણીરૂપ શાસ્ત્રોનો દ્રોહ, અને અંતે શ્રીસંઘનો દ્રોહ કરનારા સ્વ-પરનું સત્યાનાશ વાળનારા બને છે.

હે ભવ્ય જીવો ! આ જમાલી પણ એક અપેક્ષાએ સાચો છે અને હું પણ સાચો છું. માટે શાંતિ રાખો એવું કહીને ભગવાન મહાવીરે ભાગલા પડતા કેમ અટકાવ્યા નહિ હોય ? એનો જવાબ ભાગલાથી બ્હીનારા આપે.

ભગવાન મહાવીર બહુજ શાંતિપ્રેમી હતા, પરંતુ સત્યના ભોગે તો નહિ જ.

આ તો જિન નથી, પણ મંખલીપુત્ર ગોશાલો છે, એવું જણાવી ગોશાલાને ઉઘાડો પાડનાર ભગવાન મહાવીર દેવમાં એટલી પણ ઉદારતા ગંભીરતા નહિ હોય ખરૂંને ? સંકુચિત મનોદશા ન રાખો, ઉદાર બનો, ગંભીર બનો, ધર્મની મુખ્ય બાબતો મામુલી ગણી અભરાઈએ ચડાવી એક થાઓ. આવું તો ધર્મથી ભ્રષ્ટ થયેલા જ બોલે.

એકતા શબ્દ સારો છે, પણ ભેજાં જુદાં હોય. તરંગી હોય, મનસ્વી હોય એવાઓ એકતાના સ્વરૂપને નહિ સમજનારા મૂર્ખા છે.

જગત ઐહિક સુખની પાછળ પડેલ છે. એ જ સુખો વિરાગીના સામે ભટકાય છે, જેની એને જરૂર નથી.

જો તમે સારા નથી, છતાં કોઈ સારા કહે અને રાજી થાઓ ફુલાઓ, તો તેમાં તમારૂં અને કહેનારનું ભલું નહિ થાય.

જે સારા છે, તેઓ બીજા પાસે સારા કહેવડાવવાની અપેક્ષા રાખતા નથી.

નબળાને સતાવાય કે દબાવાય નહિ, શરણે આવેલાને રક્ષણ પ્રાણના ભોગે આપનારો મર્દ ગણાય.

જે નામર્દો છે, તેજ નબળા પશુ આદિ જીવોને મારે છે, કતલ કરે છે

કતલખાનાઓમાં જીવોની કતલ કરનારાઓએ ભવિષ્યમાં પોતાની કતલ કરાવવા તૈયાર રહેવું પડશે.

ઉપદેશ શાસ્ત્રાનુસારે અપાય પણ તેમાં સ્વ માન્યતાનું મિશ્રણ કરે તો ગુનેગાર ગણાય. જેમ વૈદ્ય કે ડોકટર દવામાં પોતાની માન્યતાનું મિશ્રણ કરી ગુનેગાર ગણાય છે.

વ્યવહારમાં ગુનો કરનારો સરકારથી બ્હીએ છે, પણ પાપ કરનારો, પાપને પોષવાની પ્રવૃત્તિ કરનારો પુણ્યના જોરે બ્હીતો નથી ઉલટો ગર્વ કરે છે. પરંતુ એ મૂર્ખ શિરોમણીને ખબર નથી કે સરકારની સત્તા કરતાં કર્મની સત્તા બેઠી છે.

પાણીમાં અગ્નિ ભળે તો સ્વભાવે ઠંડુ હોવા છતાં ઊકળે છે, તેમ આત્મા સ્વભાવે શાંત હોવા છતાં રાગદ્વેષથી ઊકળી રહ્યો છે.

દુનીઆને સુધારવા કરતાં પોતાની જાતને સુધારો.

હું બધાને દબાવું પણ મને કોઈ દબાવે એ સહન કરૂં નહિ, એવો ફાંકો રાખો નહિ.

સંસારપ્રેમીને મૃત્યુ ખટકે, જ્ઞાનીને જન્મ ખટકે.

જેનાથી માર્ગ પામ્યા હોઇએ, તેના જ સામા થાય તો તે કૃતઘ્ની મરીને નર્કમાં જાય છે. કહ્યું છે કે—

"જેહથી માર્ગ પામીઓ, તેહની સામો થાય;
કૃતઘ્ની તે પાપીઓ, નિશ્ચે નરકે જાય."

શું કમાયા એમ પૂછનારા ઘણાં મળશે, પરંતુ કેવી રીતે કમાયા? એ પૂછનારા વિરલા હશે.

સત્કાર્ય કરી પ્રશંસા ખાતર કોઈને કહેવું નહિ.

રાગનાં સાધનો વધે તેની સામે વિરાગનાં પણ વધવાં જોઈએ.

દેહ છુટી જાય તો તમામ લપ મટી જાય.

દરિદ્રતાના નાશ માટે દાન, દુર્ગતિના નાશ માટે શીલ, કર્મના નાશ માટે તપ, ભવના નાશ માટે ભાવ જરૂરી છે.

ન્યાયથી નેતા, વિનયથી શિષ્ય, ક્ષમાથી સાધુ, પરાક્રમથી સુભટ, શીલથી સ્ત્રી, તેમ જીવન ધર્મથી શોભે છે.

થશે ત્યારે આપીશ પરંતુ એ બરાબર નથી, આપીશ તો થશે.

કોઈ વિદ્યા, મંત્ર–તંત્ર, ઔષધિ–રસાયણ અથવા દેવનું સાનિધ્ય એવું નથી કે જરા અને મૃત્યુને અટકાવે.

કમળના પત્ર પર જળબિંદુને સુકાતાં વાર લાગે નહિ, શ્રાવણ માસની જળભરી વાદળીઓ પવનના ઝપાટાથી વેર–વિખેર થતાં વાર લાગે નહિ, તેમ વૈભવ, કુટુંબ–પરિવાર કર્મના ઝપાટાથી ક્ષણવારમાં નાશ પામતાં વાર લાગે નહિ.

તરવાની કળા ન આવડે ત્યાં સુધી ભૂગોળ–ખગોળ, વિજ્ઞાન–સાયન્સ જાણવાની કળા ( જ્ઞાન ) ડુબાડનારૂં છે. ( તરવાની કળા એટલે સંસારસાગર )

પોતાના જ રોગનું જેને ભાન નથી, તે બીજાને રોગમુક્ત કેવી રીતે બનાવે.

પરમાત્મા કોઇને સજા કરે નહિ, પરંતુ કર્મસત્તા અદૃશ્યપણે ભયંકર સજાઓ કરે છે.

પાવર હાઉસ, ઇલેક્ટ્રીકની ફીટીંગ્સ, ગ્લોબ બધું હોવા છતાં=ફ્યુસ ના હોય તો પ્રકાશ થાય નહિ, તેમ ધર્મ અને

ધર્મનાં સાધનોનો ઉપયોગ કરવા છતાં ભાવરૂપી ફયુસ ના હોય તો જ્ઞાન પ્રકાશ થાય નહિ.

પોતાનાં ઘરો તો તિર્યંચો પણ બનાવે છે, પણ જિન ભવન ઉપાશ્રયાદિ સ્થાનો તો વિરલા જ બનાવે.

યુગલિક કાળમાં સુખનો પાર નહિ, મેળવવા મહેનત નહિ, રક્ષણ કરવાની કાળજી નહિ, બીજો હરીફ નહિ, દુઃખનું નામ નહિ, છતાં એવા પણ સુખનો ભગવાન ઋષભદેવે ત્યાગ કર્યો, એના મર્મને સમજાય તો આજના વિષમ કાળમાં ત્યાગ મુશ્કેલ ન હોય.

શક્તિ સાનુકુળતા ઘણી હોવા છતાં, જો રાજ્યના ભૂખ્યા હોત તો રામ લક્ષ્મણ વનમાં જાત નહિ.

ઇષ્ટમાં-અનિષ્ટ અને અનિષ્ટમાં-ઇષ્ટની બુદ્ધિ થશે ત્યારે ત્યાગ સુલભ થશે.

સંસારનાં સુખો ઈષ્ટ લાગે છે, પરંતુ વિપાક અનિષ્ટમાં પરિણમે છે.

ખંજવાળવાની ચળમાં મઝા આવે છે, પરંતુ પછી અસહ્ય બળતરા થાય છે.

સંસારનાં સુખોની ચળ જીવને કળ વળીને બેસવા દે નહિ.

પ્રશ્ન-ઝેર અનિષ્ટ હોઈ, ઈષ્ટની બુદ્ધિથી મરે કે નહિ?

ઉત્તર-ઈષ્ટની બુદ્ધિ બોલવી સહેલી, થવી મુશ્કેલ.

વિનાશી આકર્ષક વસ્તુઓમાં ઈષ્ટ બુદ્ધિ કરી તો તેના નાશ વખતે હાય વોય થાય છે.

સ્વ સામ્રાજ્યની પરવા હોય નહિ, શક્તિ હોવા છતાં બીજાનું પડાવી લેવાની ઇચ્છા હોય નહિ, તો જ પિતાના

વચન ખાતર રામ વનમાં ગયા, રાજ્ય તુચ્છ અને વચન પાલન મહત્ત્વના.

સમ્યગ્દૃષ્ટિનો આખોય વ્યવહાર જગતના જીવોના વ્યવહારથી ઉલટો હોય.

ઝંપલાવે તે નહિ, પણ દૂર રહે તે સમયજ્ઞ.

જમાનો આગળ વધી રહ્યો છે, સાથે કદમ મિલાવો, સમય રાહ જોશે નહિ, આવી મૂર્ખાઈ ભરી સલાહ આપનારને કહીએ કે ભલા ભાઇ વ્યવહારમાં પણ ડાહ્યા કહે છે કે દોડો નહિ, જોઇને ચાલો, નહિ તો ખાડામાં પડશો. માથું ભાંગશે માટે વિચારીને જીવતાં શીખો.

કહેવત છે કે ગાયને દોહીને કુતરાને પાઓ નહિ. તેમ સજ્જન એવા ધર્મ પાસેથી લઇ અધર્મને પોષો નહિ.

આઠ બાર આનાની જાપાનીસ મોટરથી લલચાઈ નાનો છોકરો સોનાની કલ્લી કાઢી આપે તેમ પાંચ પચાસ વર્ષનાં ભૌગ્યસુખની લાલચે સ્વર્ગ મોક્ષના સુખોને લાત મારો નહિ.

લેશ અલ્પ સુખની ખાતર અસહ્ય દુઃખના ખાડામાં ન પડો.

અર્થ કામ પાછળ લોક, ધર્મ મોક્ષ માટે કોક.

વસ્તુનો ત્યાગ કદાચ સહેલો, પરંતુ વાસનાનો ત્યાગ બહુ જ મુશ્કેલ છે તે સમજો.

સ્વાર્થ અને અહંકારથી ખદબદતા વિષ્ટાના કીડા જેવા લોકની સેવાની વાતો મેવા મેળવવા માટે હોય છે.

જે પુણ્યે રાવણને, ભરત મહારાજા આદિ મહાન પુરૂષોને દગો દીધો તેવા પુણ્યના ભરોસે રહો નહિ.

સાપ સાથે કામ પડ્યું હોય તો ગારૂડી એક હાથમાં રમાડે બીજા હાથે મંત્ર ચાલુ રાખે. તેમ ભોગાવલી નિકાચીત કર્મોથી

પાનું પડ્યું હોય તો ભોગવે પણ પોતે ભોગવાય નહિ મનો દશાથી નિર્જરા કરે.

આત્માને પૂછો–ભોગવો છો કે ભોગવાવ છો.

ભોગવે તે માલીક. અવસરે ત્યાગ કરતાં વાર કરે નહિ.

ચેતનાશક્તિથી જ્ઞાન મેળવવું અને વિર્યશક્તિથી સુંદર જીવન ઘડવું.

સ્વાધિનપણે–દુઃખ ભોગવી કર્મનો ક્ષય કરવાનો અવસર દુર્લભ છે, પણ પરાધિનપણે નર્કાદિ ગતીમાં દુઃખ ભોગવવાથી લાભ નથી, કર્મનો બંધ છે.

નદી વર્ષા ઋતુમાં પૂરથી પોતાના જ કાંઠાને તોડી પાડે છે, તથા અશુચી ગંદકી કચરાનો સંગ્રહ કરે છે, તેમ લક્ષ્મી અને યૌવનનું પૂર યોગ્ય માર્ગે વળાય નહિ તો–સંસ્કૃતિ અને સદ્ગુણોથી તે વ્યક્તિ તુટી પડી, જુગાર–પરસ્ત્રી આદિ વ્યસનોનો સંગ્રહ કરી વિનાશ પામે છે.

સંસારમાં વસવું, ભટકવું, માયાની જાળમાં ફસાવું એ પ્રવાહ સતત ચાલુ હોઈ એમાંથી છુટવાનો પુરૂષાર્થ એ જ શ્રેયસ્કર છે.

શાખને ખાખ થતાં વાર લાગતી નથી.

અગ્નિ અને હિંસા સર્વભક્ષી છે. જુઠું બોલી ઠગ્યો હોય તો માફી માગી શકાય, ચોરી કરી હોય તો પરત કરી શકાય, બધાના ઉપાય છે; પરંતુ જીવ પાછો આપી શકાતો નથી માટે જ હિંસા એ મોટું પાપ હોઇ, અહિંસાના સુંદર બાગમાં વિહરો–એક ઊકરડો–બીજું નંદનવન.

કોઇના મનને આઘાત લાગે એવું બોલવું તે એના ખૂન કરવા કરતાં વધારે પાપ છે.

રામની દીક્ષાં સાથે સોળ હજાર રાજાઓ અને સાડત્રીશ હજાર સ્ત્રીઓ મળી ત્રેપન હજાર દીક્ષાઓ થઈ છે.

સ્વપ્નમાં જોએલું સુખ નાશ પામે, અને આંખ ખૂલ્યા પછી દુઃખ થાય નહિ. તેમ જ્ઞાનીને જડ વસ્તુના નાશથી દુઃખ થાય નહિ

યુદ્ધનો રસીઓ બાણોના પ્રહારને ગણકારે નહિ, તેમ જ્ઞાની આપત્તિના ડુંગરો તુટી પડે છતાં મુંઝાય નહિ.

વ્યાપારી વેપારના કષ્ટને, મજુર બોજાના કષ્ટને, કષ્ટ ગણતો નથી ઉલટો રાજી થાય છે. તેમ જ્ઞાની ધર્મની ક્રિયાઓને કષ્ટ ગણતો નથી રાજી થાય છે.

કર્મની મહેરબાની હોય તો જીવાય, મેળવાય, ભોગવાય એવું હોવા છતાં હું સર્વ કાંઇ કરવા શક્તિમાન છું, એવો ફાંકો રાખનાર મૂર્ખ છે.

ચેતનને બીજાની મહેરબાની ઉપર નભવું એ શરમ છે.

દુઃખી દીક્ષા લે છે એ કલ્પના વાહિયાત છે. દુનિયામાં દુઃખીનો તોટો નથી, જ્યારે દીક્ષા તો બહુ જ અલ્પ સંખ્યામાં છે.

પુણ્યમાં માલ નહિ અને હૈયું મેલું, છતાં ગર્વનો પાર નહિ.

એકના સાચા દાસ થાઓ તો કાયમી દાસત્વ મટી જાય.

મા-બાપ રાજી કેમ રહે, એ જોવાતું હતું. આજે ઉલટું મા-બાપને નારાજ કરીને મા-બાપે કરેલું સગપણ તોડી નાખનારા સુધારક વિચારના ગણાય, એની પ્રશંસા થાય. અનાર્યને માથે શિંગડાં હોય નહિ.

વનમાં ત્યજાએલાં સીતાજી મારૂં શું થશે? એ વિચાર ન કરતાં પતિ રામનું શું થશે? એમ વિચારી સંદેશો મોકલાવે છે કે લોકના કહેવાથી મારો કે રાજ્યનો ત્યાગ કરશો

એનું દુઃખ નથી પરંતુ જૈન ધર્મનો ત્યાગ કરતા નહિ. આર્ય અબળાઓ આવી હોય.

ધર્માત્માને જીવતાં આનંદ-સારાં કામો વધુ થશે. મરતાં પણ આનંદ-સદ્ગતિમાં શંકા નથી.

ગરીબાઈ ચાલી ચલાવીને આવતી નથી. આમંત્રણ આપેલું હોય તો જ આવે, જાતે સર્જેલી છે.

કિંમત માલની છે, બારદાનની નહિ. તેમ મોક્ષ એ માલ છે, દુન્યવી તુચ્છ સુખો બારદાન છે.

અસંતોષીને બંગલામાં-પલંગમાં ઉંઘ આવે નહિ, જ્યારે સંતોષીને ઝાડ નીચે રસ્તા પર સુખ નિંદ્રા આવે.

ગાય ભેંસના ફક્ત વખાણ કરવાથી લાભ નથી, તેમ ધર્મનાં વખાણ કરવાથી લાભ નથી. ગાયની સાર-સંભાળ, ચારો-પાણી થયા પછી જ દૂધ આપે છે. તેમ ધર્મનાં અનુષ્ટાનો કરવાથી લાભ થાય છે, વખાણથી નહિ.

ખરી કેળવણી તે કે જે પાપનું જાણપણું કરાવે. રહ્યા-સહ્યા પુણ્ય-પાપના સંસ્કારોને ભુલાવે, ધર્મને ભુલાવે એવી કેળવણી આર્ય સ્વપ્ને પણ ઇચ્છે નહિ.

આંધળો કૂવામાં પડે, અને દેખતો પડે એમાં બહુ જ ફેર છે.

પર રાષ્ટ્રના આક્રમણથી બચવા લશ્કર સેનાપતિની જરૂર તેમ અંતરંગ શત્રુઓથી બચવા ધર્મરૂપી સેનાપતિ અને સદ્ગુણોરૂપી સૈન્યની જરૂર હોય જ.

દુઃખીને જોઈ અમારૂં હૃદય દ્રવી ઊઠે છે, એવું બોલનારા લહેરથી વાંદરા-ઊંદર-તીડ મારવાની યોજના ઘડે છે.

પત્થરની કે થાંભલાની હડફેટમાં આવી માથું ભાંગનારો પત્થર કે થાંભલા પર ગુસ્સો કરે તો મૂર્ખ ગણાય, તેમ પોતે

પોતાની કારવાઈથી સર્જેલા દુઃખો કે આપત્તિ પર ગુસ્સો કરનાર મહામૂર્ખ છે.

ભૂલને ઢાંકનારા ગમે કે બતાવનારા ગમે—"આત્માને પૂછો".

ચીન કે પાકિસ્તાન અગર કોઇનું આક્રમણ આપણને પસંદ નથી—ન હોવું જોઇએ, પરંતુ કતલખાનામાં મુંગા પંચેંદ્રિયો (જનાવરો) પર આપણે આક્રમણ કરીએ તો—એ ન્યાય નથી પણ ઘોર અન્યાય છે.

શાસ્ત્ર બોધ માટે, ધન દાન માટે, જીવન ધર્મ માટે, શરીર પરોપકાર માટે થાય તો જ તે સર્વ સફળ છે.

ઝઘડા વિષય કષાયોની આસક્તિમાંથી જન્મે છે.

લોક બેવકુફ કહે માટે—દયાનો ત્યાગ કરનારા બેવકુફો છે.

પરલોકમાં લોક મદદ કરવા નહિ આવે, દયા મદદ કરશે.

પૈસા માટે જાગ્રતિ—અને પરલોક માટે નહિ એવું ના કરો.

મધ ચોપડેલી તલવારની ધાર જેવા ભોગો સમજો.

કમાઓ છો કે ગુમાવો છો, લુંટો છો કે લુંટાઈ રહ્યા છો. માર ખાઓ છો કે મારખાઈ રહ્યા છો "અંતરથી વિચારો".

જે જોઇને રાજી થાઓ છો તે તમારા સ્વાધિન છે ખરૂં ? નથી.

તમારી પાસે જે કાંઈ હોય તે ભોગવવા તમે સ્વતંત્ર છો ? નથી.

બધું સારૂં તૈયાર હોય, જેને જોઇને રાજી થતા મોંઢામાં પાણી આવતું, તે સઘળું અવસરે ઝેર જેવું બની જાય છે (શરીરમાં કારમો રોગ થાય ત્યારે)

વાચીક અથવા કાયીક રોગ કરતાં માનસિક રોગ બહુ ખરાબ છે.

સોનાની લંકા, બીભીષણ, કુંભકર્ણ જેવા ભાઇ ઇંદ્રજીત, મેઘવાહન જેવા ભાઇ, મંદોદરી આદિ હજારો અપ્સરા જેવી રાણીઓ હોવા છતાં, સીતાજીને જોયા પછી, માનસિક રોગ એવો લાગુ પડ્યો કે, મહેલમાં, પલંગમાં ઉંઘ નથી એવા રાવણને, માનસિક રોગે બધું ઝેર જેવું થઇ ગયું.

કર્મસત્તાની દખલગીરી જેવું જીવન સ્વમાની પસંદ કરે નહિ.

અનાદિની ચાલ (ટેવ) બદલાયા સિવાય પરમ આનંદમય આત્મિક સુખની પ્રાપ્તિ નથી.

પુણ્ય-લક્ષ્મીને, સૂર્યકિરણોને, સત્વ-સિદ્ધિઓને, સત્ય-દેવોને, તપ-લબ્ધિઓને, દાન-યશ કિર્તીને આકર્ષે છે-તેમ જિનભક્તિ સમર્પણભાવે થાય તો મુક્તિને આકર્ષે છે.

કર્મ સત્તાને પડકારવા ધર્મ સત્તાની સહાય લેવી જરૂરી છે.

બીજાને પ્રાણ આપી શકીએ નહિ, તો બીજાના પ્રાણ કેમ લઈ શકાય ?

સમજદારને આપત્તિ સંપત્તિરૂપ બની જાય છે.

અણસમજુને સંપત્તિ આપત્તિરૂપ બની જાય છે.

અહિંસાના પાલન માટે રાજ્યો છોડ્યાં, પરંતુ રાજ્ય મેળવવા અશક્તોએ અહિંસાનો ઢોંગ શરૂ કર્યો. એને અહિંસા કહેનાર મૂર્ખાઓ છે.

જે વસ્તુઓ નાશ પામવાની છે તે હોય તોયે શું અને ન હોય તોયે શું ?

જાગતો લુંટાય નહિ, ઉંઘતો લુંટાય અને કુટાય. પરલોકને નજરમાં રાખી જીવે તો જાગતો, બાકી તો જાગતા છતાં ઉંઘતા.

જીંદગી ટૂંકી અને આશાઓ હિમાલય જેટલી લાંબી.

આશાના દાસ ન બનતાં આશાને દાસી બનાવો.

વૈભવ વહેંચાશે, વેદના નહિ વહેંચાય.

હિંસક યોજનાઓથી કદાચ લાભ દેખાય; પરંતુ એ લાભ અનંત નુકશાનીમાં પલટાશે.

બસ, આટલું જ ? એવું અસંતોષીને લાગે.

અહો, આટલું બધું ! એવું સંતોષીને લાગે.

ગરીબે સુખીની ઈર્ષ્યા કરવી તે ભવિષ્યમાં પણ પોતે વધારે દુઃખી થવાનું સર્જન કરે છે.

યોજનાઓ સ્વ-પરના કલ્યાણની હોય, અને સ્વ-પરના નાશની પણ હોય.

કોઇની પણ ડખલગીરી વગરનું જીવન તે જ આઝાદ જીવન છે.

જીવાય કાયમ અને જરૂર કશાની નહિ એ જ આબાદ જીવન છે.

ગરીબો કરતાં શ્રીમંતોની દશા આજકાલ વધુ શોચનિય છે પણ શ્રીમંતાઈના ઘમંડમાં તે તેઓને જણાતી નથી.

ગરીબોને ગરીબાઈ ખટકે છે, જ્યારે શ્રીમંતોને તે ચાલી ન જાય એ ખટકે છે.

ધર્મ દ્વારા જે ક્ષય પામે એવાં સુખની ઈચ્છા કરવા કરતાં ક્ષય ન પામે એવા સુખની ઇચ્છા કરનાર જ સમજુ છે.

દેવલોકમાં પુણ્ય મુડી ખલાસ કરી જીવવાનું છે.

નર્ક અને તિર્યંચમાં દેવું આપીને તથા નવું દેવું કરીને જીવવાનું છે.

એક માનવ જીવન જ એવું દુર્લભ છે કે-દેવું આપીને-

ખલાસ કરીને કદી ન ખૂટે એવો અખૂટ ખજાનો મેળવવાનો છે. દુર્લભતા સમજાય તો જ આવું બને.

હિંસાને અહિંસાના ખાતામાં ખતવણી કરવી એ ઊંધી ખતવણી છે. જીવ મહામિથ્યાત્વના યોગે ઉંધી જ ખતવણી કરતો આવ્યો છે.

પરિગ્રહમાં ભળ્યો એ મર્યો અને દુર્ગતિમાં ફર્યો.

સંપત્તિ અને શાંતિને પ્રાયઃ વેર હોય છે.

અશાંતિનાં કારણો દૂર કર્યા સિવાય શાંતિ આવે નહિ.

અગ્નિમાં હાથ નાખું પણ બળું નહિ એવું બોલનારો મૂર્ખ છે.

બીજાને અગવડમાં મૂકું, દુઃખ આપું, પરંતુ મને કોઈ અગવડમાં મૂકે અથવા દુઃખ આપે તે પસંદ નથી એવું માન-નારો બેવકુફ છે.

એકને લુંટ્યાનો આનંદ, બીજાને ગયાનું દુઃખ.

મારા લગ્નનો આનંદ મારા માતા પિતા અને સર્વે જાદવોને આનંદ. પરંતુ વાડામાં અનેક સંખ્યા પુરાયેલા ખાવા માટેના પશુઓને તો હોળી જ. માટે જ શ્રી નેમનાથસ્વામીએ જાન પાછી વાળી.

શ્રીમંતાઈને ટકાવવા પણ ગરીબને મદદ કરો.

જ્યાં ક્ષણ પહેલાં આનંદ મંગળ મઝાની મહેફિલ ઉડે, ત્યાં બીજી જ ક્ષણે રડારોળ કલ્પાંત કરાતો જોવાય એવા આ સંસારમાં કોણ રહે ? સમજુ તો નહિ જ.

સુખીએ દુઃખીની ઉપેક્ષા કરવી એટલે પોતાના જ ભવિષ્યના સુખની ઉપેક્ષા કરવા બરાબર છે.

હજુ આ પછી અમુક બાકી છે, એમ બાકીની પરંપરા રહેવાની પણ પુરૂં થવાનું નહિ, પરંતુ આયુષ્ય તો પુરૂં થવાનું જ.

એક બાકી તો બધું બાકી, પરંતુ એક પ્રભુ ભક્તિ પુરી તો બધું પુરૂં થવાનું.

પોતાનું અને પોતાનાનું પેટ ભરનારા ઘણા. પરંતુ જાતે ભૂખ્યા રહીને બીજાનું પેટ ભરનારા વિરલા.

એક રૂપિયાના લોભે લાખ રૂપિયા ગુમાવનારો મૂર્ખ ઠરે; તો એક જન્મના સુખ માટે હજારો જન્મ બગાડનારો મૂર્ખ-શિરોમણી છે.

અભક્ષ્ય વસ્તુઓમાં વિટામિન્સ (શક્તિ) મેળવનારા શક્તિ ગુમાવી બેસવાના છે, એમ સમજી એનાથી દૂર રહો.

દાન શીલ તપ રૂપ ધર્મ એ જ જબ્બર વિટામિન્સ છે.

ચંપાનગરીના દરવાજા લાખો સૈન્ય અને ખુદ રાજા તેમ તોપોના અવાજથી ન ઉઘડ્યા. તે એક અબળા સતી સુભદ્રાએ ઉઘાડ્યા. શક્તિ ક્યાંથી આવી તે વિચારો.

તલવાર રક્ષણ માટે હોવા છતાં વાપરતા ન આવડે તો માલીકને જ મારે; તેમ વૈભવ સુખ માટે હોવા છતાં ભોગવતાં ન આવડે તો સત્યાનાશ વાળે.

અશાંતિમાં પડેલા બીજાને શાંતિ આપી શકે નહિ.

ઈષ્ટ વસ્તુ બીજાને આપવી કઠીન છે, એનાથી વધુ–કઠીન ઈષ્ટ પરનો રાગ તજવો તે છે.

અનિષ્ટ વસ્તુ ઉપર દ્વેષ થવો સુલભ છે. પરંતુ એ દ્વેષ ઉપર દ્વેષ થવો કઠણ છે.

ઈષ્ટ પ્રાપ્તિમાં અંતરાય કરનાર પરત્વે દ્વેષ કરી કર્મબંધ ન કરો, પરંતુ ઈષ્ટ વસ્તુ પરનો રાગ છોડો.

પક્ષીઓને ખાવા માટે જાર–દાણા નંખાય, અને પકડવા માટે પણ નંખાય. ક્રિયા સમ હોવા છતાં એકમાં દયા અને બીજામાં હિંસા રહેલી છે.

ભોગસુખમાં પાડનારા કરતાં ભોગસુખથી છોડાવનારા ખરા ઉપકારી દયાળુ છે.

ચોરી આદિ પાપ કરવાથી લાભમાં શંકા પરંતુ દુર્ગતિમાં જવામાં શંકા નથી.

પારકું મારી પાસે રહે નહિ, અને મારૂં કોઈ લઈ શકવા સમર્થ નથી.

માલીક માર ખાય અને બીજા માલ ખાય એવી મૂર્ખાઈ કરો નહિ.

જેમ તેમ કરી મેળવનારો દુર્ગતિમાં માર ખાય છે, અને મેળવેલું તેની મઝા બીજા ઉડાવે છે.

ગુંડા, ચોર, ડાકૂઓથી નાશવંત ધનનું રક્ષણ કરાય છે. પણ કષાયો રૂપી મોટા ગુંડાઓથી આત્મિક સુખનું રક્ષણ કરાતું નથી.

અરિહંતોનું–બાહ્ય, અભ્યંતર ઐશ્વર્ય એટલે સઘળી આશાઓનો અંત ( વિરામ ).

બંધન અને મુક્તિના ઉપાયો( કારણો )ને જણાવે તે જ સમ્યક્‌જ્ઞાન.

અભ્યાસ તેજ કહેવાય કે, અભ્યાસ કરનારો મા–બાપ અને વડીલોને વિનયપૂર્વક સાચવે.

પતિને રીઝવવા શણગાર અને પરને રીઝવવા શણગાર એ બેમાં મોટું અંતર છે.

સંસારીને પરિવાર અલ્પ, સાધુને આખું જગત છતાં મમત્વ નહિ.

સાધુને નહિવત અલ્પ આપીને અનંતગણું મેળવવું.

રાજમહેલ અને જંગલમાં જ્ઞાનીને મન તફાવત નથી. જંગલમાં જમીન, વનસ્પતિ અને પાણી પૃથક પૃથક છે, તેનું જ રૂપાંતર કરીને રાજમહેલમાં રચના કરી છે.

છોકરાંને ઘેર છોકરાં હોય, કોઈ ભાવ પણ પૂછતું ન હોય, વખતે અળખામણો થઇ હડધૂત હોય, છતાં મારૂં મારૂં કરીને માથું ફોડી જીવન બરબાદ બનાવવું એના જેવી મૂર્ખાઇ કરવી નહિ.

વિષય વાસનાઓથી સુખી થવાતું હોત તો તત્ત્વજ્ઞો એનો ત્યાગ કરત નહિ અને ત્યાગનો જોરદાર ઉપદેશ આપત નહિ.

હાથમાંથી, ખિસ્સામાંથી, તીજોરીમાંથી ચાલ્યું જશે પણ તકદીરમાં હશે તે જશે નહિ.

વૈદ્ય ના કહે એ ખાઈએ એ દોષ અને બચાવ કરીએ એ મહાદોષ.

ભગવાન ના કહે તે કરીએ એ પાપ અને એનો બચાવ મહાપાપ.

જ્યાંથી મળવાનું છે ત્યાં જવાતું નથી, અને જ્યાં લુંટાવાનું છે ત્યાં હોંશેહોંશે જવાય છે.

પહેલાં અંગુઠો આપ્યો, પછી અંગુઠો બતાવ્યો. પાપ ઉપર સહી કરી (અંગુઠો આપ્યો કહેવાય). પછી સુખે અંગુઠો બતાવ્યો.

સત્ય શું છે એ શોધવા વિજ્ઞાન આગળ વધી રહ્યું છે એમ કહેવાય છે. પરંતુ શોધકોને હજારો વર્ષે પણ સત્ય હાથ આવવાનું નથી. સત્ય તો ત્રિકાલાબાધિત હોઈ સંતોએ અનંતકાળ પહેલાં શોધ્યું છે જ.

મેલાં હૈયાવાળાની રમત મેલી હોય છે અને એમના નસીબમાં પણ મેલું જ હાથ આવે છે.

આજે નીતિને લકવો થયો છે, અનીતિ ફાલીફુલી તંદુરસ્ત છે.

રાખી રહે નહિ, અને કાઢી જાય નહિ એવી લક્ષ્મી મેળવવા જીવન બરબાદ કરો નહિ.

જમાનાવાદી કહે તે કરવા કરતાં–જિનવાદી કહે તેમ કરો.

દરીઆમાં રહેલી દિવાદાંડી ક્યાં સલામતી અને ક્યાં જોખમ છે એ દર્શાવે છે. તેમ જિનવાણી રૂપી દીવાદાંડી સંસારમાં વિહરતા જીવોને ભૌક્તિક સુખમાં સલામતી નથી, પણ ત્યાગમાં જ સલામતી છે એવું દર્શાવે છે.

સડેલા વિચારો કરો નહિ, સાત્ત્વિક વિચારો કરો.

ધવલ શેઠ, રાવણ, અભયા, ચુલની, કૌરવો, સુકોશલા, સુરીકાંતા, કમઠ, મણિરથ વિગેરેનું સડેલા વિચારોથી પતન થયું.

અવસરોચિત છતી શક્તિએ–અધર્મનો પ્રતિકાર કરે નહિ એ ભવિષ્યમાં મુંગો થવાનો.

શાતા વેદનિયના ઉદયમાં સુંદર વિચારો દ્વારા સુંદર આરાધના થઈ શકે છે, છતાં જીવો એ ટાઇમે જ પ્રમાદમાં પડી જાય છે.

અશાતા વેદનિયના ઉદયકાળમાં આર્ત રૌદ્ર ધ્યાન ન થઇ જાય માટે ખૂબ સાવધ રહેવું.

સજ્જનના મુખમાંથી અમૃત ઝરે, દુર્જનના મુખમાંથી વિષ ટપકે.

જવું છે એ નક્કી હોય તો સુઇ રહે પાલવે નહિ.

ગુન્હો કરે તે જેલમાં જાય. એ ન્યાયે સંસારીનું જીવન ગુન્હાવાળું હોવાથી સંસારરૂપી જેલમાં રહે જ.

ખાન-પાન, માન, ગાન, તાનમાં ભાન ભુલી માનવ જીવનને બરબાદ ન બનાવો

બંગલામાંથી બહાર પડનારને લોક સહેજે સલામો ભરે છે, ખમાખમા કરે છે ત્યારે એ ફુલાય છે. પરંતુ એ જ વ્યક્તિ પાપોદયે ઝુંપડામાં વસી બહાર નીકળે તો કોઈ સામું જોવા પણ તૈયાર હોતું નથી. માટે સલામ એને નહિ પણ બંગલાને છે એ સમજાય તો ગર્વ ન થાય પણ નમ્રતા આવે.

ડોકટરને ત્યાં પેટનો રોગ મોકલે છે. રોગ શાથી ? જીભ પર કાબુ ના રાખ્યો માટે જ ને ?

જીભ ઉપર કાબુ ન રાખવાથી શરીર, પૈસા અને અંતે ધર્મનો પણ નાશ થાય છે.

બેકાબુ બનેલી જીભ પારાવાર નુકશાન કરે છે.

દેશનાને નોળવેલની ઉપમા આપી છે. સાપનું ઝેર નોળીયાને ચડે ત્યારે તે નોળવેલ નામની વનસ્પતિ સુંઘી ઝેર ઉતારે છે, તેમ વિષયોનું વિષ ઉતારનાર દેશના સમજવી.

બે ઇન્દ્રિયાદિ કોમળ જીવો કઠણ લાકડાને પણ કોરી નાખે છે તો શાલિભદ્ર, ધન્યકુમાર, મેઘકુમાર, ધન્ના અણગાર જેવા પૂર્વાવસ્થામાં અત્યંત સુકોમળ હોવા છતાં દીક્ષા લીધા પછી અત્યંત કષ્ટો સહન કરી મોહને હણનારા બન્યા.

ઘંટાવાળી પણ દૂધ વગરની ગાયની કિંમત કાંઇ નથી તેમ શ્રદ્ધા-આચરણ વગરના વક્તાની કિંમત નથી.

જગતમાં જે પાપો છે તેને પરોપકારના નામે ઉત્તેજન ના અપાય.

ઇંદ્ર કહે છે હે પ્રભુ! મારી ઋદ્ધિથી સંતોષ સમાધાન મને નથી, પરંતુ આપશ્રીની ભક્તિ એ જ ઋદ્ધિથી સંતોષ છે.

સામે રહેલો અંગારો પણ દઝાડે છે, તો અંદર રહેલો ક્રોધરૂપી અગ્નિ આત્મગુણોને બાળી સાફ કરે છે.

શત્રુની સહાય લઈ જીવાય નહિ, સુખી થવાય નહિ; કારણ કે એ ફુટી ગયેલા છે.

કંટ્રોલ જીવન ઉપર-વિટામિન્સ-ધર્મમાં અને રેશનિંગ ઉણોદરીમાં રહેલું છે. આજે કંટ્રોલ-વિટામિન્સ-અને રેશનિગની વ્યાખ્યા અધ્યાત્મિક દ્રષ્ટિએ અપનાવાય તો ગરીબીને પક્ષઘાત થાય.

ગુનો કરવાની રીઢાઈ, અને છુપાવવાની ચાલાકી એટલે ઝેર અને પાછો વઘાર.

શક્તિ પાપ ઘટાડવા અને વધારવા પણ ખર્ચાય. પાપ ઘટાડવા ખર્ચાય એ સાચી શક્તિ.

સંસાર એ કારખાનું છે, જીવરાજ શેઠ ચલાવે છે એમાં દુઃખોનું ઉત્પાદન ઘણું-સુખનું ઉત્પાદન અલ્પ તે પણ વિનાશી.

તિજોરી માલથી શોભે, અંતઃકરણ સદ્‌ગુણોથી શોભે.

ગુનામાં આવી જવાય, લહેણદાર આવતો સંભળાય, ગુંડો છરી લઈ ઘરમાં ધસી આવતો હોય તો કદાચ પાછલા બારણેથી ચાલી જશો અથવા ભુગર્ભમાં છુપાઈ જશો. પરંતુ યમ રાજની સ્વારી ત્રાટકશે ત્યારે ગમે ત્યાંથી પકડી નર્કમાં ફેંકશે.

પેટ બહુ પાપ નહિ કરાવે પણ સંગ્રહવૃત્તિ બહુ પાપ કરાવે છે.

પૂજ્યોએ કરેલું અપમાન સારૂં, પણ દુર્જનનો સત્કાર ભૂંડો.

સંસારમાં જો ભય હોય તો તે ફક્ત સુખનો જ સમજવો.

વ્યસન સાત મનાય છે. જુગાર, ચોરી, માંસ, મદિરા, પરસ્ત્રી, શિકાર વિગેરે એનું સર્જન સંસારના સુખમાંથી થયેલું હોઇ સુખ એ આઠમું મહાવ્યસન છે. એના ત્યાગમાં સાતે વ્યસનોનો ક્ષય જ થાય.

ધર્મના દૂતો વ્યક્તિને કહે છે, તું શંકારહિત સમર્પણ ભાવે મને સેવીશ તો તારી બધી કાળજી હું ઉપાડવાનો કોલ આપું છું.

મોહના દૂતો વ્યક્તિને થોડા સુખની લાંચ આપી મદદ કરાવી દુર્ગતિમાં લઈ જાય છે.

ગમે તેવા માણસને જોઇને મારી બુદ્ધિથી એ કેવો છે એનું માપ હું કરી લઉં છું. આવું ગર્વથી ફાંકો રાખી બોલનાર પોતે કેવો છે એનું માપ કરી શકતો નથી એ નવાઈ છે.

ગમતું મળે–વધે એની ખુમારી અને ગયા પછી કંગાલ દશા; લાચારી, દિનતા. ક્યાં ગઈ ખુમારી !

બીજાની પકડમાંથી છુટવું છે, પણ પકડમાં લીધેલાને છોડવા નથી.

મોઢામાં રહેલી જીભડી સખણી રહેતી નથી, બોલે એ અને માર ખાય ગાલ.

શરીરનું અંતિમ સ્ટેશન સ્મશાન, પણ જીવનું ક્યાં? વિચારો.

શેર સોનાના દાગીના પહેરનારને બીજે દિવસે પાણી ભરવા અને વાસણ માંજવા બીજાને ઘેર જવું પડે.

બેંકમાં કે સેફમાં મૂકેલું પાછું મળવામાં શંકા, પરંતુ સાતે ક્ષેત્રમાં આપેલું ઘણું મળે એમાં શંકા નથી જ.

પ્રભુપ્રણિત સિદ્ધાંતો સુપ્રિમ કોર્ટના ચુકાદા કરતાં પણ અફર હોય છે.

જગ પલટાય, જિનવાણી ના પલટાય.

રેશમી તળાઈ અને ફૂલની શય્યા ખુંચતી, એવા કોમળોએ પણ અગ્નિ ધખતી શીલા ઉપર સંથારો કર્યો.

જીવતાના સગા ઘણા, મડદાના લાકડાં.

અંધારી રાત્રે ભૂલો પડેલો દિવસે માર્ગે આવી શકે, પરંતુ દિવસે ભૂલો પડેલો ટીચાય.

રમનારના રામ રમી જવાના, રમાડનારા ઠામ પડી જવાના.

કહ્યા વગર આવેલો કહ્યા વગર જાય તેમાં શોક કેમ?

હોવા છતાં નથી બોલનારો પોતાનું નથી માટેનું ભવિષ્ય નક્કી કરે છે.



સાધના મુદ્રણાલય, ભાવનગર